# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




**પેજ-08**

'પંજાબ કિંગ્સ'ની જીત પર પ્રીતિ ઝિન્ટા ગદગદ....



**પેજ-09**

વૈભવ સૂર્યવંશી IPL સદી ફટકારીને છવાયો....

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 43.00 | 27.00 |
| વડોદરા | 43.00 | 27.00 |
| સુરત | 38.00 | 27.00 |

પેજ 5



દેશની એન્જિનિયરિંગ નિકાસમાં નોંધપાત્ર ઘટાડો....

**27** APRIL-2026 MONDAY

ઈઝરાયેલના વડાપ્રધાન પ્રોસ્ટેટ કેન્સર સામે લડી રહ્યા હોવાનો.....



પેજ 10

**.....સુવિચાર.....**

પ્રગતિનો એક જ રસ્તો છે, ક્યારેય પાછળ વળીને ન જોવું.


વર્ષ-15 । અંક-165 । વિક્રમ સંવત-2082 । વૈશાખ સુદ-11 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### સરેરાશ 57 ટકા વોટિંગ, 28 એપ્રિલે પરિણામ, સેમિફાઈનલ સમાન સ્થાનિક સ્વરાજની ચૂંટણીનું સામાન્ય છમકલાં બાદ કરતા મતદાન શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થયું

# રાજ્યમાં શાંતિપૂર્ણ માહોલમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું મતદાન પૂર્ણ

**(એજન્સી) અમદાવાદ | તા.26**

ગુજરાતમાં આગામી વિધાનસભા ચૂંટણી અગાઉ સેમિફાઈનલ સમાન સ્થાનિક સ્વરાજની ચૂંટણીનું આજે(26 એપ્રિલ) સામાન્ય છમકલાં બાદ કરતા મતદાન શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થયું છે, જેમાં રાજ્યભરના મતદારોએ મધ્યમ પ્રતિસાદ આપ્યો છે. સવારે 9 વાગ્યા સુધી મતદાનની ગતિ ધીમી રહી હતી, પરંતુ સાંજ પડતા સુધીમાં સરેરાશ 57.08% જેટલું મતદાન નોંધાયું છે. ગરમીના પ્રકોપને કારણે બપોરે 12 થી 4 વાગ્યા દરમિયાન મતદાન મથકો પર પાંખી હાજરી જોવા મળી હતી, પરંતુ ત્યારબાદ અંતિમ કલાકોમાં મતદારોનો ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.




**■ સરેરાશ 57.08% જેટલું મતદાન નોંધાયું :** આ ચૂંટણીમાં 15 હાનગરપાલિકાઓમાં 49% અને નગરપાલિકાઓમાં 59% મતદાન થયું છે, જ્યારે જિલ્લા અને તાલુકા પંચાયતોમાં ગ્રામીણ મતદારોના જોરને કારણે સૌથી વધુ 61% જેટલું મતદાન નોંધાયું છે. જોકે, રાત્રે 8 વાગ્યા સુધીમાં ફાઈનલ ટકાવારી જાહેર થવાની શક્યતા છે. મતદાન પ્રક્રિયા પૂર્ણ થતાં જ તમામ મતદાન મથકો પર ઈવીએમ મશીનોને નિયમ મુજબ સીલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ચૂંટણી આયોગના નિર્દેશો અનુસાર મતદાન પૂર્ણ થયા બાદ પ્રિસાઈડિંગ ઓફિસર અને સ્ટાફ દ્વારા ઈવીએમ મશીનોને સીલ કરી જરૂરી દસ્તાવેજી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી.

## કડક બંદોબસ્ત વચ્ચે શાંતિપૂર્ણ માહોલમાં થયું મતદાન

આ સમગ્ર કામગીરી પોલીસ તથા અન્ય સુરક્ષા દળોની કડક હાજરી અને દેખરેખ હેઠળ પાર પાડવામાં આવી હતી. ત્યારબાદ સીલ કરાયેલા ઈવીએમ મશીનોને નિર્ધારિત સ્ટ્રોંગ રૂમ તથા કલેક્શન સેન્ટરો ખાતે સુરક્ષિત રીતે પહોંચાડવા માટે વ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું હતું. દરેક મતદાન મથક પરથી મશીનોને સુનિશ્ચિત માર્ગદર્શિકા મુજબ જ સેન્ટરો સુધી પહોંચાડવામાં આવ્યા હતા. ચૂંટણી દરમિયાન જિલ્લાભરમાં કડક બંદોબસ્ત વચ્ચે શાંતિપૂર્ણ માહોલ રહ્યો હતો અને કોઈ અનિચ્છનીય બનાવ સામે આવ્યો નહોતો. મતદાનથી લઈને ઈવીએમ સીલિંગ અને પરિવહનની સમગ્ર પ્રક્રિયા સુચારુ અને સફળ રીતે પૂર્ણ થઈ હતી.

## 25 હજારથી વધુ ઉમેદવારોનું રાજકીય ભાવિ ઈવીએમમાં કેદ


રાજ્યની અંદાજે 10 હજાર બેઠકો માટે મેદાનમાં ઉતરેલા 25 હજારથી વધુ ઉમેદવારોનું રાજકીય ભાવિ હવે ઈવીએમ (EVM) મશીનોમાં કેદ થઈ ગયું છે. વહીવટી તંત્ર દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે સમગ્ર પ્રક્રિયા કોઈ પણ અનિચ્છનીય બનાવ વગર પાર પાડવામાં આવી છે. હવે સૌની નજર 28 એપ્રિલ પર ટકેલી છે, જ્યારે મતગણતરી હાથ ધરવામાં આવશે અને ઉમેદવારોના ભાગ્યનો ફેંસલો જાહેર થશે. સ્થાનિક પ્રશ્નો અને વિકાસના મુદ્દાઓ પર થયેલા આ જંગમાં જનતાએ કોના પર મહોર મારી છે, તે જોવું રસપ્રદ રહેશે.

# અમદાવાદમાં આવતીકાલે ગરમીનું ઓરેન્જ એલર્ટ

### હવામાન વિભાગ દ્વારા 45 ડિગ્રી સુધી તાપમાન પહોંચવાની આગાહી

**(એજન્સી) અમદાવાદ | તા.26**

ગુજરાતમાં આગઝરતી ગરમી વચ્ચે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું મતદાન યોજાઈ રહ્યું છે. આજે વહેલી સવારે શરૂ થયેલા મતદાનમાં રોનક જોવા મળી હતી. ત્યાર બાદ ગરમીમાં વધારો થતાં મતદારોને શોધવા જવું પડે તેવી સ્થિતિ સર્જાઈ હતી. ગુજરાતમાં આગઝરતી ગરમી વચ્ચે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું મતદાન યોજાઈ રહ્યું છે. આજે વહેલી સવારે શરૂ થયેલા મતદાનમાં રોનક જોવા મળી હતી. ત્યાર બાદ ગરમીમાં વધારો થતાં મતદારોને શોધવા જવું પડે તેવી સ્થિતિ સર્જાઈ હતી. રાજકોટમાં મનપાએ ગરમીનું યલો એલર્ટ આપ્યું છે. બીજી તરફ રાજ્યમાં કેટલીક જગ્યાએ ખરી ગરમીમાં પણ મતદારો મત આપવા માટે લાઈનમાં ઉભા રહ્યાં છે. મતદારો માટે માંડવાની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા આવતીકાલે અમદાવાદમાં ગરમીનું ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે.



હવામાન વિભાગ દ્વારા અમદાવાદમાં આવતીકાલે ગરમીનું ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. આજે અમદાવાદમાં 43.8 ડિગ્રી તાપમાન નોંધાયુ છે.આગામી 48 કલાક હિટવેવની અગાહી કરવામાં આવી છે. આજે કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર, રાજકોટ, પોરબંદર, પાટણ અને સુરતમાં હિટવેવની અગાહી કરવામાં આવી છે. આવતીકાલે કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર, રાજકોટ, પોરબંદર, પાટણ, બોટાદ અને અમદાવાદ હિટવેવની અગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગે આવતીકાલે 41થી 45 ડીગ્રી તાપમાન પહોંચવાનું અનુમાન કર્યું છે.

# માલીમાં મોટો આતંકી હુમલો, સંરક્ષણ પ્રધાન સાદિયો કામારાનું થયું મોત

**(એજન્સી) માલી । તા. 26**

માલી દેશમાં એક અત્યંત ગંભીર અને મોટા આતંકી હુમલામાં દેશના રક્ષા મંત્રી સાદિયો કામારાનું મોત થયું હોવાનું સામે આવ્યું છે. અલ-કાયદા સાથે જોડાયેલા આતંકી સંગઠન અને તુઆરેગ બળવાખોરોએ મળીને દેશના અનેક વિસ્તારોમાં એકસાથે હુમલા કર્યા. આ હુમલાઓને છેલ્લા ઘણા વર્ષોમાં સૌથી મોટા અને સુવ્યવસ્થિત હુમલા તરીકે ગણવામાં આવી રહ્યા છે. મળતી માહિતી મુજબ હુમલાઓ રાજધાની બામાકો સહિત સોનાની ખાણવાળા વિસ્તારો અને અનેક સૈન્ય ઠેકાણાઓ પર એકસાથે કરવામાં આવ્યા હતા. આતંકીઓએ બામાકો બહાર સ્થિત કાટી મિલિટ્રી બેઝને નિશાન બનાવ્યો હતો, જ્યાં રક્ષા મંત્રી સાદિયો કામારા રહેતા હતા. તેમના ઘર પર થયેલા હુમલામાં તેમનું મોત થયું હોવાનું જણાવાયું છે. આ હુમલા બાદ રવિવારે પણ પરિસ્થિતિ તણાવપૂર્ણ રહી હતી. રાજધાની નજીક એક સૈન્ય છાવણીમાં ગોળીબારની ઘટનાઓ નોંધાઈ હતી, દેશમાં સુરક્ષા સ્થિતિ અત્યંત ગંભીર બની ગઈ છે.


**વર્લ્ડ બેંકની ચેતવણી**

## 2050 સુધીમાં શહેરોમાં ગરમીની ચપેટમાં આવતા ગરીબોની સંખ્યા 700% વધશે

**(એજન્સી) નવી દિલ્હી । તા. 26**

આજે દુનિયાના શહેરોમાં ગરમી એક સાઈલેન્ટ કિલરની જેમ ફેલાઈ રહી છે. ખાસ કરીને ગ્લોબલ સાઉથ એટલે કે ગરીબ દેશોના શહેરોમાં આ સમસ્યા ખૂબ જ ભયંકર બની ગઈ છે. ઝડપથી વધતા શહેરો, ઓછા સંસાધનો અને ગ્લોબલ વોર્મિંગને કારણે ગરમી હવે રોજબરોજની જિંદગીને સીધી અસર કરી રહી છે, લોકો કામ કરી શકતા નથી. બાળકો શાળાએ જઈ શકતા નથી. બીમાર લોકો હોસ્પિટલ પહોંચી શકતા નથી. ગરમીથી વીજળીની માંગ એટલી વધી જાય છે કે સમગ્ર સિસ્ટમ પર બોજ પડે છે. પ્રદૂષણ પણ વધે છે. શહેરોમાં 'અર્બન હીટ આઈલેન્ડ ઈફેક્ટ'ને કારણે તાપમાન 10 ડિગ્રી સેલ્સિયસ જેટલું વધારે રહે છે. આ ગરમી હવે માત્ર ગરમી નથી, પરંતુ મૃત્યુ, બેરોજગારી અને ભૂખમરાનું કારણ બની રહી છે. વિશ્વ બેંકના નવા રિપોર્ટમાં ડરામણા આંકડા સામે આવ્યા છે. 2050 સુધીમાં શહેરોમાં રહેતા ગરીબ લોકોની સંખ્યા, જે ખતરનાક ગરમીનો સામનો કરી રહી હશે, તેમાં 700 ટકાનો વધારો થશે. જેનો અર્થ એ છે કે આજે જેટલા ગરીબો ગરમીથી પ્રભાવિત છે, તેના કરતા સાત ગણા વધુ લોકો 2050માં આ આગ ઓકતી ગરમીમાં શેકાશે. સૌથી વધુ જોખમ પશ્ચિમ આફ્રિકા અને દક્ષિણ-પૂર્વ એશિયાના શહેરો પર છે. અહીં ગરીબ પરિવારો, બહાર કામ કરતા મજૂરો, વૃદ્ધો અને બાળકો સૌથી પહેલા શિકાર બનશે. જો અત્યારે કોઈ પગલાં નહીં લેવામાં આવે તો હીટવેવ વધુ ઝડપથી અને લાંબી બનશે. લોકો મૃત્યુ પામશે, પરિવારો વિખેરાઈ જશે અને આખું શહેર ઠપ્પ થઈ જશે.

# ડોનાલ્ડ ટ્રમ્પે ત્રીજી વખત મોતને હાથતાળી આપી



**(એજન્સી) અમેરિકા | તા.26**

અમેરિકાના વોશિંગ્ટનમાં આયોજિત હાઈ-પ્રોફાઈલ 'કોરસપોન્ડન્ટ ડિનર'માં અંધાધૂંધ ગોળીબાર થતા રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની સુરક્ષા પર ગંભીર સવાલો ઉઠ્યા છે. આ ઘટનાએ વિશ્વને હચમચાવી દીધું છે. આ ભવ્ય આયોજનમાં અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ, ફર્સ્ટ લેડી મેલાનિયા ટ્રમ્પ, ઉપરાષ્ટ્રપ્રમુખ જેડી વેન્સ, સંરક્ષણ સચિવ પીટ હેગસેથ અને વિદેશ સચિવ માર્કો રુબિયો ઉપરાંત અન્ય ઘણા નેતાઓ અને મહેમાનો હાજર હતા. સદનસીબે તમામ મહેમાનો સુરક્ષિત છે. જોકે, ટ્રમ્પ પર હુમલો થયો હોય તેવી આ કોઈ પહેલી ઘટના નથી. આ ત્રીજી વખત છે જ્યારે ટ્રમ્પને નિશાન બનાવવામાં આવ્યા હોય. માર્ચ 2016-લાસ વેગાસ : રાષ્ટ્રપતિની ચૂંટણીના પ્રચાર દરમિયાન એક રેલીમાં સુરક્ષામાં મોટી ચૂક થવાને કારણે એક વ્યક્તિએ સ્ટેજ પાસે પહોંચીને ટ્રમ્પ તરફથી પોલીસ અધિકારીનું હથિયાર છીનવવાનો પ્રયાસ કર્યો હતો. સુરક્ષા અધિકારીઓએ તરત જ તેની ધરપકડ કરી લીધી હતી. પૂછપરછમાં તેણે ટ્રમ્પને નુકસાન પહોંચાડવાનો ઈરાદો હોવાની કબૂલાત કરી હતી. જુલાઈ 2024માં ટ્રમ્પ પર તેમના ચૂંટણી કરિયરનો સૌથી ખતરનાક હુમલો થયો હતો.

વધુ પેજ - 10 પર


Nippon India Mutual Fund

Mutual Fund Investor Awareness Program

To increase awareness about Mutual Funds, we conduct Investor Awareness Programmes (IAPs) across the country. The schedule of upcoming IAPs is as mentioned below

| Date | Time | Location |
|---|---|---|
| 28 April, 2026 | 6:30 PM | Ahmedabad |

Venue : Hotel Platinum Residency, Shivalik 1,Nr Tapan Hospital, Prahladnagar, Ahmedabad 380015

Name : Mitresh Joshi | Mobile : 8976892945

Nippon Life India Asset Management Limited | CIN : L65910MH1995PLC220793

Mutual Fund investments are subject to market risks, read all scheme related documents carefully.





## સ્થાનિક સ્વરાજની ચૂંટણી ટાણે યુવરાજસિંહ જાડેજાએ દારૂનો મોટો પર્દાફાશ કર્યો



અમદાવાદ : આમ આદમી પાર્ટીના યુવા નેતા યુવરાજસિંહ જાડેજાએ સ્થાનિક સ્વરાજ ચૂંટણી સમયે જ દારૂનો મોટો પર્દાફાશ કર્યો હતો. મોડી રાત્રે મોટી માત્રામાં દારૂ મળી આવતા યુવરાજસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે મોટા ચીલોડાથી નાના ચીલોડા તરફ જવાના રસ્તામાં અને ખાસ કરીને ગુજરાતની પાટનગર ગાંધીનગર પાસે, સામે ગિફ્ટ સિટી નજીક ગાડીએ પલટી ખાતા દારૂની રેલમછેલ થઈ હતી. અહીં મળેલી બધી જ દારૂની બોટલો વિદેશી દારૂની હતી. બહારના રાજ્યમાંથી ગુજરાતમાં આવતો દારૂ બોર્ડર ઉપર ચેક થવો જોઈએ, ખાસ કરીને આચાર સંહિતા અને ચૂંટણીના સમયમાં તમામ બોર્ડરો પર કડક ચેકિંગ થવું જોઈએ, છતાં આટલો મોટો જથ્થો અહીં સુધી કેવી રીતે પહોંચ્યો તે મોટો સવાલ છે. યુવરાજસિંહ જાડેજાએ વધુમાં જણાવ્યું હતું કે ગાડીનો ડ્રાઈવર ફરાર થઈ ગયો હોવાની વાત કહેવામાં આવી રહી છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે આ દારૂ અહીં સુધી પહોંચ્યો છે એટલે કોઈની છત્રછાયા જરૂર હશે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીનું મતદાન છે ત્યારે આ દારૂનો ઉપયોગ મત મેળવવા માટે થવાનો હોય એવું સ્પષ્ટપણે લાગી રહ્યું છે અને આ બધું સત્તાપક્ષની રહેમનજર હેઠળ ચાલી શકે એવી શંકા છે. તેમણે કહ્યું કે જો કોઈ વિપક્ષનો વ્યક્તિ આવું કરે તો તરત જ કાર્યવાહી થઈ જાય, પરંતુ અત્યારે આખા ગુજરાતમાં બેફામ રીતે બ્લેક કાચવાળી ગાડીઓ ફરે છે અને પોલીસ કોઈ કાર્યવાહી કરતી નથી.

## ચૈતર વસાવાના હસ્તક્ષેપથી ફુલસર-દૂથર રોડ વિવાદનો આવ્યો ઉકેલ



અમદાવાદ : સ્થાનિક સ્વરાજની ચૂંટણીના દિવસે નર્મદા જિલ્લાના ડેડિયાપાડા તાલુકાના દૂથર ગામના ગ્રામજનોએ ફુલસરથી દૂથર ગામે જતાં ડામર રોડની માંગ સાથે ચૂંટણીનો બહિષ્કાર કર્યો હતો. ગ્રામજનોની મુખ્ય માંગ હતી કે ફુલસરથી દૂથર સુધીનો રોડ રીસરફેસિંગ અને કન્સ્ટ્રક્શન હેઠળ મંજૂર થયેલો હોવા છતાં તેનું કામ અટકાવી દેવામાં આવ્યું છે. અગાઉ ઈજારદાર દ્વારા રસ્તા પર ફેસિંગ વર્ક સહિત પ્રાથમિક કામગીરી શરૂ કરવામાં આવી હતી, પરંતુ ગુજરાત વન વિભાગ દ્વારા આ વિસ્તાર શૂલપાણેશ્વર વન્યજીવન અભ્યારણ્ય હેઠળ આવતો હોવાથી વન્ય પ્રાણી સુરક્ષા અધિનિયમ-1992 મુજબ વાઈલ્ડલાઈફ ક્લિયરન્સ ફરજિયાત ગણાવી કામ બંધ કરાવવામાં આવ્યું હતું.ચૂંટણી બહિષ્કારની જાણ થતા AAPના ધારાસભ્ય ચૈતર વસાવા તાત્કાલિક ગામે પહોંચ્યા હતા અને ગ્રામજનો સાથે ચર્ચા કરી હતી. તેમની હાજરીમાં માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર, ફુલસરના રેન્જ ફોરેસ્ટ ઓફિસર તથા અન્ય જવાબદાર અધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી. અધિકારીઓએ ગ્રામજનોને લેખિતમાં બાંહેધરી આપી હતી કે રોડ રીસરફેસિંગ માટે જરૂરી વાઈલ્ડલાઈફ ક્લિયરન્સ મેળવવા માટે જોઈન્ટ સર્વે પૂર્ણ થઈ ગયો છે અને હાલ દસ્તાવેજી પ્રક્રિયા તાલુકા અને જિલ્લા કક્ષાએ મંજૂરી હેઠળ છે. આવનાર એક મહિનામાં તમામ મંજૂરી મેળવી ડામર રોડની કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

## લોકશાહીના પર્વના દિવસે મતદાન



### કોંગ્રેસના કાર્યકરે ભાજપના કાર્યકરને ફડાકો માર્યો...

## વી.વિ.તોમરસ્કૂલમાંગરમા-ગરમી,અમદાવાદ મનપાની 48 વોર્ડની 190 બેઠક પર મતદાન...

અમદાવાદ | અમદાવાદ મહાનગરપાલિકાના 48 વોર્ડની 192માંથી 2 બેઠકો બિનહરીફ થતાં હવે બાકીની 190 બેઠકો પર આજે 26 એપ્રિલે મતદાન થઈ રહ્યું છે. શહેરમાં 38 લાખથી વધુ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.

શહેરમાં રાજકીય ગરમીની સાથે-સાથે કુદરતી ગરમી પણ વધવાની આગાહી છે. આજે ગરમીનો પારો 44C પહોંચવાની શક્યતા છે. હાલમાં મતદાન મથકો ખાલી જોવા મળી રહ્યાં છે. લોકો ગરમીને કારણે બહાર નીકળવાનું ટાળી રહ્યાં છે.

અમદાવાદ શહેરમાં સરેરાશ 17.12 ટકા જેટલું મતદાન થયું છે. બપોરનો સમય થઈ ગયો હોવાના કારણે હવે ખૂબ જ ધીમું મતદાન થઈ રહ્યું છે. બપોરે 12:30 વાગ્યા સુધીમાં સૌથી વધારે મતદાન અમદાવાદના ઓઢવ વોર્ડમાં 20.39 ટકા અને સૌથી ઓછું મતદાન સરદારનગર વોર્ડમાં 13.23 ટકા જેટલું નોંધાયું છે. લઘુમતી વિસ્તારમ ગણાતાં એવા જમાલપુર વોર્ડમાં પણ 13 ટકા જેટલું જ મતદાન થયું છે. આ વિસ્તારમાં ખૂબ ધીમું મતદાન ચાલી રહ્યું છે, જ્યારે શાહપુરમાં 18 અને દરિયાપુરમાં 17 ટકા મતદાન થયું છે. ખાડિયામાં પણ 17 ટકા જેટલું મતદાન થયું છે, જેથી બપોરે 1 વાગ્યા સુધીમાં મતદાનનો આંકડો ખૂબ ધીમો જોવા મળી રહ્યો છે.

અમદાવાદના કુબેરનગર વિસ્તારમાં આવેલી વી. વી. તોમર સ્કૂલમાં ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે મારામારીની ઘટના બની છે. કોંગ્રેસના ઉમેદવાર નીકુલસિંહ તોમરે ઉમરે આક્ષેપ કર્યો છે કે વી. વી. તોમર સ્કૂલમાં મતદાન ચાલી રહ્યું હતું, ત્યારે ભાજપના ઉમેદવાર ગિરીવરસિંહ શેખાવત અને કલાબેનનો પુત્ર તેમજ અન્ય કેટલાક લોકો સ્કૂલમાં પહોંચી અને બોગસ વોટિંગ કરાવતા હતા, તેના કારણે થઈને હું ત્યાં પહોંચ્યો ત્યારે મારી સાથે બોલાચાલી કરી હતી. ભાજપ અને કોંગ્રેસના કાર્યકર્તાઓ આમને સામને આવી ગયા હતા. કોંગ્રેસના અને ભાજપના કાર્યકરો વચ્ચે મારામારી થઈ હતી. પોલીસ દ્વારા તેઓને છોડાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો, પરંતુ મારા મારી થઈ ગઈ હતી. ત્યારબાદ પોલીસને જાણ કરવામાં આવતા મેઘાણીનગર પોલીસ ઘટનાસ્થળ ઉપર પહોંચી હતી અને પોલીસ દ્વારા કોંગ્રેસના ઉમેદવાર નિકુલસિંહ તોમરને સ્થળ પરથી દૂર કરવામાં આવ્યા હતા. અસહ્ય ગરમી વચ્ચે રોનકભાઈ પોતાના 5 વર્ષના બાળકને લઈને મતદાન મથક પર આવ્યા હતા. મતદાર રોનકભાઈએ જણાવ્યું હતું કે, આજે અમદાવાદનું ડેવલોપમેન્ટ સારું થાય તે આશા સાથે મત આપ્યો છે. જોકે અમારા વોર્ડમાં ઘણો સારો વિકાસ થયો જ છે, પરંતુ હજુ પણ રોડ અને ગટરની વ્યવસ્થા વધુ સારી થાય તેવી ઉમેદવારો પાસે અપેક્ષા રાખીએ છીએ. બાળકને પણ સાથે લઈને મત આપ્યો હતો, કારણ કે તે પણ મતાધિકાર વિશે સમજે અને બાળક પણ તે સમજે જેથી તેને સાથે લઈને આવ્યા છીએ.

### રાજુલા એસ ટી ડેપો દ્વારા માનવીય કામગીરી

### ધોમધખતા તાપમાન ગરમીમાં રાહત મળે તેવા પ્રયાસો મુસાફર જનતા ને ઠંડી છાશ નું વિતરણ કરવામાં આવ્યું



કિશોર આર. સોલંકી જાફરાબાદ

રાજુલા એસટી ડેપોમાં આજે પ્રવાસી મુસાફરોને ઠંડી છાશનું વિતરણ કરવામાં આવ્યું રાજુલા એસ.ટી. ડેપો ખાતે મુસાફર જનતાની સેવા માટે એક સુંદર પહેલ કરવામાં આવી હતી. ગરમીના માહોલમાં મુસાફરોને રાહત મળે તે માટે ઠંડી છાશનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવા કાર્યમાં રાજુલા ડેપો મેનેજર તથા તમામ કર્મચારીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા અને મુસાફરોને સ્વચ્છ અને ઠંડી છાશ પીવડાવવામાં આવી હતી. આ છાશની વ્યવસ્થા ભરતભાઈ જે. વરૂ (વોચમેન)રાજુલા દ્વારા કરવામાં આવી હતી, જેમણે સેવા ભાવના સાથે મુસાફરોને તાજગીભર્યું પીણું આપીને માનવતા નું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.આવી સેવાકીય પ્રવૃત્તિઓ સમાજમાં સકારાત્મક સંદેશ આપે છે અને મુસાફરો માટે પણ એક યાદગાર અનુભવ બની રહે છે. સમગ્ર સ્ટાફ દ્વારા ડેપોમાં આવતી બસોમાં પણ મુસાફરોને બસની અંદર જઈને અને છાશનું વિતરણ કરવામાં આવ્યું હતું ધખધખતા તાપમાન ગરમીમાં મુસાફરો ને રાહત મળેલ.

## News Brief

### લોકશાહીના પર્વે મુખ્યમંત્રીનો મતાધિકારનો ઉપયોગ, મતદારોને ફરજ નિભાવવા આહ્વાન




ગાંધીનગર સંવાદદાતા
વિજયવીર યાદવ

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓ અંતર્ગત રવિવાર, તા. ૨૬ એપ્રિલે યોજાયેલા મતદાન દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના શીલજ સ્થિત પ્રાથમિક શાળાના મતદાન મથકેથી પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. મુખ્યમંત્રી પોતાના પરિવારજનો સાથે મતદાન મથકે પહોંચ્યા હતા અને ઉત્સાહપૂર્વક મતદાન પ્રક્રિયામાં ભાગ લીધો હતો. આ પ્રસંગે તેમણે રાજ્યના તમામ મતદારોને લોકશાહીના આ પવિત્ર પર્વમાં સક્રિય ભાગ લઈને મતદાન કરવાની ફરજ નિભાવવા અનુરોધ કર્યો હતો.

### ડિજીટલ એરેસ્ટના નામે ₹૩૫ લાખની સાયબર ઠગાઈ, ગાંધીનગર સાયબર ક્રાઈમે સાગરિત ઝડપ્યો

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગાંધીનગર જિલ્લામાં સિનિયર સિટીઝનને "ડિજીટલ એરેસ્ટ"ના નામે ભયમાં મૂકી ૩૫.૨૫ લાખની સાયબર ઠગાઈ આચરનાર ટોળકી સામે સાયબર ક્રાઈમ પોલીસે મહત્વપૂર્ણ કાર્યવાહી કરી એક સાગરિતની ધરપકડ કરી છે. મળતી માહિતી મુજબ ઠગોએ પોતાને TRAIના કર્મચારી તેમજ મહારાષ્ટ્ર સાયબર ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ તરીકે ઓળખાવી ફરીયાદીને મની લોન્ડરિંગ કેસમાં નામ હોવાની ખોટી દહેશત પેદા કરી હતી. "સુપ્રીમ કોર્ટના ઓર્ડર"ના નામે ખોટા દસ્તાવેજો



મોકલી ફરીયાદીને માનસિક દબાણમાં રાખી તેમના જ ઘરે ડિજીટલ એરેસ્ટમાં રાખી દીધા હતા. આ રીતે ઠગોએ ફરીયાદીના વિવિધ બેંક ખાતાઓમાંથી કુલ ૩૫,૨૫,૦૦૦ની રકમ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લીધી હતી. તપાસ દરમિયાન પૈસા જમા થયેલ બેંક ખાતાની માહિતીના આધારે અમદાવાદના નરોડા વિસ્તારમાં રહેતા અજયગીરી નટવરગીરી ગોસાઈ (ઉ.વ. ૪૪)ને ઝડપવામાં આવ્યો છે. પોલીસ તપાસમાં ખુલ્યું છે કે આરોપીએ આર્થિક લાભ માટે પોતાનું બેંક ખાતું, રજીસ્ટર્ડ મોબાઈલ સિમ તથા ઓનલાઈન બેંકિંગની વિગતો અન્ય સાગરિતોને આપી સાયબર ફ્રોડના નાણાંકીય વ્યવહારોમાં સહયોગ આપ્યો હતો. વધુમાં, આ ખાતા સામે ગુજરાત સહિત અન્ય રાજ્યોમાં પણ અનેક સાયબર ઠગાઈની ફરિયાદો નોંધાયેલ હોવાનું સામે આવ્યું છે. સાયબર ક્રાઈમ પોલીસે આરોપીની ધરપકડ કરી આગળની તપાસ શરૂ કરી છે અને નાગરિકોને અજાણ્યા કોલ અથવા મેસેજથી મળતી ધમકીઓ સામે સાવચેત રહેવા અપીલ કરી છે.

### ખોખરા વિસ્તારમાં અચાનક બૂથ બદલાતા મતદારોમાં ગૂંચવણ, ફરિયાદ નોંધાઈ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ : અમદાવાદ મહાનગરપાલિકાની ચૂંટણી દરમિયાન વોર્ડ નં. ૪૪ ખોખરા-મહેમદાવાદ વિસ્તારમાં બૂથ નં. ૩૯ અને ૪૦ અચાનક બદલાતા મતદારોમાં ગૂંચવણ સર્જાઈ હોવાની ફરિયાદ સામે આવી છે. અગાઉ સબ ઝોનલ કચેરી ખાતે નિર્ધારિત મતદાન મથકોને કોઈ પૂર્વ સૂચના વિના કામદાર રાજ્ય વીમા યોજના ખાતે ખસેડવામાં આવ્યા હોવાના આક્ષેપ કરવામાં આવ્યા છે. ફરિયાદ મુજબ, બૂથ બદલાવ અંગે મતદારો તેમજ ઉમેદવારોને અગાઉથી જાણ કરવામાં આવી ન હોવાથી ઘણા મતદારો મતદાન કર્યા વગર પરત ફરવા મજબૂર બન્યા હતા. જેના કારણે મતદાન પ્રક્રિયામાં અવરોધ ઊભો થયો હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આ મામલે રાજ્ય ચૂંટણી આયોગને લેખિત રજૂઆત કરીને જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. સાથે જ મતદાન સમય વધારવા અને અસરગ્રસ્ત મતદારોને તાત્કાલિક જાણ કરવા પણ રજૂઆતમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

### આણંદમાં કોંગ્રેસ ઉમેદવાર પર હુમલો

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ : કરમસદ-આણંદ મહાનગરપાલિકાના વોર્ડ નં. ૧૩ના કોંગ્રેસ પક્ષના ઉમેદવાર હર્ષિલભાઈ દવે પર થયેલા હુમલાના બનાવે રાજકીય માહોલ ગરમાવ્યો છે. યુવા અને શિક્ષિત નેતા તરીકે ઓળખાતા હર્ષિલભાઈ દવે પર ભાજપના ઉમેદવાર તથા તેમના સાગરીતો દ્વારા હુમલો કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે, જેને લોકશાહી પરનો સીધો હુમલો ગણાવવામાં આવી રહ્યો છે. આ ઘટનાને પગલે સ્થાનિક સ્તરે રાજકીય તણાવ વધ્યો છે. કોંગ્રેસ તરફથી આરોપ મૂકાયો છે કે આવા બનાવો ગુંડારાજ અને અસામાજિક તત્વોને પ્રોત્સાહન આપતા હોવાના સંકેત આપે છે. સાથે જ મતદારોને અપીલ કરવામાં આવી છે કે લોકશાહી પ્રત્યેની આસ્થાને મજબૂત રાખીને ચૂંટણીમાં સક્રિય ભાગ લે અને મતદાન દ્વારા યોગ્ય જવાબ આપે.

## મહીસાગર જિલ્લાના કોઠંબા તાલુકાના ખાતું પગી ના મુવાડા ગામે મતદાન નો બહિષ્કાર કરીને ગ્રામજનોએ નોંધાવ્યો વિરોધ...

જગદીશ ત્રિવેદી | મહીસાગર

ગ્રામજનો નો આક્ષેપ છે કે તેમને કોઠંબા થી અલગ કરીને સાત કિલોમીટર દૂર આવેલ ગૌચર વિસ્તારમાં જોડવામાં આવ્યા છે જેને લઈને વિરોધ નોંધાયો છે. મહીસાગર જિલ્લામાં લોકશાહી પર્વ વચ્ચે ભારે વિરોધ નો માહોલ જોવા મળ્યો છે મહીસાગર જિલ્લાના ખાતું પગીના મુવાડા ગામે ગ્રામજનોએ મતદાનનો બહિષ્કાર કરીને સીમાંકન બાબતે ભારે વિરોધ નોંધાવેલ છે. ખાતુ પગીના મુવાડા ગામે ગ્રામજનોએ પોતાની



માગણી નું કોઈ સંતોષકારક નિરાકરણ ન આવતા ગ્રામજનોએ મતદાનનો બહિષ્કાર કરેલ હોવાનું જણાઈ રહ્યું છે અને લોકશાહીના પર્વની ઉજવણી થઈ રહી છે ત્યારે ખાતું પગીના મુવાડા ગામના ગ્રામજનોએ મતદાન મથકથી દૂર રહીને મતદાન પ્રક્રિયાઓનો બહિષ્કાર કરેલ હતો અને સાંજના ચાર વાગ્યા સુધી મતદાન કેન્દ્ર પર 0% મતદાન નોંધાવવા પામ્યું હતું ચૂંટણીનો માહોલ હોવા છતાં પણ મતદાન મથક પર ભારે સન્નાટો છવાયેલો જોવા મળતો હતો ખાતુ પગીના મુવાડા ગામ કોઠંબા તાલુકા પંચાયત સીટ હેઠળ આવતું હતું પરંતુ થયેલા નવા સીમાંકનમાં ખાતું પગીના મુવાડા ગામને કૌચીયા તાલુકા પંચાયત સીટમાં સમાવિષ્ટ કરવામાં આવતો ખાતું પગીનામુવાડા ગામના ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.ગ્રામજનોની ઉગ્ર માગણી છે કે ખાતું પગીના મુવાડા ગામને કોઠંબા તાલુકા પંચાયત સીટમાં જ સમાવિષ્ટ રાખવામાં આવે ત્યારે ગ્રામજનોના વિરોધનું કારણ માત્રને માત્ર સીમાંકનનો પ્રશ્ન જ છે. સવારથી લઈને ખાતું પગીના મુવાડા ગામના એક પણ મતદારે પોતાના મતદાનના અધિકારોનો ઉપયોગ કરેલો નથી ચૂંટણી અધિકારીઓ અને વહીવટી તંત્રની ઉપસ્થિતિ હોવા છતાં પણ બૂથ ઉપર ખાતું-પગીના મુવાડા ગામનો એક પણ મતદાર જોવા મળ્યો નથી ગ્રામજનોએ ચીમકી ઉચ્ચારી છે કે જો તેમની માગણીઓ સંતોષવામાં નહીં આવે તો આગામી સમયમાં આવનારી તમામ ચૂંટણીનો માં ખાતુ પગીના મુવાડા ગામના ગ્રામજનો બહિષ્કાર કરશે.નવા સીમાંકનને લઈને ગ્રામજનોમાં ભારી રોષ જોવા મળી રહ્યો છે ત્યારે હવે જોવું રહ્યું કે વહીવટી તંત્ર આ બાબતે શું કાર્યવાહી હાથ ધરે છે.

## અમદાવાદમાં આ સીઝનનું સૌથી હાઈએસ્ટ તાપમાન : આવતીકાલે પણ મતદાન વચ્ચે શેકાવા તૈયાર રહેજો

અમદાવાદ | ગુજરાતમાં કાળઝાળ ગરમીનું મોજું ફરી વળ્યું છે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી 48 કલાક દરમિયાન રાજ્યના તાપમાનમાં 2થી 3 ડિગ્રીનો વધારો થવાની પ્રબળ શક્યતા છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને પગલે આગામી 7 દિવસ રાજ્યમાં વાતાવરણ મુખ્યત્વે સૂકું રહેશે. છેલ્લા 24 કલાકમાં અમરેલી 43.3 ડિગ્રી સેલ્સિયસ સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું, જ્યારે અમદાવાદમાં 42.1 અને ગાંધીનગરમાં 41.5 ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

હવામાન વિભાગે ખાસ કરીને અમદાવાદ અને ગાંધીનગર માટે એલર્ટ જાહેર કર્યું છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન 43 ડિગ્રી રહેવાની શક્યતા સાથે 'યલો એલર્ટ' આપવામાં આવ્યું છે, જ્યારે આવતીકાલે પારો 44 ડિગ્રીએ પહોંચવાની ધારણા સાથે 'ઓરેન્જ એલર્ટ' જાહેર કરાયું છે. ગાંધીનગરમાં આજે મહત્તમ તાપમાન 42 ડિગ્રી રહેવાની સંભાવના છે.

રાજ્યના જમીની વિસ્તારોમાં પવનની દિશા પશ્ચિમથી ઉત્તર-પશ્ચિમ તરફની રહેશે. ગરમીની સાથે સાથે દરિયાકાંઠાના વિસ્તારોમાં ભેજનું પ્રમાણ વધુ હોવાને કારણે લોકોને અસહ્ય અકળામણ અને પરસેવાનો સામનો કરવો પડશે.

હવામાન વિભાગના મતે, આગામી બે દિવસ તાપમાનમાં વધારો થયા બાદ, ત્યારબાદના દિવસોમાં પારો 2 થી 3 ડિગ્રી નીચે ઉતરે તેવી શક્યતા છે. જોકે, હાલના તબક્કે રાજ્યના નાગરિકોને કાળઝાળ ગરમીમાંથી તુરંત કોઈ મોટી રાહત મળવાના સંકેત નથી.

## નિરંકારી ભક્તોએ અમદાવાદમાં 367 યુનિટ, દેશભરમાં અનેક સ્થળોપર રક્તદાન શિબિર દ્વારા કુલ 40,000 યુનિટ એકત્ર કરાયું

અમદાવાદ : જ્યારે હૃદયમાં કરુણા, પ્રેમ અને એકત્વની દિવ્ય ચેતના જાગૃત થાય છે, ત્યારે માનવ પોતાના સીમિત સ્વાર્થોને ઉપર ઉઠીને સમગ્ર સૃષ્ટિના કલ્યાણનું શક્તિશાળી માધ્યમ બની જાય છે. પરોપકાર, કરુણા અને પરમાર્થ જેવા અલૌકિક મૂલ્યોથી પ્રકાશિત આ પવિત્ર અવસર તે દિવ્ય અનુભૂતિનું પ્રતીક બન્યો, જ્યાં "માનવને માનવ જ પ્યારો, એક-બીજાનો બને સહારો"નો સંદેશ માત્ર શબ્દોમાં સીમિત ન રહીને હૃદયોમાં સજીવ બન્યો.'માનવ એકતા દિવસ' ૨૪ એપ્રિલે, બાબા ગુરબચન સિંહ જીની દિવ્ય સ્મૃતિમાં, સત્ગુરુ માતા સુદીક્ષા જી મહારાજ અને નિરંકારી રાજપિતા જીના સાન્નિધ્યમાં દિલ્હીના ગ્રાઉન્ડ નં. ૮માં આયોજિત થયો હતો. સાથે જ સમગ્ર દેશના



હજારો સત્સંગ કેન્દ્રો પર શ્રદ્ધા અને સમર્પણભાવથી સફળતાપૂર્વક સંપન્ન થયો. અમદાવાદ માં નિરંકારી સત્સંગ ભવન, ઈન્ડિકવિપ, કુબેરનગર ખાતે શુક્રવાર, 24 એપ્રિલના રોજ સાંજે ૫.૦૦ થી ૯.૦૦ વાગ્યા સુધીમાં દાહોદ થી ખાસ પધારેલ જ્ઞાન પ્રચારક મહેશ ઈસરાની જી ની અધ્યક્ષતા માં સત્સંગ તેમજ રક્તદાન શિબિર નું આયોજન કરવામાં આવ્યું હતું. આ રક્તદાન શિબિર માં અમદાવાદ સિવિલ હોસ્પિટલ ની બ્લડ બેંક અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના સહયોગ રહ્યો હતો અને ૩૬૭ યુનિટ એકત્ર કરવામાં આવ્યું હતું જેમાં બહેનો દ્વારા ૧૧૭ યુનિટ અને ભાઈઓ દ્વારા ૨૫૦ યુનિટ નો અમૂલ્ય ફાળો રહ્યો હતો. દેશ વ્યાપી રક્તદાન અભિયાન : સંત નિરંકારી મંડળના સચિવ આદરણીય શ્રી જોગિંદર સુખીજા જીએ જાણકારી આપતાં કહ્યું કે સમગ્ર ભારતવર્ષમાં લગભગ ૨૦૦ સ્થળોએ રક્તદાન શિબિરોનું સફળ આયોજન કરવામાં આવ્યું; જેના દ્વારા લગભગ ૪૦,૦૦૦ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું, જે નિષ્કામ સેવા, પરોપકાર અને માનવતા પ્રત્યે સમર્પણની સજીવ અભિવ્યક્તિ બનીને ઉભરી. યુગપ્રવર્તક બાબા ગુરબચન સિંહ જીની સ્મૃતિમાં આ દિવસ વર્ષભર ચાલનારી સેવા-સરિતાનો શુભારંભ છે, જેના અંતર્ગત દેશભરમાં લગભગ ૭૦૫ સ્થળોએ રક્તદાન શિબિરો આયોજિત કરવામાં આવશે; જે કરુણા અને એકત્વની ભાવનાને સતત મજબૂત કરશે.

## ચૂંટણીને ધ્યાનમાં રાખી મ્યુનિ. હૉસ્પિટલોના સ્ટાફને ૨૮ ઍપ્રિલ સુધી સ્ટેન્ડ ટુ રખાશે

અમદાવાદ | અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી માટે આજે રવિવારે મતદાન યોજાશે. કોર્પોરેશનની ચૂંટણીને ધ્યાનમાં રાખીને ૨૬થી ૨૮ એપ્રિલ સુધી કોર્પોરેશન સંચાલિત તમામ હોસ્પિટલોના સ્ટાફને સ્ટેન્ડ ટુ રાખવામા આવશે. શહેરના દરેક મતદાન મથક ઉપર ઓ.આર.એસ. સહિતની ફર્સ્ટ એઈડ કિટ ઉપલબ્ધ કરાવવામા આવી છે.ત્રણ દિવસ દરમિયાન ત્રણ હજારથી વધુ મેડિકલ અને પેરામેડિકલ સ્ટાફ ફરજ બજાવશે. કોર્પોરેશન દ્વારા ૨૮ એપ્રિલ સુધી ડિસ્પેચિંગ સેન્ટર, રિસીવિંગ સેન્ટર અને કાઉન્ટિંગ સેન્ટર ખાતે ડોકટરો ઉપરાંત નર્સો અને પેરા મેડિકલ સ્ટાફની ટીમોને ફરજ ઉપર મુકવામા આવી છે. મ્યુનિ.ના ઈન્ચાર્જ મેડિકલ ઓફિસર ડોકટર ભાવિન સોલંકીએ કહયુ, મહત્તમ તાપમાન રહેવાની સંભાવનાને ધ્યાનમાં લઈ રવિવારે મતદાનના દિવસે મોબાઈલ મેડિકલ વાન સહિત તમામ મેડિકલ અને પેરામેડિકલ સ્ટાફને તમામ ઝોનમાં સવારના ૭થી સાંજના ૬ કલાક સુધી ફરજ બજાવવા આદેશ કરવામા આવ્યો છે.

## મત પછી મોત:EVMનું બટન દબાવ્યા પછી આવ્યો હાર્ટ એટેક; તાપીમાં ભાજપના બે જૂથ વચ્ચે બબાલ; 1 વાગ્યા સુધીમાં 26% મતદાન

અમદાવાદ | લોકશાહીનું પર્વ એવી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને આજે મતદાન શરૂ થઈ ગયું છે. રાજ્યની 10 હજાર સીટ માટે 25 હજારથી વધુ ઉમેદવારો વચ્ચે રાજકીય જંગ છે. ગત વખતે 6 મનપાની ચૂંટણીનું 21 ફેબ્રુઆરીએ અને પંચાયતો અને નગરપાલિકાઓનું 23 ફેબ્રુઆરીએ વોટિંગ થયું હતું. જો કે આ વખતે તમામ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનું મતદાન એક જ દિવસે છે. આજે સવારના 7 વાગ્યાથી સાંજના 6 વાગ્યા સુધી મતદાન પ્રક્રિયા ચાલશે.

આજે 17માંથી 15 મનપા, 34 જિલ્લા પંચાયત, 260 તાલુકા પંચાયત અને 84 નગરપાલિકામાં મતદાન થઈ રહ્યું છે. જો કે ગરમી 44 ડિગ્રી સુધી જવાની સંભાવના હોવાથી મતદારોને મતદાન બૂથ સુધી પહોંચાડવા રાજકીય પક્ષોએ દોડધામ કરવી પડશે. ભરૂચમાં ચાલુ મતદાને લાઈટ જતાં મીણબત્તીના પ્રકાશમાં મતદાન કરવાની ફરજ પડી છે. તો જામનગરમાં EVM ખોટકાતા 1 કલાક મોડું મતદાન શરૂ થયું હતું.

સુરેન્દ્રનગરમાં 100 વર્ષના દાદી મતદાન કરવા પહોંચ્યા તો ગોંડલ તાલુકાના ઘોઘાવદર ગામે કન્યા શાળામાં વરરાજાએ પહેલાં મતદાન કરી પોતાની ફરજ બજાવી ત્યારબાદ જાન પ્રસ્થાન કરી. મતદારોના ઉત્સાહ વચ્ચે અનેક જગ્યાએ EVM ખોટકાવાની ફરિયાદો પણ મળી છે.

મતદાન દરમિયાન ભરૂચ તાલુકાના ત્રાલસા કોઠી ગામની સીમમાંથી દારૂ ભરેલી ગાડી ગ્રામજનોએ ઝડપી પાડી છે. દારૂની સપ્લાય લેવા આવેલાં કેટલાક શખસોને પણ ગ્રામજનોએ ઝડપી પાડ્યા છે. સમગ્ર મામલે તાલુકા પોલીસે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી છે.

તાપીના વાલોડ તાલુકાના બુહારી ગામે મતદાન મથક નજીક બબાલ થઈ છે. ભાજપના બે જૂથ વચ્ચે જ બબાલ થતા આંતરિક જૂથવાદ બહાર આવ્યો છે. પ્રદેશના યુવા મોરચાના પૂર્વ મંત્રી સૂરજ દેસાઈ તેમજ જિલ્લા ભાજપ સંગઠનના મહામંત્રી અમિત પટેલના જૂથ વચ્ચે બબાલ થઈ છે. કયા કારણોસર બબાલ થઈ તે હજુ કોઈ સ્પષ્ટતા થઈ નથી. પ્રદેશના યુવા મોરચાના પૂર્વ મંત્રી અશોભનીય ભાષાનો ઉપયોગ કરતા વીડિયોમાં નજરે પડ્યા છે. વાલોડ પોલીસ અને ધારાસભ્ય મોહન ઢોડિયાએ મામલો થાળે પાડ્યો છે. હાલ બંને પક્ષ દ્વારા કોઈ કાયદાકીય ફરિયાદ આપવામાં આવી નથી.

વિસનગર તાલુકાના બાજીપુરા ગામે આજે લોકશાહીના પર્વનો બહિષ્કાર કરીને સરકાર અને તંત્ર સામે પોતાનો ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. ગામની દીકરી સાથે થયેલા અન્યાય અને ત્યારબાદ પોલીસ દ્વારા કરવામાં આવેલા કથિત અત્યાચારને પગલે સમસ્ત ગ્રામજનોએ એકસંપ થઈને મતદાનથી અળગા રહેવાનો નિર્ણય કર્યો છે.

વિરોધનું મુખ્ય કારણ સુરત ખાતે બનેલી એક ઘટના છે. બાજીપુરા ગામની એક દીકરીની સુરતમાં વિધર્મી દ્વારા છેડતી કરવામાં આવી હતી. આ મામલે ન્યાય મેળવવા અને રજૂઆત કરવા માટે જ્યારે રજૂઆત કરવામાં આવી ત્યારે ત્યાંની પોલીસે લાઠીચાર્જ કર્યો હતો. ન્યાય માંગવા ગયેલા લોકો પર પોલીસના આ દમનકારી વલણથી આખું ગામ રોષે ભરાયું છે.

ગ્રામજનોનો આક્ષેપ છે કે શાંતિપૂર્ણ રજૂઆત કરવા છતાં નિર્દોષ લોકો પર લાઠીઓ વીંઝવામાં આવી હતી.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## રાજકોટ જેતપુર નેશનલ હાઈવે દુર્ઘટનાના બની, ટાયર ફાટતા પીકઅપ પલટી અને શ્રમિકો નીચે પટકાયા

# ગોંડલ ગુંદાળા ચોકડી ગમખ્વાર અકસ્માતમાં બેના મોત

(એજન્સી) ગોંડલ । તા. 26

રાજકોટ-જેતપુર નેશનલ હાઈવે પર ગઈકાલે મોડી રાત્રે કાળજું કંપાવી દે તેવી એક ભયાનક દુર્ઘટના ઘટી છે. ગોંડલ પાસે આવેલી ગુંદાળા ચોકડી ઓવરબ્રિજ પર એક બોલેરો પીકઅપ ગાડીનું ટાયર અચાનક ફાટતા સર્જાયેલા અકસ્માતમાં બે શ્રમિકોના કરૂણ મોત નિપજ્યા છે, જ્યારે અન્ય ચાર શ્રમિકોને ગંભીર ઈજાઓ પહોંચી છે. રાજકોટથી જેતપુર તરફ જઈ રહેલી આ ગાડી પર મોટી સંખ્યામાં શ્રમિકો સવાર હતા, જેઓ અકસ્માતને પગલે હવામાં ફંગોળાઈને સીધા ૩૦ ફૂટ નીચે રોડ પર પટકાયા હતા. આ ગમખ્વાર અકસ્માતને પગલે હાઈવે પર ભારે અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો અને સ્થાનિકોની મદદથી બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી.



મળતી માહિતી મુજબ, અકસ્માતગ્રસ્ત બોલેરો પીકઅપમાં માછીમારી કરવાની જાળ અને ગેસના પાંચ જેટલા ખાલી સિલિન્ડર ભરેલા હતા. આ સામાનની ઉપર લગભગ ૧૫ જેટલા શ્રમિકો ભરનિદ્રામાં સૂતા હતા. ગાડી જ્યારે ગુંદાળા ચોકડી ઓવરબ્રિજ પરથી પસાર થઈ રહી હતી, ત્યારે અચાનક પાછળનું ટાયર ફાટતા ચાલકે સ્ટેયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો. બેકાબૂ બનેલી ગાડી બ્રિજની સુરક્ષા દીવાલ સાથે જોરદાર ટક્કર ખાઈને પલટી મારી ગઈ હતી. આ અથડામણ એટલી પ્રચંડ હતી કે ઉપર સૂતેલા શ્રમિકો ઉછળીને સીધા નીચે પટકાયા હતા, જેમાં બે શ્રમિકોના ઘટનાસ્થળે જ શ્વાસ થંભી ગયા હતા.

અકસ્માતનો જોરદાર અવાજ સાંભળીને આસપાસના લોકો અને માર્ગ પરથી પસાર થતા વાહનચાલકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા. ૧૦૮ એમ્બ્યુલન્સની રાહ જોયા વગર, માનવતાના નાતે લોકોએ પોતાના ખાનગી વાહનોમાં ઈજાગ્રસ્તોને હોસ્પિટલ પહોંચાડવાનું શરૂ કર્યું હતું. આ ગમખ્વાર અકસ્માતમાં રીતેષ સહની અને એક અજાણ્યા શ્રમિકનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. જ્યારે ગુલાબ રામબલી સહની, શની અજય સહની, વિકાસકુમાર મીતલેશ સહની અને ચંદન નરેશ માજી નામના શ્રમિકો લોહીલુહાણ હાલતમાં મળી આવ્યા હતા.

ઈજાગ્રસ્તોને તાત્કાલિક ગોંડલ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે, ઈજાગ્રસ્તો પૈકી એક શ્રમિકની હાલત અત્યંત નાજુક હોવાથી તેને વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યો છે. હોસ્પિટલના સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે શ્રમિકોને માથાના ભાગે અને શરીરના અન્ય અંગોમાં ગંભીર ઈજાઓ પહોંચી છે. હાલમાં ગોંડલ હોસ્પિટલ ખાતે શ્રમિકોના પરિવારજનો અને સાથીદારોની ભારે ભીડ ઉમટી પડી છે અને વાતાવરણ ગમગીન બની ગયું છે. ઘટનાની જાણ થતા જ ગોંડલ પોલીસનો કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો. પોલીસે પ્રાથમિક તપાસમાં અકસ્માતનું મુખ્ય કારણ ટાયર ફાટવાનું અને ઓવરલોડિંગ હોવાનું તારણ કાઢ્યું છે. મીડિયા અહેવાલ મુજબ, પોલીસે બંને મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે અને અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. હાઈવે પર પલટી ગયેલી ગાડીને ક્રેઈન દ્વારા હટાવીને ટ્રાફિક ક્લિયર કરવામાં આવ્યો હતો.

આ અકસ્માતે ફરી એકવાર માલવાહક વાહનોમાં જોખમી રીતે મુસાફરી કરતા શ્રમિકોની સુરક્ષા સામે સવાલો ઉભા કર્યા છે.

## એમએસ યુનિવર્સિટી ટેકનોલોજી ફેકલ્ટી બેઠક વધારો 700 નવી સીટોની માગ



વડોદરા | વડોદરાની પ્રતિષ્ઠિત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના સત્તાધીશોએ ટેકનોલોજી ફેકલ્ટીના વિસ્તરણ માટે એક મહત્વકાંક્ષી યોજના તૈયાર કરી છે. નવા શૈક્ષણિક વર્ષથી ટેકનોલોજી ફેકલ્ટીમાં ૭૦૦ નવી બેઠકોનો ઉમેરો કરવા માટે રાજ્ય સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગ સમક્ષ વિધિવત પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે. જો આ પ્રસ્તાવને મંજૂરી મળશે તો વડોદરા એન્જિનિયરિંગ શિક્ષણનું એક મોટું હબ બની જશે અને હજારો વિદ્યાર્થીઓને તેનો સીધો લાભ મળશે. વર્તમાન સમયની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને યુનિવર્સિટી સત્તાધીશો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), ડેટા સાયન્સ, મેકાટ્રોનિક્સ, અને ઈન્ડસ્ટ્રિયલ એન્જિનિયરિંગ એન્ડ સસ્ટેનેબલ મેનેજમેન્ટ જેવા ચાર નવા અત્યાધુનિક અભ્યાસક્રમો શરૂ કરવા માગે છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, દરેક નવા અભ્યાસક્રમ દીઠ ૬૦ બેઠકોની માંગણી કરવામાં આવી છે. આ ઉપરાંત, સત્તાધીશોએ હાલમાં ચાલી રહેલા એન્જિનિયરિંગના પરંપરાગત વિષયોમાં પણ વધારાની ૬૦-૬૦ બેઠકો વધારવાની દરખાસ્ત મૂકી છે.


## પોરબંદર ડમ્પર અકસ્માત મૃત્યુ પિતાના મોતના 19 દિવસમાં પુત્રનું મોત

(એજન્સી) પોરબંદર । તા. 26

જિલ્લાના સીમર થી કંટોલીયા જતાં માર્ગ પર એક હૃદયદ્રાવક અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં પિતાના અવસાનના ગણતરીના દિવસોમાં જ પુત્રનું ડમ્પર નીચે કચડાતા કરુણ મોત નીપજ્યું છે. આ અકસ્માત એટલો ભયાનક હતો કે ડમ્પરનું પાછળનું ટાયર યુવાન પર ફરી વળતા તેનું ઘટનાસ્થળે જ પ્રાણપંખેરુ ઉડી ગયું હતું. આ ઘટનાને પગલે સમગ્ર કંટોલીયા ગામમાં ગમગીની છવાઈ ગઈ છે અને પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે. પોરબંદરના કંટોલીયા ગામે રહેતા ભાવેશભાઈ ચનાભાઈ ચૌહાણ (૪૩) પોતાના બાઇક પર સોઢાણાથી આવેલા માસીને મૂકવા જઈ રહ્યા હતા. ત્યારે સીમર પાસે એક ડમ્પર ચાલકે અચાનક પોતાનું વાહન પૂરઝડપે રિવર્સમાં લેવાનું શરૂ કર્યું હતું. ભાવેશભાઈએ સાવચેતીના ભાગરૂપે પોતાનું બાઇક ઉભું રાખી દીધું હોવા છતાં, બેફામ ડમ્પર ચાલકે પાછળ જોયા વગર વાહન અથડાવ્યું હતું. આ ટક્કર બાદ ભાવેશભાઈ અને તેમના માસી નીચે પટકાયા હતા અને ડમ્પરનું ટાયર ભાવેશભાઈ પર ફરી વળ્યું હતું.

### ચાલક ફરાર અને નંબર પ્લેટમાં વિસંગતતા

અકસ્માત બાદ આસપાસની વાડીઓના લોકો દોડી આવતા ચાલક ડમ્પર મૂકીને નાસી છૂટ્યો હતો. પોલીસ તપાસમાં ચોંકાવનારી વિગત સામે આવી છે કે ડમ્પરની આગળ અને પાછળની નંબર પ્લેટમાં અલગ-અલગ નંબર લખેલા હતા, જે ડમ્પર ચાલકની કોઈ ગુનાહિત માનસિકતા તરફ ઈશારો કરે છે. હાલ પોલીસ દ્વારા નાસી છૂટેલા ચાલક વિરુદ્ધ ગુનો નોંધીને તેને પકડવા માટેના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. મૃતક ભાવેશભાઈના પિતા ચનાભાઈનું હજુ ૧૯ દિવસ પહેલા જ નિધન થયું હતું. પિતાના અવસાન બાદ ઘરે આવેલા સગા-સંબંધીઓને વળાવવાની જવાબદારી નિભાવતા પુત્રનું જ મોત થતા પરિવાર સ્તબ્ધ થઈ ગયો છે. પિતાના કારજની વિધિઓ પૂર્ણ થાય તે પહેલા જ પુત્રની અર્થી ઉઠતા ગામમાં અરેરાટી વ્યાપી ગઈ છે.



## ભાણવડ કોબ્રા રેસ્ક્યુ ઓપરેશન વોશિંગ મશીનમાંથી સીપ નીકળ્યો

(એજન્સી) જામખંભાળિયા । તા. 26

ઉનાળાની આકરી ગરમી પડતા જ જમીન પર રહેતા ઝેરી સરિસૃપો ઠંડકની શોધમાં હવે લોકોના રહેણાંક વિસ્તારો તરફ વળ્યા છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં એક ભયાનક કાળોતરો કોબ્રા સાપ ઘરના વોશિંગ મશીનમાં ઘૂસી ગયો હતો. આ ઘટનાને પગલે રણજીતપરા વિસ્તારમાં રહેતા પરિવારમાં ફાળ પડી ગઈ હતી. સાપના ફુંફાડા અને ટેકનિશિયનોની મથામણ વચ્ચે કલાકો સુધી ચાલેલા હાઈ-વોલ્ટેજ ડ્રામા બાદ આખરે સાપને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યો હતો.

ભાણવડના રણજીતપરામાં રહેતા પિયુષભાઈ જાનીના ઘરમાં આ કાળોતરો કોબ્રા વોશિંગ મશીનની અંદરના ભાગે ભરાઈ ગયો હતો. સાપ એટલી ગૂંચવણભરી રીતે ફસાયો હતો કે આખું મશીન ખોલવું અનિવાર્ય બન્યું હતું. પાડોશમાં રહેતા ટેકનિશિયન અજયભાઈ ખત્રીએ જીવના જોખમે મશીનના એક-એક ભાગ છૂટા કર્યા હતા. મીડિયા અહેવાલ મુજબ, એક તરફ સાપ સતત ફુંફાડા મારી રહ્યો હતો અને બીજી તરફ ટેકનિશિયનો ડરતા-ડરતા સાવચેતીપૂર્વક કામગીરી કરી રહ્યા હતા. જ્યારે મશીનના નીચેના ભાગના સ્પેરપાર્ટ્સ ખોલવામાં આવ્યા ત્યારે ઝેરી કોબ્રા સ્પષ્ટ નજરે પડ્યો હતો. સ્થળ પર હાજર રેસ્ક્યૂઅર અશોકભાઈ ભટ્ટે અત્યંત કુશળતા પૂર્વક સાપને પકડી લીધો હતો.

## વડોદરા હિટ એન્ડ રન કોયલી ધનોરા રોડ પર અકસ્માત નોકરી જતા ૧૮ વર્ષના યુવકનું મોત

(એજન્સી) વડોદરા । તા. 26

શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા કોયલી-ધનોરા રોડ પર આજે વહેલી સવારે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. બાઇક લઈને નોકરી પર જઇ રહેલા ૧૮ વર્ષના યુવકને કોઇ અજાણ્યા વાહન ચાલકે જોરદાર ટક્કર મારી હતી. આ હિટ એન્ડ રનની ઘટનામાં યુવકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જીને વાહન ચાલક ફરાર થઇ જતા પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

નંદેસરી ગામ પાસે આવેલી નિલકંઠ સોસાયટીમાં રહેતો દિગ્વિજયસિંહ દિલીપસિંહ રાજપરમાર (ઉં.વ. ૧૮) દરરોજની જેમ આજે સવારે પણ પોતાની બાઇક લઇને માણેજા ખાતે નોકરી પર જવા નીકળ્યો હતો. દરમિયાન કોયલી-ધનોરા રોડ પર પસાર થતી વખતે પૂરઝડપે આવતા એક અજાણ્યા વાહને તેની બાઇકને અડફેટે લીધી હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે દિગ્વિજયસિંહ રોડ પર દૂર સુધી ફંગોળાયો હતો.

### ગંભીર ઇજાઓ થતા પ્રાણપંખેરૂ ઊડી ગયા

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, અકસ્માતને પગલે દિગ્વિજયસિંહને માથાના ભાગે જીવલેણ ઈજાઓ થઇ હતી. આ ઉપરાંત કપાળ, હાથ અને પગના ભાગે પણ ગંભીર ઈજાઓ પહોંચતા લોહીલુહાણ હાલતમાં તેનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જીને વાહન ચાલક ઉભો રહેવાના બદલે ત્યાંથી નાસી છૂટ્યો હતો. માર્ગ પરથી પસાર થતા લોકોએ તુરંત પોલીસને જાણ કરી હતી.

જવાહરનગર પોલીસે આ મામલે અકસ્માતનો ગુનો નોંધીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. પોલીસની અલગ-અલગ ટીમો કોયલી-ધનોરા રોડ પર આવેલા પેટ્રોલ પંપો અને અન્ય સંકુલોના સીસીટીવી કેમેરા ચેક કરી રહી છે, જેથી ફરાર વાહન ચાલકની ઓળખ કરી શકાય. ૧૮ વર્ષના આશાસ્પદ પુત્રના મોતથી નંદેસરી પંથકમાં અને રાજપરમાર પરિવારમાં ઘેરો શોક વ્યાપી ગયો છે. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડી આગળની તપાસ હાથ ધરી છે.

## એમએસ યુનિવર્સિટી પરીક્ષા પરિણામ જાહેર 18 ફેકલ્ટીના પરિણામ આવ્યા



વડોદરા | સંસ્કારી નગરી વડોદરાની વિશ્વવિખ્યાત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થી હિતમાં મોટો નિર્ણય લેતા એપ્રિલ મહિનામાં લેવાયેલી વિવિધ ૧૮ પરીક્ષાઓના પરિણામો જાહેર કરી દેવામાં આવ્યા છે. યુનિવર્સિટી પ્રશાસન દ્વારા ઉનાળુ પરીક્ષાઓના પ્રથમ તબક્કાની પૂર્ણાહુતિ સાથે જ આ પરિણામો જાહેર કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ ઝડપી કામગીરીને પગલે આગામી શૈક્ષણિક સત્ર માટે વિદ્યાર્થીઓમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જાહેર કરવામાં આવેલા ૧૮ પરિણામોમાં મુખ્યત્વે એટીકેટી અને જેમાં વિદ્યાર્થીઓની સંખ્યા મર્યાદિત હતી તેવી પરીક્ષાઓનો સમાવેશ થાય છે. મીડિયા અહેવાલ મુજબ, કોમર્સ ફેકલ્ટીના ૭, ફાઈન આર્ટસના ૬, લો ફેકલ્ટીના ૩ જ્યારે ફાર્મસી અને મેડિસિન ફેકલ્ટીના એક-એક પરિણામનો સમાવેશ થાય છે. ચૂંટણી બાદ હવે બીજા તબક્કામાં કોમર્સ ફેકલ્ટીની સૌથી મોટી ગણાતી એફ.વાય.બી.કોમ. સહિત સાયન્સ અને આર્ટસની બાકી રહેલી પરીક્ષાઓ યોજવામાં આવશે.

## ટ્રેન સંચાલન વધુ સુરક્ષિત બનશે અને ગતિ વધશે

# ડભોઈ-છોટાઉદેપુર સેક્શનમાં બ્રિજનું સમારકામ પૂર્ણ થયું



(એજન્સી) વડોદરા । તા. 26

પશ્ચિમ રેલવેના વડોદરા વિભાગ હેઠળ આવતા ડભોઈ-છોટાઉદેપુર સેક્શનમાં મુસાફરોની સુરક્ષા અને રેલવે વ્યવહારની સુવિધામાં વધારો કરવા માટે એક અત્યંત જટિલ અને મહત્વપૂર્ણ કામગીરીને સફળતાપૂર્વક અંજામ આપવામાં આવ્યો છે. રેલવેના એન્જિનિયરિંગ વિભાગ દ્વારા આ સેક્શન પર સ્થિત પુલ નંબર ૧૩૦ના સમારકામનું ભગીરથ કાર્ય નિર્ધારિત સમયમાં પૂર્ણ કરી લેવામાં આવ્યું છે. આ સમારકામ બાદ હવે આ રૂટ પર દોડતી ટ્રેનોના સંચાલનમાં વધુ સ્થિરતા આવશે અને પુલની આયુષ્ય મર્યાદા તેમજ ભારવહન ક્ષમતામાં પણ ધરખમ વધારો થશે.

વડોદરા વિભાગના વરિષ્ઠ જનસંપર્ક અધિકારી દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, આ રેલવે બ્રિજ નદીના તળમાં થયેલા ગંભીર ધોવાણ (Scouring)ને કારણે ક્ષતિગ્રસ્ત થયો હતો. નદીના તેજ પ્રવાહને લીધે પાઈલ કેપની નીચેના ભાગમાં આવેલા પાઈલ્સ ખુલ્લા પડી ગયા હતા. એન્જિનિયરિંગની દ્રષ્ટિએ આ એક અત્યંત જોખમી સ્થિતિ હતી, કારણ કે તે આખા બ્રિજના માળખાકીય માળખાને નબળું પાડી શકે તેમ હતું. રેલવે તંત્ર દ્વારા આ બાબતને ગંભીરતાથી લઈને તાત્કાલિક ધોરણે મજબૂતીકરણની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

સમારકામની આ પ્રક્રિયામાં અત્યંત ઝીણવટભરી કામગીરી કરવામાં આવી છે. ખુલ્લા પડી ગયેલા પાઈલ્સની સંપૂર્ણ સફાઈ કર્યા બાદ તેમાં ખાસ પ્રકારનું ગ્રાઉટિંગ કરવામાં આવ્યું છે અને ૧.૪ મીટરના મજબૂત લાઈનર્સ સ્થાપિત કરવામાં આવ્યા છે. માળખાને વધુ શક્તિ આપવા માટે રેલવે દ્વારા દરેક પિયર (થાંભલા) પર ૮ વધારાના નવા પાઈલ્સ તૈયાર કરવામાં આવ્યા છે. આમ, સમગ્ર બ્રિજ પર કુલ ૮૦ નવા પાઈલ્સનું નિર્માણ કરીને તેને જૂના સ્ટ્રક્ચર સાથે એકીકૃત કરી દેવામાં આવ્યું છે.

### જેકેટિંગ પદ્ધતિથી પિલરને અપાયું કવચ

બ્રિજના થાંભલાઓને લાંબા સમય સુધી સુરક્ષિત રાખવા માટે એન્જિનિયરો દ્વારા પિયર જેકેટિંગની પદ્ધતિ અપનાવવામાં આવી છે. આ પદ્ધતિ દ્વારા જૂના પિલરની આસપાસ કોંક્રિટ અને લોખંડનું નવું પડ ચડાવવામાં આવ્યું છે, જે નદીના પાણીના પ્રવાહ સામે ઢાલ બનીને કામ કરશે. મીડિયા અહેવાલ મુજબ, આ ટેકનિકના ઉપયોગથી બ્રિજની ક્ષમતા પહેલા કરતા અનેકગણી વધી ગઈ છે, જેનાથી ભવિષ્યમાં ધોવાણ થવાનું જોખમ નહિવત થઈ ગયું છે.

### સુરક્ષિત ટ્રેન વ્યવહાર માટે મહત્વનું કદમ

આ સમારકામ બાદ હવે ડભોઈ-છોટાઉદેપુર સેક્શનમાં ટ્રેનોનું સંચાલન વધુ સલામત બનશે. અગાઉ, બ્રિજની સ્થિતિને ધ્યાનમાં રાખીને ટ્રેનોની ગતિ પર જે નિયંત્રણો લાદવામાં આવ્યા હતા, તેમાં હવે છૂટછાટ મળી શકે છે. સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે આ કામગીરીથી માલગાડીઓ અને પેસેન્જર ટ્રેનો બંનેને ફાયદો થશે.


## ગરમીના કારણે ભીષણ આગ લાગી હોવાનું અનુમાન, જપ્ત કરેલા 23 વાહનો ખાક થતા લાખોનું નુકસાન

# જૂનાગઢ પોલીસ એમટી વિભાગ આગ દુર્ઘટનામાં વાહનો બળ્યા

(એજન્સી) જૂનાગઢ । તા. 26

સૌરાષ્ટ્રના જૂનાગઢ શહેરમાં આજે બપોરના સમયે પોલીસ પ્રશાસનના વાહન વ્યવહાર વિભાગમાં એકાએક આગ ફાટી નીકળતા ભારે દોડધામ મચી ગઈ હતી. જૂનાગઢ-બિલખા રોડ પર સ્થિત પોલીસ વિભાગના એમટી (મોટર ટ્રાન્સપોર્ટ) સેક્શનના મેદાનમાં લાગેલી આ ભીષણ આગમાં વિવિધ ગુનાઓ હેઠળ જપ્ત કરવામાં આવેલા ૨૩ વાહનો બળીને ખાખ થઈ ગયા છે. ધોમધખતા તાપ અને સૂકા ઘાસના કારણે આગે જોતજોતામાં રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું, જેને પગલે સમગ્ર વિસ્તારમાં ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો.

આગની આ ઘટના આજે ભરબપોરે બની હતી જ્યારે ગરમીનો પારો આસમાન પર હતો.



એમટી વિભાગના ખુલ્લા મેદાનમાં ઉગી નીકળેલા સૂકા ઘાસમાં અચાનક તણખલો પડતા કે કુદરતી ગરમીના કારણે આગ લાગી હતી. પવન અને ગરમીના કારણે આ આગ મેદાનમાં ફેલાઈ ગઈ હતી, જ્યાં પોલીસ દ્વારા વિવિધ કેસોમાં કબજે કરેલા વાહનો રાખવામાં આવ્યા હતા. જોતજોતામાં આગે ત્યાં પડેલા વાહનોને પોતાની લપેટમાં લઈ લીધા હતા. વાહનોમાં રહેલા ટાયર અને ઈંધણના કારણે આગ વધુ તેજ બની હતી, જેના કારણે દૂર-દૂર સુધી અગનજ્વાળાઓ દેખાતી હતી.

### 23 વાહનોનો કચ્ચરઘાણ નીકળ્યો

આ દુર્ઘટનામાં પોલીસ વિભાગ દ્વારા જપ્ત કરવામાં આવેલી ૨ રિક્ષા, ૧ લક્ઝરી કાર અને ૨૦ મોટરસાઈકલ સહિત કુલ ૨૩ વાહનો સંપૂર્ણપણે બળીને લોખંડના ભંગારમાં ફેરવાઈ ગયા છે. આ વાહનો વિવિધ કાયદાકીય પ્રક્રિયા હેઠળ પોલીસની કસ્ટડીમાં હતા. મીડિયા અહેવાલ મુજબ, આગ એટલી ઝડપથી ફેલાઈ હતી કે વાહનોને ખસેડવાનો સમય પણ મળ્યો નહોતો. કરોડોની કિંમતના વાહનો ક્ષણભરમાં રાખ થઈ જતા પોલીસ તંત્રમાં પણ સોપો પડી ગયો છે.

આગ લાગવાની જાણ થતા જ જૂનાગઢ મહાનગરપાલિકાના ફાયર ફાઈટરો તાત્કાલિક એક્શનમાં આવ્યા હતા. ફાયરની ટીમે સ્થળ પર પહોંચીને સતત ૧૫,૦૦૦ લિટર પાણીનો મારો ચલાવ્યો હતો. અંદાજે એક કલાકની સખત જહેમત બાદ આગને વધુ ફેલાતી અટકાવી શકાઈ હતી. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, જો ફાયર બ્રિગેડ સમયસર ન પહોંચ્યું હોત તો એમટી વિભાગના વર્કશોપ અને અન્ય સરકારી વાહનો પણ આગની ચપેટમાં આવી ગયા હોત.

પ્રાથમિક તપાસમાં ઘટનાસ્થળે કોઈ શંકાસ્પદ જ્વલનશીલ પદાર્થ મળી આવ્યો નથી, જેથી હાલના તબક્કે વધતી જતી ગરમીને આગનું મુખ્ય કારણ માનવામાં આવી રહ્યું છે. જોકે, પોલીસ વિભાગના આટલા સુરક્ષિત માનવામાં આવતા વિભાગમાં અચાનક આગ કેવી રીતે લાગી તે અંગે અનેક સવાલો ઉઠી રહ્યા છે. પોલીસ તંત્ર દ્વારા આ ઘટનાને ગંભીરતાથી લઈને આસપાસના સીસીટીવી ફૂટેજની તપાસ શરૂ કરવામાં આવી છે. તેમજ તે સમયે ફરજ પર હાજર રહેલા સ્ટાફની પણ પૂછપરછ હાથ ધરવામાં આવી છે.

## એસએમસી દરોડા અને ધરપકડ બાદ પોલીસનું કડક વલણ

# વડોદરા દારૂ રેડ પાસા કાર્યવાહી ૧૦ આરોપીઓને જેલ ભેગા કરાયા

(એજન્સી) વડોદરા । તા. 26

સ્થાનિક સ્વરાજની ચૂંટણીના મતદાન પૂર્વે વડોદરા શહેર પોલીસે દારૂના વ્યવસાય સાથે સંકળાયેલા અસામાજિક તત્વો વિરુદ્ધ આકરી ઝુંબેશ હાથ ધરી છે. સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) દ્વારા પાડવામાં આવેલી ઉપરાછાપરી રેડ બાદ, શહેર પોલીસે પોતાની આબરૂ બચાવવા માટે લાલ આંખ કરી છે. લાખો રૂપિયાના દારૂના જથ્થા સાથે પકડાયેલા અને જામીન પર મુક્ત થયેલા ૧૦ જેટલા રીઢા આરોપીઓ સામે 'પાસા' (PASA) હેઠળ કાર્યવાહી કરી તેમને રાજ્યની વિવિધ જેલોમાં ધકેલી દેવામાં આવ્યા છે.

શહેરમાં નામચીન બૂટલેગરો દ્વારા ચલાવવામાં આવતા દારૂના નેટવર્ક પર એસ.એમ.સી.એ ત્રાટકીને ૩૮ લાખ અને ૪૩ લાખની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. આ ઘટનાથી સ્થાનિક પોલીસની કામગીરી પર સવાલો ઉઠ્યા હતા. પરિણામે, પોલીસે હવે કડક વલણ અપનાવીને લાલુ સિંધી અને સુનિલ ઉર્ફે અદોના સાગરીતો ગણાતા સંજય ઉર્ફે કિશોરસિંગ સહિત અન્ય સાત આરોપીઓને પાસા હેઠળ અટકાયત કરી છે. આ આરોપીઓને ભાવનગર, અમદાવાદ અને મહેસાણા જેલના સળિયા પાછળ મોકલી આપવામાં આવ્યા છે.

પકડાયેલા આરોપીઓમાં જીતેન્દ્રકુમાર ચૌહાણ, ધર્મેન્દ્ર ઉર્ફે લાલો અને પલકેશ ધામેચા જેવા મુખ્ય સૂત્રધારોનો સમાવેશ થાય છે. આ બૂટલેગરો પૂર્વ આયોજિત રીતે મોટા પાયે દારૂનું વેચાણ કરી રહ્યા હતા. આ ઉપરાંત, શહેરના વિવિધ વિસ્તારો જેવા કે તરસાલી, વાઘોડિયા રોડ અને ગાજરાવાડીના અન્ય ચાર શખ્સો સામે પણ પાસાનું શસ્ત્ર ઉગામવામાં આવ્યું છે. ચૂંટણીના માહોલમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી આ અટકાયતી પગલાં લેવામાં આવ્યા છે. શહેર પોલીસ કમિશનર દ્વારા સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે દારૂ અને જુગાર જેવી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા કોઈપણ વ્યક્તિને છોડવામાં આવશે નહીં.

## મકરપુરા અને વારસિયા જુગાર રમતા તત્વો ઝડપાયા

# વડોદરા જુગારધામ દરોડા કાર્યવાહી 14 શખ્સોની ધરપકડ કરાઈ

(એજન્સી) વડોદરા । તા. 26

સંસ્કારી નગરી વડોદરામાં અસામાજિક પ્રવૃત્તિઓ સામે પોલીસે લાલ આંખ કરી છે. શહેરના મકરપુરા જી.આઈ.ડી.સી. અને વારસિયા વિસ્તારમાં અલગ-અલગ સ્થળોએ ત્રાટકેલી પોલીસે જુગાર રમતા કુલ ૧૪ શખ્સોને રંગેહાથ ઝડપી પાડ્યા છે. આ દરોડા દરમિયાન પોલીસે રોકડ રકમ, મોબાઈલ ફોન અને મોટરસાયકલ સહિત કુલ ૧.૬૧ લાખથી વધુની મતા કબજે કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસની આ ઓચિંતી કાર્યવાહીથી જુગારી આલમમાં ફફડાટ વ્યાપી ગયો છે.

મકરપુરા જી.આઈ.ડી.સી. સ્થિત ભૂમિ ચોકડી પાસે જાહેરમાં જુગાર રમાતો હોવાની ચોક્કસ બાતમી માંજલપુર પોલીસને મળી હતી. બાતમીના આધારે પોલીસે દરોડો પાડતા પત્તા ટીપતા ૯ જુગારીઓ પોલીસના સકંજામાં આવી ગયા હતા. પકડાયેલા શખ્સો પાસેથી રોકડા ૧૪,૪૨૦ રૂપિયા, ૮ નંગ મોબાઈલ અને ૪ મોટરસાયકલ મળી કુલ ૧.૪૯ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પકડાયેલા આરોપીઓમાં પ્રકાશ ભાટ, જીતુ ભાટ અને કરણ ભાટ સહિતના શખ્સોનો સમાવેશ થાય છે, જે તમામ માંજલપુર વિસ્તારના રહીશો હોવાનું ખૂલ્યું છે.

બીજી તરફ, વારસિયા વિસ્તારમાં પણ જુગારની રમત જામી હોવાની વિગતો મળતા કુંભારવાડા પોલીસે ઓપરેશન પાર પાડ્યું હતું. અહીંથી પોલીસે ૫ જુગારીઓને ઝડપી પાડ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, આ શખ્સો પાસેથી ૧૧,૨૫૦ રૂપિયાની રોકડ મતા કબજે લેવામાં આવી છે. પકડાયેલા આરોપીઓમાં કિશન મારવાડી, મનોજ મારવાડી અને ભગવાનદાસ લાલવાણી જેવા નામો સામે આવ્યા છે. પોલીસની આ કાર્યવાહીથી સ્થાનિક રહીશોમાં રાહતની લાગણી જોવા મળી રહી છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, શહેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસ કમિશનરની સૂચના મુજબ પેટ્રોલિંગ વધારી દેવામાં આવ્યું છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

ભોજનનો સ્વાદ જેમ તેમાંના નમકને આભારી છે-એમ કેટલીક તકલીફો પણ જરૂરી છે, તો જ ખુશીનું ખરૂં મૂલ્ય સમજાશે. આ રાશિ ના પરિણીત જાતકો ને આજે સાસરાપક્ષ થી ધન લાભ થવા ની શક્યતા છે. ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે અન્યોની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો.

**વૃષભ : બ. વ. ઉ.**

ભાગ્ય પર આધાર ન રાખો અને તમારૂં સ્વાસ્થ્ય સુધારવાના પ્રાયાસ કરો કેમ કે નસીબ એવી આળસું દેવી છે જે ક્યારેય તમારી પાસે નહીં આવે. સમય આવી ગયો છે જ્યારે તમારે તમારા વધતા વજન પર અંકુશ મુકીને સ્વાસ્થ પાછું મેળવવા કસરત પાછી શરૂ કરવી જોઈએ.

**મિથુન : ક. છ. ઘ.**

આજે તમારો આત્મવિશ્વાસ વધશે તથા તમારૂં આગળ વધવું નિશ્ચિત છે. ઝડપથી નાણાં કમાઈ લેવાની ઈચ્છા તમે ધરાવશો. લોકો તથા તેમના આશય વિશે ઝડપી અભિપ્રાય બાંધશો નહીં- તેઓ તાણ હેઠળ હોઈ શકે અને શક્ય છે કે તેમને તમારી સહાનુભૂતિ તથા સમજની જરૂર હોય.

**કર્ક : ડ. હ.**

ધ્યાન તથા સ્વયં-સમજ લાભદાયક પુરવાર થશે. આજે વધુ એક ઉચ્ચ-ઊર્જાયુક્ત દિવસ છે તથા અણધાર્યા લાભની શક્યતા છે. તમારી મહત્વાકાંક્ષા વિશે મોટી વયની વ્યક્તિને જણાવો તેઓ તમારી મદદ કરવા પોતાનાથી બનતા તમામ પ્રયત્નો કરશે.

**સિંહ : મ. ટ.**

ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આજે તમને કોઈ અજાણ્યા સ્ત્રોત્ર થી ધન લાભ થયી શકે છે જેના લીધે તમારી ઘણી આર્થિક મુશ્કેલીઓ દૂર થયી જશે.

**કન્યા : પ. ઠ. ણ.**

તબિયતના મોરચે છોડીક દરકારની જરૂર છે. નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે. પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપજો.

**તુલા : ર. ત.**

તમારી જાતને તાણમુક્ત કરવા માટે પરિવારના સભ્યોનો સહકાર લો. તેમની મદદને ગરિમાપૂણર્ણ રીતે સ્વીકારો. તમારે લાગણીઓ તથા દબાણને તમારી અંદર ભરી ન રાખવો જોઈએ. નિયમિત રીતે તમારી સમસ્યાઓ શૅર કરવાથી તમને મદદ મળશે.

**વૃશ્ચિક : ન. ય.**

વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તમારી ધીરજ ખોતા નહીં ખાસ કરીને મુશ્કેલીના સમયમાં. માતા અથવા પિતા ની સેહત પર આજ તમારે વધારે ધન ખર્ચ કરવું પડી શકે છે. આનાથી તમારી આર્થિક સ્થિતિ બગડશે પરંતુ સંબંધો માં મજબૂતી આવશો પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્રોત બનશે.

**મકર : ખ. જ.**

ઘરે કામ કરતી વખતે ખાસ કાળજી રાખો. ઘરની કોઈક ચીજ-વસ્તુ સાથે બેદરકારીપૂર્વક કામ લેવાથી તમારી માટે સમસ્યા નિર્માણ થઈ શકે છે. આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. આજે તમારે ફિજૂલખર્ચી કરવાથી પોતાને રોકવું જોઈએ નહીંતર જરૂરત ની સમયે તમારી પાસે પૈસા ની અછત હોઈ શકે છે.

**મીન : દ. ચ. ઝ. થ.**

વધુ પડતું ભોજન લેવાનું ટાળો અને તમારા વજન પર નજર રાખો. તમારું ધન તમારા કામ માં ત્યારેજ આવી શકે છે જયારે તમે પોતાની ફિજૂલખર્ચી બંધ કરો. આ વાત તમને આજે સારી રીતે સમજ માં આવી શકે છે.

## હીટવેવ

# હીટવેવ સામે નાગરિકોના રક્ષણ માટે રવાપર (PHC) આરોગ્ય વિભાગ સજ્જ



જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકામાં વધતી ગરમી અને હીટવેવની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આરોગ્ય વિભાગ દ્વારા નાગરિકોના રક્ષણ માટે વ્યાપક તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રવાપર સેજા હેઠળના વાલ્કામોટા, વાલકાનાના, પાનેલી, ઘડાની, ટોળિયા, રવાપર 1-2, લક્ષ્મીપર અને નેત્રા ગામોમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીની સૂચના તેમજ તાલુકા આરોગ્ય અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ જાગૃતિ અભિયાન યોજાયું હતું. આ અભિયાન દરમિયાન નાગરિકોને ગરમીમાં શરીરને હાઈડ્રેટ રાખવા પર ખાસ ભાર મુકાયો હતો. તરસ ન લાગે તો પણ નિયમિત પાણી પીવું, તેમજ તડબૂચ, કાકડી, નારંગી, નારિયેળ પાણી અને લીંબુ પાણી જેવા પદાર્થોનું સેવન કરવા આરોગ્ય વિભાગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો હતો. સામાન્ય ચૂંટણી દરમિયાન સવારના 7 વાગ્યાથી સાંજે 6 વાગ્યા સુધી તીવ્ર ગરમી વચ્ચે આરોગ્ય વિભાગ સંપૂર્ણ સજ્જ રહી પોતાની ફરજ બજાવતો રહ્યો હતો. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રવાપરથી CHO, MPHW, FHW, આશા બહેનો, આશા ફેસિલિટેટર, વહીવટી તંત્ર, FHS, MPHS અને મેડિકલ ઓફિસર સહિતનો સ્ટાફ હાજર રહી આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં સહયોગી બન્યો હતો. ગરમીના કપરા સમયમાં પણ આરોગ્ય વિભાગે પોતાની જવાબદારી નિભાવતા સેવા ભાવનાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

# મુંબઈમાં"બક્સેકાકોટ"-માનવસંવેદનાઓનો કરાર - કવિતા સંગ્રહનું ભવ્ય લોકાર્પણ



મહારાષ્ટ્રના કેબિનેટ મંત્રી શ્રી મંગલ પ્રભાત લોઢા, અન્ય પ્રતિષ્ઠિત મહેમાનો સાથે, પીઢ સાહિત્યકાર ડૉ. અમરીશ સિંહા દ્વારા લખાયેલ કાવ્યસંગ્રહ "બસ્તે કા કોટ" નું વિમોચન કરી રહ્યા છે. અન્ય ફોટોગ્રાફ્સમાં મંચ પર બેઠેલા વિવિધ મહેમાનો, તેમજ પીઢ સાહિત્યકાર ડૉ. દામોદર ખડસે અને કોંકણ રેલ્વેના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી સંતોષ કુમાર ઝા, સભાને સંબોધતા દર્શાવવામાં આવ્યા છે.

મુંબઈ : વરિષ્ઠ સાહિત્યકાર અને માનનીય રાષ્ટ્રપતિ તરફથી પુરસ્કાર પ્રાપ્ત કરનાર ડૉ. અમરીશ સિંહા દ્વારા લખાયેલ નવીનતમ પુસ્તક *બક્સે કા કોટ* (ધ બોક્સ કોટ) - નું ગૌરવપૂર્ણ લોકાર્પણ શનિવાર, 25 એપ્રિલ, 2026 ના રોજ મુંબઈના મરીન લાઇન્સમાં વેસ્ટ એન્ડ હોટેલમાં એક ભવ્ય સમારોહ દરમિયાન થયું. 'ધરોહર' - જે તેના સામાજિક, સાંસ્કૃતિક અને કલાત્મક પ્રયાસો માટે પ્રખ્યાત સંસ્થા છે - ના નેજા હેઠળ આયોજિત આ ભવ્ય સમારોહમાં મહારાષ્ટ્ર સરકારના કૌશલ્ય વિકાસ, રોજગાર અને ઉદ્યોગસાહસિકતા મંત્રી મંગલ પ્રભાત લોઢાએ ઔપચારિક રીતે પુસ્તકનું વિમોચન કર્યું. આમ કરતી વખતે, તેમણે ડૉ. સિંહાને તેમની સર્જનાત્મક યાત્રા માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી. તેમણે ટિપ્પણી કરી કે જ્યારે કવિ પોતે નવા પ્રકાશિત પુસ્તકમાંથી એક કવિતા વાંચે છે ત્યારે કાવ્યસંગ્રહનું વિમોચન ખરેખર મહત્વ મેળવે છે. આ વિનંતીને સ્વીકારીને, ડૉ. અમરીશ સિંહાએ 'બક્સે કા કોટ' નામની કવિતાનું પઠન કર્યું, જે શ્રોતાઓને ઊંડાણપૂર્વક સ્પર્શી ગઈ. કોંકણ રેલ્વેના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર, તેમજ એક લોકપ્રિય સાહિત્યકાર, સંતોષ કુમાર ઝાએ અવલોકન કર્યું કે ડૉ. સિંહાની કવિતાઓમાં રહેલી લાગણીઓ એટલી ગહન છે કે તે ફક્ત ધીમે ધીમે અને જાણી જોઈને જ વાંચી શકાય છે. તેમણે નોંધ્યું કે આ અભિગમ શ્રોતાઓમાં 'ઊંડા પાણીમાં ડૂબકી મારવા' જેવો સંવેદનાત્મક અનુભવ જગાડે છે. તેમણે પુસ્તકમાંથી ત્રણ કવિતાઓ વાંચીને અને કવિ પ્રત્યેની પોતાની લાગણીઓને છટાદાર રીતે વ્યક્ત કરીને સભાગૃહને મંત્રમુગ્ધ કરી દીધું. મહારાષ્ટ્ર રાજ્ય હિન્દી સાહિત્ય અકાદમીના ભૂતપૂર્વ કાર્યકારી અધ્યક્ષ, ડૉ. દામોદર ખડસેએ ડૉ. સિંહાની કવિતાની ચર્ચા કરી, નોંધ્યું કે તેમની કવિતાઓ જીવનની સફરની છબીઓને આબેહૂબ રીતે રજૂ કરે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે જે કોઈ પણ ડૉ. અમરીશ સિંહા સાથે એકવાર પણ જોડાય છે, તે જીવનભર તેમની સાથે બંધાયેલ રહે છે. અંતે, સાહિત્ય અકાદમી (દિલ્હી) મેગેઝિનના વરિષ્ઠ લેખક અને સંપાદક ડૉ. બલરામે તેમની સહી, અનોખી અને સ્પષ્ટ શૈલીમાં સભાને સંબોધિત કરી. યુનાઈટેડ ઈન્ડિયા ઈન્શ્યોરન્સ કંપનીના ભૂતપૂર્વ ચેરમેન મિલિંદ ખરાટે ડૉ. સિંહાના વ્યક્તિત્વ અને સિદ્ધિઓ પર વિગતવાર પ્રકાશ પાડ્યો. ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સના ભૂતપૂર્વ જનરલ મેનેજર કે.એસ. રામકુમારે ટિપ્પણી કરી હતી કે ડૉ. અમરીશ સિંહાએ હિન્દી ભાષાને કોર્પોરેટ જગત સાથે સફળતાપૂર્વક જોડી દીધી છે અને હિન્દી સાહિત્યના માધ્યમથી વીમા વ્યવસાયનું અસરકારક રીતે સંચાલન કરી રહ્યા છે. આ નોંધપાત્ર અને અનુકરણીય બંને છે. પ્રખ્યાત અભિનેતા અને ફિલ્મ દિગ્દર્શક ડૉ. ચંદ્રપ્રકાશ દ્વિવેદીએ આ પ્રસંગે બોલતા કહ્યું કે જ્યારે હૃદય લાગણીની વેદનાનો અનુભવ કરે છે ત્યારે કવિતાનો જન્મ થાય છે. 'ધરોહર' સંસ્થાના પ્રમુખ, લેખક અને વરિષ્ઠ વકીલ દીનાનાથ તિવારી - એ સમજાવ્યું કે 1996 માં સ્થાપિત 'ધરોહર', સતત અને અસરકારક રીતે સામાજિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સંચાલન કરી રહ્યું છે. તેમણે સંસ્થાના વિકાસની સફર વિશે પ્રેક્ષકોને રસપ્રદ રીતે માહિતગાર કર્યા અને પોતાના અંગત અનુભવો શેર કર્યા. 'ધરોહર' વતી, આ પ્રસંગે અનેક પ્રતિષ્ઠિત વ્યક્તિઓને શાલ, પુષ્પગુચ્છ અને સ્મૃતિચિહ્નો આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં મહારાષ્ટ્ર, ગુજરાત, બિહાર, ઝારખંડ અને દિલ્હી સહિત વિવિધ રાજ્યોના લેખકો, પત્રકારો અને બૌદ્ધિકો મોટી સંખ્યામાં ઓડિટોરિયમમાં એકઠા થયા હતા. ઉપસ્થિતોમાં કે.જી.કે. કુરુપ, ડૉ. કે.કે. મહેતા, મોહમ્મદ અસીમ સુલેમાન (મુંબઈ એક્વા લાઈન મેટ્રો રેલના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર), સેવક નય્યર (ભૂતપૂર્વ IAS અધિકારી અને વરિષ્ઠ લેખક), એડ. રાહુલ તિવારી, એડ. તૃપ્તિ તિવારી, એડ. આકાંક્ષા, મુકેશ ગૌતમ, આનંદ પ્રકાશ સિંહ, ગજાનન મહતપુરકર, સદાનંદ ચિતાલે, પ્રિયા પોકલે, શ્રેયા કાકડે, સતીશ ધુરી, સીતારામ દુબે, પ્રસાદ સામંત, નીતિન નાઈક, રોમા બિસ્વાસ, ડૉ. આરતી જાડિયા, દીપ્તિ સોની, રાજેશ સિન્હા, તથ્વા સિન્હા, તથ્વા સિન્હા, તથ્વા, રેનવી સિન્હા. સિંહ, કનક લતા તિવારી, રોશની કિરણ, વિજયા મગર, આલોક શંકર, રંજુ કુમારી, સોનલ, તુલિકા, મોનિકા સિંહા, અપૂર્વ દેસાઈ, શુભમ શ્રીવાસ્તવ, પ્રકાશક વિકાસ શર્મા, મધુ સાવંત અને ભરત અડસુલે. લગભગ બે કલાક સુધી ચાલેલા આ ભવ્ય કાર્યક્રમની શરૂઆત રાષ્ટ્રગીત, ઔપચારિક દીપ પ્રગટાવી, સરસ્વતી વંદના અને મહારાષ્ટ્ર રાજ્ય ગીત સાથે થઈ હતી. જાણીતા સ્ટેજ પ્રસ્તુતકર્તા અને કવિ પ્રિન્સ ગ્રોવરે પોતાની આગવી શૈલીમાં સમારોહનું એન્કરિંગ કરીને સમગ્ર શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા.



તસ્વીર જગદીશ દવે | દેશલપર (ગુંતલી) : નખત્રાણા-કચ્છ ના દેશલપર (ગુંતલી)ના મતદાન મથકે આરોગ્ય કેન્દ્ર દેશલપર (ગું) (PHC) ના કર્મીઓ નાગરિક કા સ્વાસ્થ્ય સેવા માટે સર્તક

# શ્રી નરસિંહ મહેતા ચોરા ટ્રસ્ટ, જૂનાગઢ દ્વારા નરસિંહ મહેતા ની ૬૧૮મી જન્મ જયંતી નિમિત્તે સંગીતમય કાર્યક્રમ નું આયોજન

નરેન્દ્ર દવે જૂનાગઢ

શ્રી નરસિંહ મહેતા ચોરા ટ્રસ્ટ, જૂનાગઢ દ્વારા નરસિંહ મહેતા ની ૬૧૮મી જન્મ જયંતી નિમિત્તે ગુજરાત રાજ્ય ના સ્થાપના દિન તા.૦૧-૦૫-૨૦૨૬ ને શુક્રવારના રોજ સવારે ૫.૪૫ કલાકે નરસિંહ મહેતા તળાવ, જૂનાગઢ ખાતે રાઘવ મ્યુઝિકનો સંગીતમય કાર્યક્રમ તથા સમગ્ર કાર્યક્રમની પ્રસ્તુતી શ્રી રાકેશ અદા દ્વારા કરવામાં આવશે તો આ કાર્યક્રમમાં નરસિંહ પ્રેમીઓને ઉપસ્થિત રહેવા સંસ્થા તરફથી નિમંત્રણ આપવામાં આવ્યું છે.

# સાત શણગાર સજી લગ્નના ફેરા પૂર્વે લોકશાહીના મહાપર્વમાં સહભાગી બનતા માખિયાળાના ડેનીશા ગજેરા

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ,તા.૨૬. લોકશાહીના મહા પર્વમાં આજે જૂનાગઢ જિલ્લામાં નાગરિકોએ ઉત્સાહભેર મતદાન કર્યુ હતુત્યારે માખિયાળા ગામમાં ફરજ અને સંસ્કારનો અનોખો સમન્વય જોવા મળ્યો હતો. માખીયાળા ગામની નવવધૂ ડેનીશા ગજેરાએ લગ્નના પવિત્ર ફેરા ફરતા પૂર્વે મતદાન મથકે પહોંચી પોતાના મતાધિકારનો ઉપયોગ કરી એક જાગૃત નાગરિકનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. જૂનાગઢ તાલુકાના માખિયાળા ગામના રહેવાસી ડેનીશા ગજેરાના આજે લગ્ન છે. જીવનના આ મહત્વના પડાવ પર પણ તેઓ પોતાની રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારી ભૂલ્યા નહોતા. સાત શણગાર સજી, લગ્નના પરિધાનમાં સજ્જ થઈને ડેનીશાબેન સીધા મતદાન મથકે પહોંચ્યા અને ગૌરવપૂર્વક મતદાન કર્યું હતું. મતદાન બાદ નવવધૂ ડેનીશા ગજેરાએ જણાવ્યું હતું કે, લગ્ન એ જીવનનો ખૂબ જ અગત્યનો પ્રસંગ છે, પરંતુ મતદાન એ દેશના નાગરિક તરીકેની



આપણી પવિત્ર ફરજ છે. મેં લગ્નના ફેરા પૂર્વે મતદાન કરવાનું નક્કી કર્યું હતું. જેથી અન્ય લોકોને પણ પ્રેરણા મળે. દરેક નાગરિકે લોકશાહીના આ પર્વમાં અવશ્ય મતદાન કરવું જોઈએ.

# મતાધિકારના ઉપયોગથી દેશનું ભવિષ્ય મજબૂત બને છે : યુવા મતદાર પ્રિયાબેન ચોવટીયાએ કાથરોટા ગામે પરિવાર સાથે કર્યું મતદાન



નરેન્દ્ર દવે જૂનાગઢ

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં યુવા મતદારોએ પણ મતદાન માટે ભારે ઉત્સાહ દર્શાવ્યો છે, જૂનાગઢના કાથરોટા ગામે યુવા મતદાર કુ. પ્રિયાબેન ચોવટીયા પોતાના માતા- પિતા અને બહેન સાથે મતદાન કરવા માટે પહોંચ્યા હતા. તેમણે જણાવ્યું કે, સહ પરિવાર મતદાન કરીને લોકશાહીની ફરજ પૂર્ણ કરી છે અને જેમને પણ મતાધિકાર મળ્યો છે તેમણે અવશ્ય મતદાન કરવું જોઈએ, વધુમાં તેમણે કહ્યું કે, મતાધિકારના ઉપયોગથી દેશનું ભવિષ્ય મજબૂત બને છે, આમ અચૂક પણે મતદાન કરવું જોઈએ.





વિસાવદરના લેરીયા ગામે પ્રાથમિક શાળા બુથ નંબર-૨ ઉપર આજરોજ જેમના શુભ લગ્ન છે એવા કન્યા દ્રષ્ટિબેન મધુભાઈ ઠુમ્મર એ આજે પોતાના મતદાનની ફરજ બજાવી પવિત્ર મતદાનનો ઉપયોગ કર્યો તે સમયના દ્રશ્યો

# જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી અનિલકુમાર રાણાવસિયાએ વડાલ ગામે મતદાન પ્રક્રિયાનું નિરીક્ષણ કર્યું



નરેન્દ્ર દવે જૂનાગઢ

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી અનિલકુમાર રાણાવાસિયાએ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંતર્ગત જૂનાગઢના વડાલ ગામે મતદાન પ્રક્રિયાનું નિરીક્ષણ કરવા પહોંચ્યા હતાં. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રીએ વડાલ ગામ ખાતેની એ.જી. હાઈસ્કૂલ ખાતેના ત્રણ મતદાન મથકોની મુલાકાત લીધી હતી, આ દરમિયાન મતદાન પ્રક્રિયાના આંકડા સહિતની વિગતોની તપાસી હતી. ઉપરાંત પ્રિસાઈડિંગ ઓફિસર અને ઉમેદવારોના એજન્ટ પાસેથી મતદાન પ્રક્રિયા વિશે તેમના પ્રતિભાવો મેળવ્યા હતા. તેમણે શાંતિપૂર્ણ અને પારદર્શક રીતે મતદાન પ્રક્રિયા ચાલી રહી છે, તેવો પ્રત્યુત્તર યક્ત કર્યો હતો. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રીએ મતદારો સાથે પણ વાતચીત કરી તેમનો ઉત્સાહ વધાર્યો હતો. આ મુલાકાત દરમિયાન પ્રાંત અને ચૂંટણી અધિકારીશ્રી ચરણસિંહ ગોહિલ પણ ઉપસ્થિત રહ્યા હતા.


# 81 વર્ષની ઉંમરે પણ મતદાન માટે ઉત્સાહ: વડીલ મતદારનું પ્રેરણાદાયી ઉદાહરણ

## ગરમી વચ્ચે પણ દેશલપર (ગુંતલી) મતદાન મથકે પહોંચી પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના દેશલપર (ગુંતલી) ખાતે યોજાયેલા મતદાન દરમિયાન 81 વર્ષીય વડીલ ડોસીમાહાજરાબાઈ જુસબ કુંભારે લોકશાહી પ્રત્યેની પોતાની અડગ શ્રદ્ધા દર્શાવી હતી.

ભારે ગરમી હોવા છતાં તેઓ પરિવારજનોના સહારે મતદાન મથકે પહોંચ્યા અને પોતાના અમૂલ્ય મતાધિકારનો ઉપયોગ કર્યો.



આ પ્રસંગે હાજર લોકોમાં પણ ઉત્સાહ જોવા મળ્યો હતો અને વડીલના આ જિજ્ઞાસા અને સંકલ્પને સૌએ બિરદાવ્યો હતો.

તેમનું આ પગલું યુવા પેઢી માટે પ્રેરણારૂપ બની રહ્યું છે કે દરેક નાગરિકે મતદાન કરવું એ માત્ર અધિકાર જ નહીં પરંતુ પોતાની ફરજ પણ છે. “મારો મત, મારો અધિકાર - મારો દેશ, મારી જવાબદારી” સંદેશ અપાયો હતો

# જામનગરમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનું મતદાન

જામનગર : જામનગરમાં આજે વહેલી સવારથી સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે મતદાન શરૂ થયું છે. મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની બેઠકો માટે આ મતદાન યોજાઈ રહ્યું છે. સવારે 7:00 વાગ્યે મતદાન શરૂ થતાં જ શહેર અને ગ્રામ્ય વિસ્તારોના વિવિધ મતદાન મથકો પર મતદારોની ભીડ જોવા મળી હતી. જામનગર જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણી માટે મતદાન મથકો પર મતદારોના ઉત્સાહ જોવા મળ્યો હતો. જોકે, ધ્રોલ તાલુકાના પીપરટોડા ગામમાં મતદાનનો બહિષ્કાર કરાયો છે. બીજી તરફ એક વાગ્યા સુધીમાં જામનગર જિલ્લા પંચાયતનું 28.29 ટકા મતદાન નોંધાયું છે. પીપરટોડા ગામના ગ્રામજનોએ એકજૂટ થઈને મતદાનનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો. એક મહિના અગાઉ બાજુના ગામના ખેડૂત દ્વારા ખેતરમાં પાણી પહોંચાડવા માટે પાઈપલાઈન નાખવા ખોદકામ કરવામાં આવ્યું હતું. આ ખોદકામના કારણે ગામના રસ્તાઓ બગડતા ગ્રામજનોને રોજિંદા અવરજવર કરવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. સમસ્યા ઉકેલવા માટે ગ્રામજનોએ ધ્રોલ તાલુકા પંચાયત, મામલતદાર કચેરી તેમજ જિલ્લા પંચાયત સુધી અનેક વખત રજૂઆત કરી હતી, પરંતુ કોઈ યોગ્ય નિરાકરણ આવ્યું નહોતું. પીપરટોડાના નારાજ ગ્રામજનોએ અંતે મતદાનનો બહિષ્કાર કરવાનો કડક નિર્ણય લીધો. 180 જેટલા મતદારો ધરાવતા પીપરટોડા ગામમાં મતદાન પ્રક્રિયા પર આ બહિષ્કારનો સ્પષ્ટ અસર જોવા મળ્યો છે.ગ્રામજનોની માંગ છે કે, તંત્ર દ્વારા તેમની સમસ્યાનો તાત્કાલિક ઉકેલ લાવવામાં આવે, ત્યારબાદ જ તેઓ લોકશાહી પ્રક્રિયામાં ભાગ લેશે. જામનગર જિલ્લામાં આવેલ સિક્કા નગરપાલિકામાં વહેલી સવારથી જ લોકો ઉત્સાહભેર મતદાન કરી રહ્યા છે. સિક્કા માધ્યમિક શાળા મતદાન મથક ખાતે સવારથી જ યુવાઓ - વૃદ્ધો મત આપવા પહોચ્યા છે.

# મતદાન કર્યા બાદ તબિયત લથડતા વૃદ્ધાનું મોત

પાટણ : પાટણ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ - જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતો અને નગરપાલિકાઓ માટે આજે મતદાન પ્રક્રિયા શરૂ થઈ છે, 9 વાગ્યા સુધીમાં 8.77 ટકા મતદાન થયું છે.કુલ 10,66,033 મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરશે. ચૂંટણીમાં જિલ્લા પંચાયતની 32 બેઠક માટે 90 ઉમેદવાર અને 9 તાલુકા પંચાયતની 170 બેઠક માટે 420 ઉમેદવાર મેદાનમાં છે. આ ઉપરાંત, પાટણ, સિદ્ધપુર અને રાધનપુર નગરપાલિકાઓની બેઠકો માટે પણ ભારે ઉત્સાહ સાથે મતદાન થઈ રહ્યું છે, જેમાં દિવ્યાંગ મતદારો માટે વહીવટી તંત્ર દ્વારા ખાસ સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ છે. પાટણના માયાનગરના કમળાબેન અનિલભાઈ (વર્ષ 60) બી એમ હાઈસ્કૂલમાં વોટીંગ કરી બહાર નીકળતાં સમયે અચાનક તબિયત લથડી ને નીચે પડ્યા. જે બાદ તેમને 108માં સારવાર માટે જનતા હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું.

# ભુજ તાલુકા પંચાયતની બેઠક ના આંણદસર ગામે ભાજપ કાર્યાલયનું ઉદ્દઘાટન કરાયો હતો

મહેશ એલ. સોની નખત્રાણા

ભુજ તાલુકાના આણંદસર ગામે તાલુકા પંચાયતની સીટ સંદર્ભે ભાજપ ચૂંટણી કાર્યાલયનું ઉદ્દ્ઘાટન કરાયો જેમાં ગામના સામાજિક ન્યાય સમિતિના ચેરમેન લીલાબેન રામજી પરમારના વરદહસ્તે ઉદ્દઘાટન કરવામાં આવ્યું સાથે જ જાહેર સભાનું પણ આયોજન કરવામાં આવ્યું ત્યાર બાદ પ્રચાર પ્રસાર માટે ઉમેદવાર શાંતિલાલ ભાવાણી સહીત ભાજપના કાર્યકરો એ આણંદસર તાલુકા પંચાયતની સીટના મતવિસ્તાર ના નથરકુઈ ગામે પહોંચ્યા હતા. ત્યારે સામૈયા સાથે સ્વાગત કરી વધાવી લેવાયો હતો. તેમજ જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું આ તકે આજુ બાજુ ના ગામના લોકો મોટી સંખ્યામાં સભા સંબોધન સંભાળવા ઉપસ્થિત રહ્યા હતા. ત્યારે આ કાર્યક્રમમાં કચ્છના પ્રભારી ફલજીભાઈ ચૌધરી, ભુજ તાલુકા પ્રભારી આણંદભાઈ આહીર ,આગેવાન કાનજી દાદા કાપડી, ભાજપ અનુ. સૂચિત જાતિ મોરચા ભુજ તાલુકા ઉપ. પ્રમુખ રવજીભાઈ રાજા સીજુ, નારાણપર જીલ્લા પંચાયત સીટ ના ઉમેદવાર ધનબાઈ પિંડોરીયા, આણંદસર તાલુકા પંચાયતના ઉમેદવાર શાંતિલાલભાઈ ભાવાણી, નારાણપર તાલુકા પંચાયત ના ઉમેદવાર કિશોરભાઈ ગાજીપરા, રબારી સમાજ ના આગેવાન જયમલભાઈ રબારી,ભુજ તાલુકા ભાજપ ઉપપ્રમુખ ભરતભાઈ ગોર, કોષાધ્યક્ષ હીનાબેન ઉમરાણીયા, રાજાભાઈ રબારી, પ્રેમજીભાઈ ભાવાણી, તથા જનસંઘી વેલા બાપા આહીર, જીનાભાઈ આહીર, દાનાભાઈ આહીર, સહિતના આગેવાનો ઉપસ્થિત રહી કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો

# ત્રીજા સૌથી વધુ અબજોપતિઓ: રિપોર્ટ અનુસાર, 2031 સુધીમાં અબજોપતિઓની સંખ્યા વધીને 313 થઈ જશે



નવી દિલ્હી | દુનિયાભરમાં દર 24 કલાકે 89 નવા લોકો 'સુપર-રિચ' ક્લબમાં સામેલ થઈ રહ્યા છે. આ સુપર-રિચ લોકો તે છે જેમની સંપત્તિ 3 કરોડ ડોલર (લગભગ 282 કરોડ રૂપિયા) થી વધુ છે. છેલ્લા પાંચ વર્ષમાં આવા સુપર રિચની સંખ્યા 162,191 વધી છે. નાઈટ ફ્રેન્કના વેલ્થ રિપોર્ટ 2026 મુજબ, આ સંખ્યા 2021માં 5,51,435 હતી, જે 2026 સુધીમાં વધીને 7,13,626 થઈ ગઈ.

ભારતમાં પણ આ તસવીર ઉત્સાહજનક છે. અહીં આવા મોટા શ્રીમંતોની સંખ્યા 2021માં લગભગ 12,000 થી વધીને 2026માં 19,877 થઈ ગઈ, જે 63% નો વધારો છે. 2031 સુધીમાં આ સંખ્યા વધુ 27% વધીને 25,217 સુધી પહોંચવાનો અંદાજ છે. 207 અબજોપતિઓ સાથે ભારત હાલમાં ત્રીજા સ્થાને છે. અંદાજ છે કે 2031 સુધીમાં દેશમાં અબજોપતિઓ 51% વધીને 313 થઈ જશે. જોકે, ગ્લોબલ અલ્ટ્રા-વેલ્થમાં ભારતનો હિસ્સો હાલમાં માત્ર 2.8% છે, પરંતુ તેની ગતિ સતત વધી રહી છે.

રિપોર્ટ મુજબ, આગામી પાંચ વર્ષમાં ઈન્ડોનેશિયામાં શ્રીમંતોની સંખ્યા સૌથી વધુ 82% વધશે. સાઉદી અરેબિયા અને પોલેન્ડમાં આ વૃદ્ધિ 63% રહેવાનો અંદાજ છે. વિયેતનામમાં પણ 59% ના વધારા સાથે નવા વેલ્થ હબ ઉભરી રહ્યા છે.

દુનિયાના સુપર રિચ લોકોમાં અમેરિકાનો હિસ્સો 2021માં 33% હતો, જે છેલ્લા પાંચ વર્ષમાં વધીને 2026માં 35% થઈ ગયો છે. વર્ષ 2031 સુધીમાં તેમનો હિસ્સો 41% સુધી પહોંચવાનો અંદાજ છે. છેલ્લા 4 વર્ષમાં બનેલા તમામ નવા સુપર રિચમાંથી 41% એકલા અમેરિકામાંથી છે.

દુનિયામાં 3,110 અબજોપતિ છે. તેમાં એશિયા-પ્રશાંત 1,116 સાથે પ્રથમ સ્થાને છે. તેણે 965 અબજોપતિ ધરાવતા ઉત્તર અમેરિકાને પાછળ છોડી દીધું છે. પાંચ વર્ષમાં સાઉદી અરેબિયામાં અબજોપતિઓની સંખ્યા સૌથી ઝડપથી 183% વધશે. ત્યારબાદ પોલેન્ડમાં 123%. સ્વીડનમાં 81% વધશે.

## નાણાકીય વર્ષ 2025-26માં ભારતમાં બચત અને રોકાણના નવા તેમજ બદલાયેલા સાધનો...

# અર્થનું અર્થઘટન : વૃદ્ધિ અને વૈવિધ્યકરણ ભાગ 24

આજે હું, નાણાકીય વર્ષ 2025-26 માં ભારતમાં બચત/રોકાણના ઘણા નવા અથવા નોંધપાત્ર રીતે બદલાયેલા સાધનો જોવા મળ્યા એના વિશે વિસ્તૃત માહિતી આપીશ...

સરકાર/નિયમનકારી તરફ થી બજેટ 2026 અને નિયમનકારો (RBI, SEBI, PFRDA) એ મુખ્ય ફેરફારોની જાહેરાત કરી: ઉદાહરણ તરીકે, સોવરિન ગ્રીન બોન્ડ (SGrBs) રજૂ કરવામાં આવ્યા હતા (એપ્રિલ'26 થી 30-વર્ષના ઈશ્યુનું આયોજન), અને સોવરિન ગોલ્ડ બોન્ડ (SGBs) ગૌણ-બજાર અથવા અકાળ વેચાણ માટે તેમની મૂડી-નફા મુક્તિ ગુમાવશે. નેશનલ પેન્શન સિસ્ટમ (NPS) ના નિયમો ઉદાર બનાવવામાં આવ્યા હતા:

કોર્પસના 80% (અગાઉના 60% વિરુદ્ધ) સુધી એકમ રકમ એક્ઝિટની મંજૂરી આપવામાં આવી હતી, જો કોર્પસ 8 લાખ હોય તો 100% ઉપાડની મંજૂરી હતી.

કરવેરાની દ્રષ્ટિએ, NPS ટાયર-1 માં હજુ પણ 50k વધારાની કપાત (સેક્શન 80CCD(1B)) મળે છે, જે હવે સગીરના NPS માટે માતાપિતા/વાલીના યોગદાન સુધી વિસ્તૃત કરી શકાય છે.

બેંકિંગ/RBI હેઠળ, બેઝિક સેવિંગ્સ બેંક ડિપોઝિટ (BSBD) ખાતાઓને મફત સુવિધાઓ (દા.ત. 4 મફત ઉપાડ) સાથે શૂન્ય-બેલેન્સ તરીકે પુષ્ટિ આપવામાં આવી છે, અને નવા નિયમોમાં રોકડ થાપણોને 10 લાખ સુધી મર્યાદિત કરવામાં આવી છે.




બેંક/પોસ્ટ ઓફિસ અને NBFC સાધનોમાં, કોઈ નવી યોજનાઓ શરૂ કરવામાં આવી નથી, પરંતુ નાની બચત દરો આકર્ષક રહ્યા છે:

ઉદાહરણ તરીકે, વરિષ્ઠ નાગરિક બચત યોજના (SCSS) હજુ પણ 8.2%, સુકન્યા સમૃદ્ધિ 8.2%, PPF/3 વર્ષનો TD 7.1%, NSC 7.7% - 2024 ના મધ્યભાગથી યથાવત.

બેંકો અને NBFCs FD (6.5-7.5%) ઓફર કરવાનું ચાલુ રાખે છે, જોકે બોન્ડ યીલ્ડ કરતા કંઈક અંશે ઓછું છે.

ઈન્ડિયા પોસ્ટ ડિપોઝિટ યોજનાઓ માટે વધુ ડિજિટલ ઍક્સેસ (e-KYC, મોબાઇલ એપ્લિકેશન્સ) રજૂ કરે છે.

મ્યુચ્યુઅલ ફંડ્સ અને ETF માં, SEBI એ સ્કીમ ફ્રેમવર્કમાં ફેરફાર કર્યો (ફેબ્રુઆરી 2026): શ્રેણીઓને 36 થી 40 સુધી વિસ્તૃત કરી ('જીવન-ચક્ર' લક્ષ્ય-તારીખ ભંડોળ અને નવા ક્ષેત્ર-દેવું ભંડોળ ઉમેરીને) અને કડક 'ટ્રુ-ટુ-લેબલ' ધોરણો લાગુ કર્યા.

ઈક્વિટી/હાઈબ્રિડ યોજનાઓ હવે સોના/ચાંદી ETF માં 'શેષ ભાગ' રોકાણ કરી શકે છે, અને જીવનચક્ર ભંડોળ સોના/ચાંદી અથવા InvIT માં 10% સુધી હોઈ શકે છે.

સોલ્યુશન-ઓરિએન્ટેડ યોજનાઓ (જેમ કે ELSS અથવા ભંડોળના ભંડોળ) તબક્કાવાર રીતે બંધ કરવામાં આવી રહી છે. નવી શ્રેણીઓમાં ઘણા નવા NFO શરૂ કરવામાં આવ્યા હતા (દા.ત. AUM-સમર્થિત ફંડ-ઓફ-ફંડ્સ, સ્મોલ-કેપ લાઈફસાઈકલ ફંડ્સ), જોકે વિગતવાર યાદીઓ અમારા કાર્યક્ષેત્રની બહાર છે.

**વીમા/પેન્શન ઉત્પાદનો પર કરવેરા ફેરફારો થયા** • ઉચ્ચ-પ્રીમિયમ ULIP (»2.5 લાખ/વર્ષ) પર હવે સંપૂર્ણપણે મુક્તિ મળવાને બદલે લાંબા ગાળાના મૂડી લાભ (1 વર્ષ દરમિયાન LTCG 12.5%) તરીકે કર લાદવામાં આવે છે. • વ્યવહારમાં, ULIP મફત આંશિક ઉપાડ સાથે 5 વર્ષનો લોક-ઈન રહે છે, પરંતુ પ્રીમિયમ મર્યાદાથી ઉપરના લાભ પર કર લાગશે. • ઉપર મુજબ, NPS, 8 લાખ રૂપિયા હોય તો 100% સુધી કોર્પસ એક્ઝિટ અને જો મોટી હોય તો 80% સુધીની મંજૂરી આપે છે, જે પ્રવાહિતામાં ઘણો સુધારો કરે છે. • EPF અથવા APY નું સ્થાન કોઈ નવી પેન્શન યોજના દ્વારા લેવામાં આવ્યું નથી; અટલ પેન્શન યોજના, PPF અને સ્ટાન્ડર્ડ પ્રોવિડન્ટ ફંડ પહેલાની જેમ જ ચાલુ રહે છે (PPF હજુ પણ 15 વર્ષનો લોક, 7.1% વ્યાજ)

# ઓપનએઆઈનું સૌથી સ્માર્ટ GPT-5.5 લોન્ચ

### હવે AI પોતે પ્રોજેક્ટ પ્લાન કરશે અને પૂરો કરશે; તેને 100 માર્કના ટેસ્ટમાં 93 માર્ક્સ મળ્યા



નવી દિલ્હી | OpenAIએ 23 એપ્રિલના રોજ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટ શેર કરી, જેમાં GPT-5.5ના લોન્ચની જાહેરાત કરવામાં આવી. - Divya Bhaskar

OpenAIએ 23 એપ્રિલના રોજ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટ શેર કરી, જેમાં GPT-5.5ના લોન્ચની જાહેરાત કરવામાં આવી.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે AI ની રેસમાં OpenAI એ પોતાનો સૌથી સ્માર્ટ અને સમજદાર AI મોડેલ GPT-5.5 રજૂ કર્યુ છે. કંપનીનો દાવો છે કે આ AIની દુનિયામાં આગલું મોટું પગલું છે, જ્યાં AI હવે ફક્ત વાતચીત નહીં કરે, પરંતુ ખરેખરમાં તમારા કામને પણ અંજામ આપશે. જૂના AI મોડેલ્સને દરેક પગલે નિર્દેશ આપવા પડતા હતા, પરંતુ GPT-5.5 ગૂંચવાયેલા અને ઘણા ભાગોવાળા કાર્યોને જાતે જ શરૂઆતથી અંત સુધી પૂરા કરી શકે છે. તમે તેને કોઈ પણ પ્રોજેક્ટ સોંપી શકો છો અને તે પોતે જ તેનું પ્લાનિંગ કરશે. નિષ્ણાત ડેવિડ ગેવિટ્ઝે આ નવા AI ને 10 અલગ-અલગ કાર્યોમાં ચકાસ્યું. ચાલો જાણીએ, તેનું શું પરિણામ રહ્યું ઓપનએઆઈએ પોતાનું સૌથી લેટેસ્ટ અને પાવરફુલ મોડેલ GPT-5.5 (કોડનેમ: Spud) 23 એપ્રિલ 2026ના રોજ લોન્ચ કર્યું છે. આ પાછલા મોડેલોની સરખામણીમાં ક્યાંય વધુ એજન્ટિક એટલે કે સ્વતંત્ર રીતે કામ કરનારું છે.

## GPT-5.5 ની મુખ્ય વિશેષતાઓ

નેટિવ ઓમ્નીમોડલ: આ ટેક્સ્ટ, ઈમેજ, ઑડિયો અને વીડિયોને એક જ સિસ્ટમમાં પ્રોસેસ કરે છે. જૂના મોડલોમાં આ વસ્તુઓ માટે અલગ-અલગ સિસ્ટમ જોડવામાં આવતી હતી, પરંતુ GPT-5.5 તેમને એકસાથે સમજે છે.

એજન્ટિક AI: આ ફક્ત પ્રશ્નોના જવાબ નથી આપતું, પરંતુ જટિલ કાર્યોને પૂર્ણ કરવા માટે પોતે જ યોજના બનાવે છે. જેમ કે: કોડ લખવો, રિસર્ચ કરવું, ડોક્યુમેન્ટ બનાવવું અને ટૂલ્સનો ઉપયોગ કરીને કામ પૂરું કરવું.

સારુ રીઝનિંગ અને સ્પીડ: આ જૂના મોડલોની સરખામણીમાં 1.5 ગણું વધુ ઝડપી છે અને તેમાં થિંકિંગ મોડ આપવામાં આવ્યો છે, જે મુશ્કેલ ગણિત અને વૈજ્ઞાનિક સમસ્યાઓને ઊંડાણપૂર્વક ઉકેલે છે.

વિશાળ કોન્ટેક્સ્ટ વિન્ડો: આ એક વખતમાં લાખો શબ્દોને યાદ રાખી શકે છે અને તેના પર કામ કરી શકે છે.

1. ચેટજીપીટી 5.5: આ સૌથી બેસ્ટ ઓલ-રાઉન્ડર છે. કોના માટે: પ્રોફેશનલ લોકો અને ઓફિસના મળતા કામો. ખાસિયત: માત્ર જવાબ નથી આપતો, પરંતુ કામનું પ્લાનિંગ અને તેને પૂરું પણ કરે છે. કામ: સ્ટ્રેટેજિક વિચાર, રિસર્ચ અને ઓટોમેશનમાં શ્રેષ્ઠ છે.

2. ક્લાઉડ: લેખન અને કોડિંગના કામમાં નિષ્ણાત. કોના માટે: સોફ્ટવેર ડેવલપર્સ અને કન્ટેન્ટ રાઈટર્સ. ખાસિયત: ભાષા સૌથી વધુ માનવીય લાગે છે. તે કોડિંગની ઊંડાઈને વધુ સારી રીતે સમજે છે. કામ: ક્રિએટિવ રાઈટિંગ અને મુશ્કેલ સોફ્ટવેર ડિઝાઈનિંગ.

3. જેમિની: ડેટામાં મહારત. કોના માટે: ગૂગલ ટૂલ્સ (જીમેલ, ડ્રાઇવ) નો ઉપયોગ કરનારા અને ડેટા એનાલિસ્ટ. ખાસિયત: મોટી ફાઈલો અને હજારો પાનાના ડેટાને એકસાથે વાંચીને સમજી શકે છે. કામ: ભારે ડેટા એનાલિસિસ.

# દેશની એન્જિનિયરિંગ નિકાસમાં નોંધપાત્ર ઘટાડો

### UAEમાં એન્જિનિયરિંગ નિકાસમાં ૬૭% અને સાઉદીમાં ૪૫%નો ઘટાડો : પશ્ચિમ એશિયા યુદ્ધ અને શિપિંગ રૂટ બંધ થવાની પ્રતિકૂળ અસર




અમદાવાદ : પશ્ચિમ એશિયા યુદ્ધ અને શિપિંગ રૂટ બંધ થવાને કારણે ભારતની એન્જિનિયરિંગ ક્ષેત્રની નિકાસમાં ભારે ઘટાડો નોંધાયો છે. સંયુક્ત આરબ અમીરાત (યુએઈ) ના બજારમાં શિપમેન્ટમાં ૬૬.૮% અને સાઉદી અરેબિયામાં ૪૫%નો ઘટાડો થયો છે. માર્ચમાં યુએઈમાં એન્જિનિયરિંગ માલની નિકાસ ઘટીને ૨૩૭.૪ મિલિયન ડોલર થઈ ગઈ જે પાછલા વર્ષના સમાન સમયગાળામાં ૭૧૪.૮ મિલિયન ડોલર હતી. સાઉદી અરેબિયાની નિકાસ માર્ચ ૨૦૨૫ માં ૪૫૦.૫ મિલિયન ડોલર થી ઘટીને ૨૪૭.૭ મિલિયન ડોલર થઈ હતી.

યુએઈ વેપાર-ટ્રાન્સશિપમેન્ટ હબ હોવાથી, ઘણા ભારતીય નિકાસકારો યુરોપ, આફ્રિકા અને યુએસએ સાથે વધુ વેપાર માટે ત્યાં વેરહાઉસ ધરાવે છે. આ ક્ષેત્રમાં તાજેતરના ભૂ-રાજકીય સંઘર્ષોએ પણ આ વેરહાઉસ પ્રવૃત્તિઓને અસર કરી છે તેમ એન્જિનિયરિંગ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલે જણાવ્યું હતું. મુખ્ય પશ્ચિમ એશિયાઈ બજારોમાં ફટકો પડયો હોવા છતાં. આ મહિના દરમિયાન એકંદર એન્જિનિયરિંગ ક્ષેત્રની નિકાસ ૧.૧૩% વધીને ૧૦.૯૪ બિલિયન ડોલર થઈ હતી. ૨૦૨૫-૨૬ દરમિયાન એન્જિનિયરિંગ ક્ષેત્રની નિકાસ ૪.૮૬% વધીને ૧૨૨.૪૩ બિલિયન ડોલર થઈ હતી.

૨૦૨૫-૨૬ માં કુલ વેપારી નિકાસમાં આ ક્ષેત્રનો હિસ્સો ૨૭.૭૧% હતો. માર્ચ ૨૦૨૬માં આ હિસ્સો ૨૮.૧૧% થી પણ વધુ સારો હતો. આગળ જતાં, નિકાસ ગતિને ટકાવી રાખવા અને લાંબા ગાળાના નિકાસ લક્ષ્યો તરફ આગળ વધવા માટે ક્ષેત્રીય સ્થિતિસ્થાપકતા, બજાર વૈવિધ્યકરણ અને લક્ષિત નીતિગત હસ્તક્ષેપોનું સંયોજન મહત્વપૂર્ણ બની રહેશે.

સપ્ટેમ્બર અને જાન્યુઆરી દરમિયાન વધારાના ટેરિફ દબાણ હોવા છતાં, યુએસ ભારતીય એન્જિનિયરિંગ નિકાસ માટે સૌથી મોટું બજાર રહ્યું, જે ૫૦% જેટલું ઊંચું હતું. યુએસમાં નિકાસ ૨.૩% વધીને ૧૯.૬ બિલિયન ડોલર થઈ હતી.

# FIIની અત્યાર સુધી કેશમાં રૂપિયા 2,27,000 કરોડની વેચવાલી : લેવાલીથી બજારને ટેકો

મુંબઈ : સમાપ્ત થયેલા સપ્તાહમાં પણ વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઈઆઈ)ની ભારતીય બજારમાં વેચવાલી જળવાઈ રહેતા વર્તમાન એપ્રિલમાં વેચવાલીનો આંક ઈક્વિટી કેશમાં વધી નેટ રૂપિયા ૫૬૩૬૩ કરોડ રહ્યો છે. સમાપ્ત થયેલા સપ્તાહમાં એફઆઈઆઈએ રૂપિયા ૧૭૧૩૮ કરોડની ઈક્વિટીસનું વેચાણ કર્યું હતું. વિદેશી રોકાણકારો સતત વેચવાલ રહ્યા છે જ્યારે ઘરેલુ સંસ્થાકીય રોકાણકારો સતત લેવાલ રહેતા બજારને ટેકો મળી રહ્યો છે.

ભારતીય ઈક્વિટીસમાંથી વિદેશી રોકાણકારોની ૨૦૨૬માં એકંદર રૂપિયા ૨,૨૬,૯૮૦.૩૭ કરોડની નેટ વેચવાલી રહી હોવાનું પ્રાપ્ત ડેટા જણાવે છે. ઈરાન-અમેરિકા યુદ્ધ બાદ ઊભી થયેલી સ્થિતિ વચ્ચે એફઆઈઆઈ ઈક્વિટીસમાં આક્રમક વેચવાલી કરી રહી છે.

ભૌગોલિકરાજકીય અનિશ્ચિતતાને પરિણામે માર્ચ બાદ એપ્રિલમાં પણ વિદેશી રોકાણકારોની વેચવાલી ચાલુ જ રહી છે. એફઆઈઆઈનો ભારતીય બજાર માટેનો વ્યૂહ અમેરિકા તથા ઈરાન વચ્ચે કેવી સ્થિતિ ઊભી થાય છે તેના પર નિર્ભર રહેશે એમ એક બ્રોકિંગ હાઉસના રિપોર્ટમાં જણાવાયું હતું. આવતા સપ્તાહે અમેરિકન ફેડરલ રિઝર્વની મળી રહેલી બેઠકના નિર્ણય પણ બજાર માટે નિર્ણયાત્મક બની રહેશે. ફેડરલ ઓપન માર્કેટ કમિટિની બેઠક ૨૮ તથા ૨૯ એપ્રિલના રોજ મળી રહી છે.

ભારતમાંથી નાણાં પાછા ખેંચી વિદેશી રોકાણકારો તાઈવાન તથા કોરિઆ જેવી અન્ય ઊભરતી બજારોમાં નાણાં ઠાલવી રહ્યા હોવાનું પણ રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે. ૨૦૨૧ના વર્તમાન દાયકામાં ૨૦૨૬ સતત છઠ્ઠુ વર્ષ છે જેમાં વિદેશી રોકાણકારોની નેટ વેચવાલી જોવાઈ રહી છે. વિદેશી રોકાણકારોની સામે ઘરેલું સંસ્થાકીય રોકાણકારો દ્વારા ભારતીય ઈક્વિટીસમાં જંગી નાણાં ઠલવાઈ રહ્યા હોવાને કારણે બજારને ટેકો મળી રહ્યો છે.

ઘરેલું સંસ્થાકીય રોકાણકારો દ્વારા ઈક્વિટી કેશમાં રૂપિયા ૨૯૦૦૮૨.૮૯ કરોડને નેટ ખરીદી રહી હોવાનું પણ પ્રાપ્ત ડેટા જણાવે છે. અત્રે ઉલ્લેખનિય છે કે જેપી મોર્ગન તથા એચએસબીસી જેવી વૈશ્વિક પેઢીઓએ ભારતીય ઈક્વિટીસને તાજેતરમાં ડાઉનગ્રેડ કરી છે ત્યારે આગળ જતા વિદેશી રોકાણકારોની આક્રમક વેચવાલી નકારી શકાય એમ નથી.

# સોનાચાંદીની જ્વેલરીની નિકાસ પેટેના ડયૂટી ડ્રોબેક દરમાં વધારો

મુંબઈ : અમેરિકાના ટેરિફ તથા ઈરાન યુદ્ધને કારણે તાજેતરમાં દેશમાંથી નિકાસને પડેલા ફટકા ઉપરાંત કાચા માલના ભાવમાં થયેલા વધારાને ધ્યાનમાં રાખી સરકાર વિવિધ માલસામાનના નિકાસકારોને રાહત પૂરી પાડવાના પગલાં લે છે. આ પગલાંના ભાગરૂપ સરકારે સોનાચાંદીની જ્વેલરીના નિકાસકારોને રાહત આપવા નિર્ણય કર્યો છે.

દેશના સોનાચાંદીની જ્વેલરીના નિકાસકારોને રાહત પૂરી પાડવાના ભાગરૂપ સરકારે ડયૂટી ડ્રોબેક નિયમો હેઠળ નિકાસકારોને વધુ રિફન્ડસ પૂરા પાડવા નિર્ણય કર્યો છે.

૨૪ એપ્રિલના જારી કરાયેલા નોટિફિકેશન પ્રમાણે સોનામાંથી બનેલી જ્વેલરી અને પાર્ટસ માટેના નવા ડયૂટી ડ્રોબેક દર જે અગાઉ પ્રતિ ગ્રામ રૂપિયા ૬૩૯.૫૯ હતા તે વધારી રૂપિયા ૭૭૩.૧૭ કરાયા છે. આજ રીતે ચાંદીમાંથી બનેલી જ્વેલરી તથા તેના પાર્ટસ પેટેના દર જે અગાઉ પ્રતિ કિલો રૂપિયા ૯૦૮૯.૩૩ હતા તે વધારી રૂપિયા ૧૪૯૯૦.૬૬ કરાયા છે.

નિકાસ માટેના માલસામાનના ઉત્પાદન પેટે આયાત કરાયેલા કાચા માલ પર વસૂલવામાં આવતી કસ્ટમ્સ તથા એકસાઈઝ ડયૂટીને નિકાસકારોને ડયૂટી ડ્રોબેકના સ્વરૂપમાં રિફન્ડ આપવામાં આવે છે. અમેરિકા દ્વારા ટેરિફમાં અવારનવાર કરાઈ રહેલા ફેરબદલથી દેશના સોનાચાંદીના નિકાસકારોની વૈશ્વિક સ્પર્ધાત્મકતા પર અસર પડી છે.

ભૌગોલિકરાજકીય અનિશ્ચિતતાને કારણે તાજેતરમાં સોનાચાંદીના વૈશ્વિક ભાવમાં જોરદાર વધારો થયો છે જેને કારણે આ કિંમતી ધાતુની આયાત મોંઘી પડી રહી છે.

# ટેકાના ભાવે ઘઉં ખરીદીનો ટાર્ગેટ 15 ટકા વધારીને 3.45 કરોડ ટન કરાયો

મુંબઈ : વર્તમાન વર્ષ માટે સરકારે ટેકાના ભાવે ઘઉંની ખરીદીનો ટાર્ગેટ જે અગાઉ ૩ કરોડ ટન રાખ્યો હતો તે ૧૫ ટકા વધારી ૩.૪૫ કરોડ ટન કર્યો છે. વર્તમાન વર્ષમાં લણણીની કામગીરી પહેલા જ કેટલાક રાજ્યોમાં કમોસમી વરસાદ પડતા ઘઉંની ગુણવત્તા પર અસર થઈ છે.

નબળી ગુણવત્તાને કારણે ખેડૂતોએ ટેકાના ભાવ કરતા નીચા ભાવે ઘઉં વેચવાની ફરજ પડી રહી હોવાનું પ્રાપ્ત માહિતી પરથી જણાય છે.આવી સ્થિતિમાં વધુ ને વધુ ખેડૂતો ટેકાના ભાવે ઘઉં વેચવાનું પસંદ કરશે તે હકીકતને ધ્યાનમાં રાખતા સરકારે ખરીદી ટાર્ગેટ વધાર્યો હોવાનું માનવામાં આવે છે.

વર્તમાન મોસમ માટે સરકારે ઘઉંના લઘુત્તમ ટેકાના ભાવમાં વધારો કર્યો હોવા છતાં મંડીઓમાં ભાવ ટેકાના ભાવથી નીચે બોલાઈ રહ્યા છે. ઘઉંના ટેકાના ભાવ પ્રતિ ક્વિન્ટલ રૂપિયા ૨૫૮૫ નિશ્ચિત કરાયા છે.

સામાન્ય રીતે કેન્દ્ર સરકાર ખરીદી ટાર્ગેટ મોસમના અંતે વધારતી હોય છે, પરંતુ વર્તમાન વર્ષમાં ઘણો વહેલો આ નિર્ણય આવી પડયો છે. વિવિધ રાજ્ય સરકારો દ્વારા પણ સરકારને આ સંદર્ભમાં વિનંતી કરવામાં આવી હતી.

ખેડૂતો પાસેથી વધુ ઘઉં ખરીદી શકાય માટે ઘઉંની ગુણવત્તાને લગતા ધોરણો હળવા કરાયા હોવાનું સરકારી સુત્રોએ જણાવ્યું હતું. ઘઉંની ખરીદીમાં વધારાને પગલે સરકાર પાસે ઉપલબ્ધતામાં પણ વધારો જોવા મળશે. દરમિયાન સરકારે પોતાના વર્તમાન વર્ષના ઘઉં ઉત્પાદન અંદાજને ઘટાડી ૧૧થી ૧૨ કરોડ ટન વચ્ચે મૂકયો છે જે અગાઉ ૧૨.૦૨ કરોડ ટન મુકાયો હતો.

# મહીસાગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી માટે શાંતિપૂર્ણ માહોલમાં મતદાનનો પ્રારંભ

જગદીશ ત્રિવેદી મહીસાગર



મહીસાગર જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તેમજ લુણાવાડા નગરપાલિકાના વોર્ડ નંબર ૫ ની ૧ બેઠકની પેટા ચૂંટણી માટે આજે સવારે ૭:૦૦ કલાકથી સંપૂર્ણ શાંતિપૂર્ણ અને ઉત્સાહવર્ધક વાતાવરણમાં મતદાન પ્રક્રિયાનો પ્રારંભ થઈ ચૂક્યો છે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર સુશ્રી અર્પિત સાગરના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવેલી પૂર્વતૈયારીઓ અને સુદ્રઢ વ્યવસ્થાના પરિણામે, જિલ્લાના તમામ મતદાન મથકો પર સમયસર અને કોઈપણ જાતની અડચણ વિના મતદાન શરૂ કરી દેવામાં આવ્યું છે. લોકશાહીના આ મહાપર્વમાં સહભાગી થવા માટે મહીસાગર જિલ્લાના મતદારોમાં ભારે થનગનાટ જોવા મળી રહ્યો છે. આજે વહેલી સવારથી જ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોના મતદાન મથકો પર મતદારોની લાંબી કતારો જોવા મળી રહી છે. વિશેષ કરીને મહિલાઓ, યુવાનો અને વરિષ્ઠ નાગરિકો ઉત્સાહભેર પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા માટે ઉમટી પડ્યા છે. સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને નાગરિકો ભયમુક્ત વાતાવરણમાં મતદાન કરી શકે તે માટે પોલીસ તંત્ર દ્વારા તમામ મતદાન મથકો પર અને સંવેદનશીલ વિસ્તારોમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. અત્યાર સુધી ક્યાંયથી પણ કોઈ અનિચ્છનીય બનાવ કે મોટી ફરિયાદ સામે આવી નથી, અને મતદાન પ્રક્રિયા અત્યંત પારદર્શક અને સરળતાથી ચાલી રહી છે. વહીવટી તંત્ર દ્વારા જિલ્લાના તમામ બાકી રહેલા મતદારોને પણ સમયસર મતદાન મથકે પહોંચી, લોકશાહીને વધુ મજબૂત બનાવવા માટે પોતાનો પવિત્ર મત અચૂક આપવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે.

### મહીસાગર જિલ્લામાં લોકશાહીનો અદભુત નજારો

# લુણાવાડાના સેના દરિયા ગોરાળા ખાતે ૧૦૭ વર્ષીય કિશોરબા સોલંકીએ કર્યું મતદાન

જગદીશ ત્રિવેદી મહીસાગર



મહીસાગર જિલ્લામાં આજે ચાલી રહેલી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીમાં મતદારોનો અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. લોકશાહીના આ પર્વમાં જ્યાં એક તરફ યુવા મતદારો ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે, ત્યાં બીજી તરફ શતાબ્દી વટાવી ચૂકેલા વડીલો પણ રાષ્ટ્ર પ્રત્યેની પોતાની ફરજ નિભાવવામાં અગ્રેસર જોવા મળી રહ્યા છે. આજે લુણાવાડા ખાતે લોકશાહીને ઉજાગર કરતું અને સૌને પ્રેરણા આપતું એક અત્યંત અદભુત દ્રશ્ય જોવા મળ્યું હતું. લુણાવાડાના સેના દરિયા ગોરાળા ખાતે ઊભા કરવામાં આવેલા મતદાન મથક પર સુતારી ગામના રહીશ અને ૧૦૭ વર્ષની અતિ જૈફ વય ધરાવતા વૃદ્ધા શ્રી કિશોરબા સોલંકીએ પોતાનો કિંમતી મત આપીને સૌને આશ્ચર્યચકિત કરી દીધા હતા. ૧૦૭ વર્ષની ઉંમરે, એટલે કે જીવનની એક સદી પૂર્ણ કર્યા પછી પણ લોકશાહી પ્રત્યેનો તેમનો સંકલ્પ જરા પણ ડગ્યો નથી. આજે સવારે જ કિશોરબા યુવાનોને શરમાવે તેવા અનેરા ઉત્સાહ સાથે પોતાના પરિવારજનો સાથે સેના દરિયા ગોરાળા મતદાન મથકે પહોંચ્યા હતા અને ઈ.વી.એમ. (EVM) મશીનનું બટન દબાવી પોતાના મતાધિકારનો પવિત્ર ઉપયોગ કર્યો હતો. ઉંમરના આ પડાવે શારીરિક મર્યાદાઓ હોવા છતાં, કોઈ પણ બહાના કાઢ્યા વિના કિશોરબાએ મતદાન કરીને અન્ય નાગરિકો માટે એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. તેમનો આ અદમ્ય ઉત્સાહ જોઈને મતદાન મથક પર ઉપસ્થિત ચૂંટણી સ્ટાફ અને અન્ય મતદારો પણ અભિભૂત થઈ ગયા હતા. ૧૦૭ વર્ષની વયે તેમનું આ મતદાન એ લોકો માટે એક જાગૃતિનો અને પ્રેરણાનો સંદેશ છે જેઓ સામાન્ય કારણોસર મતદાન કરવા જવાનું ટાળે છે.

# " મતદાન જવાબદારી છે" – પૂર્વ ઉપ-સરપંચ પ્રવિણસિંહ સોઢા દ્વારા મતદાન

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)



નખત્રાણા તાલુકાના દેશલપર (ગુ) ગામ ખાતે લોકશાહી પર્વ નિમિત્તે મતદાન ઉત્સાહપૂર્વક યોજાયું હતું. ગામના પૂર્વ ઉપ-સરપંચશ્રી તેમજ સામાજિક આગેવાન પ્રવિણસિંહ સોઢાએ મતદાન મથકે હાજરી આપી પોતાના અમુલ્ય મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. તેમણે મતદાન પ્રક્રિયામાં ભાગ લઈ અન્ય નાગરિકોને પણ મતદાન કરવા પ્રેરિત કર્યા હતા. ગરમી હોવા છતાં મતદારોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો અને લોકશાહી પ્રત્યેની જવાબદારી નિભાવતા લોકો મતદાન મથકે પહોંચ્યા હતા. પ્રવિણસિંહ સોઢાએ જણાવ્યું હતું કે, "મતદાન માત્ર અધિકાર જ નથી પરંતુ દેશ અને સમાજ પ્રત્યેની જવાબદારી પણ છે. દરેક નાગરિકે મતદાન કરીને લોકશાહી મજબૂત બનાવવી જોઈએ."

# ચૂંટણી ફરજ –ઘડાની આરોગ્ય સબ સેન્ટર



જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા-કચ્છ ની ઘડાણી પ્રાથમિક શાળામાં ચૂંટણી ફરજ દરમિયાન CHO અને ASHA ટીમ દ્વારા મતદાન મથકે આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવી. મતદાન પ્રક્રિયા દરમિયાન જરૂરી સારવાર, પ્રાથમિક સારવાર (First Aid) અને આરોગ્ય સહાયતા માટે ટીમ સતત તૈયાર રહી અને પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક નિભાવી. સુરક્ષિત અને સુચારૂ ચૂંટણી માટે આપનું યોગદાન સરાહનીય છે.

# મહીસાગર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર સુશ્રી અર્પિત સાગરે........

જગદીશ ત્રિવેદી મહીસાગર



મહીસાગર જિલ્લામાં આજે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી અંતર્ગત સવારથી જ શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પ્રક્રિયા ચાલી રહી છે. લોકશાહીના આ પર્વમાં મતદાન પ્રક્રિયા ન્યાયી, પારદર્શક અને ભયમુક્ત વાતાવરણમાં સંપન્ન થાય તે હેતુથી જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ તંત્ર દ્વારા સઘન બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર સુશ્રી અર્પિત સાગર સીધી દેખરેખ રાખી રહ્યા છે. જે અંતર્ગત જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગરે મોટા સોનેલા પ્રાથમિક શાળા ખાતે ઊભા કરવામાં આવેલા મતદાન કેન્દ્રની અચાનક મુલાકાત લીધી હતી.આ મુલાકાત દરમિયાન જિલ્લા કલેક્ટરશ્રીએ મતદાન કેન્દ્ર પર ચાલી રહેલી પ્રક્રિયાનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. વધુમાં, વર્તમાન ગરમીના માહોલને ધ્યાનમાં રાખીને જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આપવામાં આવેલી માર્ગદર્શિકા મુજબ મતદારો માટે પીવાનું પાણી અને વરિષ્ઠ નાગરિકો તેમજ દિવ્યાંગો માટે સુવિધાઓ યોગ્ય રીતે ઉપલબ્ધ છે કે કેમ તેની જાતમાહિતી મેળવીને સંતોષ વ્યક્ત કર્યો હતો.

# યુનિવર્સિટીમાં લાગણીસભર સ્મરણો વાગોળી સ્ટાફે પ્રોફેસરોને વિદાય આપી



પાટણ : પાટણ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ટીચર્સ એસોસિએશન (HNGU-TA) દ્વારા શૈક્ષણિક અને વહીવટી ક્ષેત્રના સ્તંભ સમાન પ્રોફેસરો માટે વિદાય અને સન્માન સમારોહ યોજાયો હતો. વય નિવૃત્ત થતા પ્રોફે. એસ. એ. ભટ્ટ અને પ્રોફે. સંગીતા શર્માને તેમની દીર્ઘકાલીન સેવાઓ બદલ ગરિમાપૂર્ણ વિદાય આપવામાં આવી હતી. આ પ્રસંગે વિશ્વ સ્તરે નામના મેળવનાર વૈજ્ઞાનિક ડૉ. જીગ્નેશ ત્રિવેદી અને ડેપ્યુટેશન પર નિયુક્ત ડૉ. આશિષ પટેલનું પણ વિશેષ બહુમાન કરાયું હતું. સતત 3 કલાક સુધી 68થી વધુ અધ્યાપકોએ પોતાના સાથી મિત્રો સાથે વિતાવેલી ક્ષણો વાગોળી હતી.સાથે પ્રોફે.ભટ્ટે 28 વર્ષની નિષ્ઠાપૂર્વક સેવાની યાદો તાજી કરી. પ્રોફે. સંગીતા શર્માની કાર્યનિષ્ઠાને સૌએ મુક્તમને બિરદાવી હતી.

ડૉ. રોશન અગ્રવાલના ગીત અને સાથી અધ્યાપકોના સંસ્મરણોથી વાતાવરણ ભાવભીનું બન્યું. ડૉ. દિલીપ પટેલે પ્રભાવશાળી શૈલીમાં કાર્યક્રમની ગરિમા જાળવી રાખી હતી.

# મોટા સોનેલાના યુવા મતદાર પટેલ યશકુમારે પ્રથમ વખત મતદાન કરી હર્ષની લાગણી વ્યક્ત કરી......

જગદીશ ત્રિવેદી મહીસાગર





મહીસાગર જિલ્લામાં આજે યોજાઈ રહેલી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીમાં લોકશાહીના આ મહાપર્વની અનોખી રોનક જોવા મળી રહી છે. એક તરફ વડીલો લાકડીના ટેકે મતદાન મથકે પહોંચી રહ્યા છે, તો બીજી તરફ નવી પેઢીના યુવા મતદારો પણ એટલા જ ઉત્સાહથી પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા બૂથ પર ઉમટી પડ્યા છે. જિલ્લાના મોટા સોનેલા ગામના એક યુવાને આજે પ્રથમ વખત મતદાન કરીને લોકશાહી પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવી છે. મોટા સોનેલા ગામના રહેવાસી યુવાન પટેલ યશકુમારે આજે પોતાના જીવનમાં પહેલીવાર મતદાન કર્યું હતું. યશકુમાર આજે સવારે ભારે ઉત્સાહ સાથે પોતાના ગામના મતદાન મથકે પહોંચ્યા હતા. તેમણે ઈ.વી.એમ. (EVM) મશીન દ્વારા પોતાનો કિંમતી મત આપીને લોકશાહીના આ પર્વમાં ગૌરવભેર સહભાગીદારી નોંધાવી હતી. પ્રથમ વખત મતદાન કર્યા બાદ આંગળી પર લગાવેલી શાહીનું નિશાન ગર્વથી દર્શાવતા પટેલ યશકુમારે ભારે ખુશી વ્યક્ત કરી હતી. તેમણે પોતાના પ્રતિભાવમાં જણાવ્યું હતું કે, 'આજે પહેલીવાર લોકશાહીના આ પર્વમાં જોડાઈને મતદાન કરવાનો મને ખૂબ જ ગર્વ અને આનંદ છે. આપણો એક મત આપણા વિસ્તાર અને દેશનું ભવિષ્ય નક્કી કરે છે. મેં મારી ફરજ નિભાવી છે, હવે તમારો વારો છે.' સાથે જ યશકુમારે તેમના જેવા અન્ય યુવા મિત્રો, પ્રથમ વખત મતદાન કરતા યુવા મતદારો તેમજ તમામ ગ્રામજનોને અપીલ કરતા જણાવ્યું હતું કે, કોઈ પણ કામ પડતું મૂકીને સૌપ્રથમ મતદાન કરવા જવું જોઈએ અને આ પવિત્ર ફરજ અચૂક નિભાવવી જોઈએ.

# પાટણના પાંખી વર્કશોપમાં 70 બહેનોએ હાથ પંખા બનાવવાની હસ્તકલા શીખી

પાટણ : પાટણ શહેરના ઐતિહાસિક અને આસ્થાના કેન્દ્ર દ્વારકાધીશ મંદિર ટ્રસ્ટ સંચાલિત પાઠશાળા દ્વારા વૈષ્ણવ કાળની પરંપરાને જીવંત રાખવા માટે બે દિવસીય વિશેષ 'પાંખી વર્કશોપ'નું આયોજન કરવામાં આવ્યું હતું. ઉનાળાની આકરી ગરમીમાં ઠાકોરજીને શીતળતા અને સુખ પ્રદાન કરવા માટે ઉપયોગમાં લેવાતા કલાત્મક પાંખી (હાથ પંખા) બનાવવાની તાલીમ આ કાર્યક્રમમાં આપવામાં આવી હતી. આ સેમિનારમાં પાટણની આશરે 70 જેટલી બહેનો અને વૈષ્ણવોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ડૉ ચિરાગભાઈ ગોહિલ અને મંદિરના ટ્રસ્ટી મંડળના માર્ગદર્શન હેઠળ આયોજિત આ વર્કશોપનો મુખ્ય હેતુ ઠાકોરજીના શણગાર અને સેવામાં વપરાતી પ્રાચીન કલાને નવી પેઢી સુધી પહોંચાડવાનો હતો. તાલીમ દરમિયાન બહેનોને વિવિધ પ્રકારના કાપડ, મોતી અને જરીકામનો ઉપયોગ કરીને આકર્ષક પાંખી બનાવવાની રીત શીખવવામાં આવી હતી. મહત્વનું છે કે, આ પ્રકારના આયોજનથી માત્ર ધાર્મિક પરંપરાનું જતન જ નથી થતું, પરંતુ બહેનોમાં રહેલી હસ્તકલાને પણ વેગ મળે છે. આ કલા દ્વારા બહેનો આત્મનિર્ભર બની ઘરે બેઠા રોજગારી પણ મેળવી શકે છે. સેમિનારના અંતે સહભાગીઓએ જણાવ્યું હતું કે, આ કલા શીખીને તેઓ હવે પોતે જ ઠાકોરજી માટે પાંખી બનાવી શકશે, જે સેવાનો પરમ આનંદ આપશે. મંદિર ટ્રસ્ટના આ નવતર પ્રયોગની પંથકમાં પ્રશંસા થઈ રહી છે.

# ફાલસા ના ફાયદાઓ

હવામાન ખાતાની આગાહી છે કે ગરમી નું તાપમાન હજુ વધશે.વિચાર કરો ૪૦ ડિગ્રી તાપમાન માંજ આપણા બધાના પરસેવા છૂટી જાય છે તો ૪૫ ડિગ્રી તાપમાન નો પારો જશે ત્યારેફિકર નોટ ગરમીના સખત તાપ ની સામે લડવાના હથિયાર કુદરત પાસે છે. આપણે જાણીએ છીએ કે સખત તાપ ના લીધે પરસેવો વધારે થાય છે. પરસેવા વધારે થવાના કારણે શરીર ની અંદર નું પ્રમાણ ગડબડ થતા પાણીની અછત સર્જાશે.આ કારણોસર ચક્કર આવવા,વોમિટીંગ થવી,આંખ આવવી, ડી હાઈડ્રેશન થવું,આંખો બળવી વગેરે વગેરે પ્રકારની અનેકો અનેક સમસ્યાઓ સર્જાશે."પાણી"એ શરીર ની સ્નાયુઓને થી લઈને ચુસ્ત તંદુરસ્ત રાખવા માટે મુખ્ય પરિબળ છે. જો આખા દિવસ માં ભોજન ચાર વખત કરો ને પાણી ન પીવો તો ચયાપચય ની ક્રિયા નબળી પડતા ખાધેલો ખોરાક પચતો નથી. ભલે આપણે "અન્ન બ્રહ્મ" બોલીએ છીએ પણ પાણી ના અભાવે તો જમીન માં અન્ન પણ ઊગતું નથી એટલે તો ખવાય શબ્દ પહેલા પીવાય શબ્દ પ્રથમ આવ્યો હશે. આ કારણોસર જ કુદરત એ ઈશ્વર ના સર્જન ને અનુકૂળ ઋતુ મુજબ ના ફળફળાદી નું સર્જન કર્યું છે.

ઉનાળા ની ઋતુ માં બઝાર માં બધેય નાના ચણી બોર ની સાઇઝ ના જાંબુડિયા કલર ના પોષકતત્વો ના ભંડાર ફાલસા જોવા મળશે. ફાલસા નું વૈજ્ઞાનિક નામ ગ્રેવિયા એશિયાટિક છે ફાલસા મૂળ દક્ષિણ એશિયા માં ભારત,પાકિસ્તાન અને કંબોડિયા છે પહેલા ભારત ભર માં ફાલસા ની ખેતી ખુબ થતી હતી પણ અત્યારે પ્રમાણ માં ફાલસા ની ખેતી ઓછી થાય છે.આમ તો ફાલસા ને કુદરત માં ઉગતા અન્ય ફળો ની સરખામણી માં પાણી ઓછું જોઈએ છીએ.ફાલસા ના છોડ ને પાણી નું પ્રમાણ જમીન નો પ્રકાર,ભેજ ગ્રહણ શક્તિ અને છોડ ની ઉંમર અનુસાર પાણી ની જરૂરિયાત થાય છે. ઉનાળાની ઋતુ માં ફાલસા નું જ્યૂસ પી ને બહાર નીકળશો તો શરીર ની અંદર ની ગરમી શાંત થશે. ઉનાળા ની ઋતુ માં શરીર ની અંદર નેચરલ કૂલર નું કામ કરી શકે છે. ફાલસા નામ થી બધા પરિચિત જ હશો આધુનિક સમયમાં વિદેશી ફળફળાદી ના સરબત સાથે આપણા ફાલસા નું સરબત પણ વેચાય છે એટલે ખાટ્ટા ખાટ્ટા વિટામિન સી થી ભરપૂર ફાલસા ઉનાળા નું મુખ્ય આકર્ષણ સમજો. ફાલસા ને મીઠા સાથે ભેળવી ને ખાવાની મજા વધારે આવે છે. ઉનાળા ની ઋતુ માં ફાલસા શરીર ની અંદર ઠંડક અને પાણી ની માત્રા વધારી શકે છે. વિટામિન બી૧,બી૨,બી૩,કેલ્શિયમ,



- રુપાલી દવે

ફોસ્ફરસ,આયર્ન,ફાઈબર થી ભરપૂર ફાલસા ના ફાયદાઓ અનેક છે ગેરફાયદા શૂન્ય સમજો.

ફાયદાઓ :

ગરમી માં ફાલસા નેચરલ કૂલર નું કામ કરે છે એટલે ગરમી ભર બપોરે બહાર નીકળતા લું લાગવી,ચક્કર આવવા,માથાનો દુઃખાવો થવો વગેરે માં ફાલસા નું શરબત બેસ્ટ ઉપાય છે. ફાલસા માં ફાઈબર નું પ્રમાણ ભરપૂર માત્રા મા હોવાથી કબજિયાત જેવા દર્દ દાયક રોગ થી રાહત અપાવે છે. એસી ડી ટી ,અપોચા સાથે ફાલસા ગેસ્ટ્રીક સમસ્યા થી પણ કાયમી રાહત અપાવી ને ભૂખ વધારે છે. ફાલસા માં વિટામિન સી નો સ્ત્રોત વધારે જોવા મળે છે એટલે જ એને ઈમ્યુનિટી બૂસ્ટર પણ માનવામાં આવે છે.આ કારણોસર શરદી,ખાંસી અને અન્ય મૌસમી શ્રવાસ ને લગતી બીમારીઓ થી રક્ષણ આપે છે. ફાલસા માં એન્ટિઓક્સિડન્ટ ની માત્રા ભરપૂર હોવાના લીધે ફ્રી રેડિકલ્સ નો નાશ કરીને સેલ્સ ને નુકશાની થી બચાવે છે. ફાલસા માં ઉપલબ્ધ પોટેશિયમ અને આયર્ન જેવા મિનરલ્સ બ્લડ ફ્લો ને સુધરવા માં મદદરૂપ થાય છે.જે બ્લડ પ્રેશર ને કંટ્રોલ માં રાખીને ધડકન ને સામન્ય રાખે છે જેથી ભવિષ્ય માં હાર્ટ ડિઝીઝ નો ખતરો રહેતો નથી. ફાલસા માં આયર્ન નું પ્રમાણ વધારે હોવાથી બ્લડ ચોખ્ખું રાખે છે એટલે જ ફાલસા નું નિયમિત સેવન કરવાથી શરીર માં ગડ ગુમડા, ફુલસી વગેરે વગેરે અન્ય ત્વચા ને લગતી બીમારી થતી નથી.

એનિમિયા ના રોગ સામે ઝઝૂમી રહેલ દર્દીઓ માટે ફાલસા ને વરદાન થી કમ આંકી શકાય નહી. ફાલસા ખાવાથી આયર્ન ની ઉણપ ઓછી થતા ભરપૂર માત્રામાં સોડિયમ મળતા માથા ના દુખાવા,થાક, નબળાઈ,વગેરે સમસ્યાઓ થી છુટકારો મળે છે. ફાલસા ખાવાથી શરીર ની અંદર શ્યુગર લેવલ કંટ્રોલ માં રહેતો હોવાથી ડાયાબિટીસ વધતું નથી. ફાલસા ફળ ની માફક જ એના બીજ અને પાન પણ ખૂબ ઉપયોગી હોય છે.

ફાલસા ના પાન ઔષધીય ગુણો થી ભરપૂર હોય છે ફાલસા ના પાન ને પાણી અને સાકર મિક્સર માં પીસી ને પીવાથી પેટ ની સમસ્યાઓ થી રાહત થાય છે. ફાલસા ના પાન ને પીસી ને ઘાવ પર લગાડવા થી રૂઝ જલ્દી આવી જતી હોય છે.જ્યારે ફાલસા ની સીઝન ના હોય ત્યારે ફાલસા ના પાન પણ નિયમિત ઉપયોગ માં લઈ શકાય છે. પિતજન્ય રોગો જેવાકે પિતદોશ ને ફાલસા ના પાન શાંત કરે છે. મોઢા પર ડાઘ પડ્યા હોય કે ખીલ થયા હોય ફાલસા ને બારીક વાટી ને એનો લેપ નિયમિત લગાવતા ચહેરા ની સ્કિન ચોખ્ખી થઈ જાય છે.

સાચું કહું આપણા ને તો ઉનાળા ના ઔષધિય ખટ્ટા મીઠા ફળ ફાલસા ખૂબ જ ભાવે છે. ફાલસા નું જ્યૂસ જેટલું સ્વાદ માં બેસ્ટ હોય છે તેટલું જ ફાલસા ને નમક સાથે ભેળવીને ખાવાની મજા આવે છે.


ઉપાયો :

પેટ ના દુખાવા માટે: ત્રણ ગ્રામ શેકેલા અજમા માં ૨૫ થી ૩૦ ગ્રામ ફાલસા નો રસ ભેળવી ને સહેજ ઉકાળી ને ઠંડુ કરીને પીવો.

યાદ શક્તિ વધારવા : નિયમિત નાના બાળકો ને નાસ્તા સાથે ફાલસા નું જ્યૂસ આપો,કેમ? ફાલસામાં ઉપલબ્ધ વિટામિન સી અને આયર્ન એ મગજનું બ્લડ સેક્યુલેશન વધારવા માં સક્ષમ છે એટલે.

રેસીપી: ફાલસા નું જ્યૂસ ફાલસા ને સિંધા નમક અને પાણી સાથે મિક્સર ગ્રાઈન્ડર માં જ્યુસ વાસણ માં નાખી ને મિક્સ કરી લ્યો. આ બાદ તૈયાર થયેલ મિશ્રણ ને નાના કાણા વાળા સાધન થી ગાળી નાખો. તૈયાર જ્યુસ ને મોટા કાચ ના ગ્લાસ માં ભરી ને સર્વ કરો. ફાલસા ના પાન અને બીજ શરીર માટે ફાયદાકારક હોવાથી ફાલસા ને બીજ સાથે મિક્સર માં ગ્રાઈન્ડ કરવાથી નુકશાન થતું નથી. ઉનાળા ની ભયાનક ગરમી માં બહાર નીકળતા પહેલા ફાલસા નો જ્યુસ પીવાનું ખાસ ભૂલતા નહી.

# ડોગ ફૂડમાં કેટેગરી લીડર પેડિગ્રી® બ્રાન્ડ પેટ પેરન્ટ્સ સાથે ગ્રેવી રેન્જ પ્રેરિત કરવા માટે ભારતીય ક્રિકેટર જેમિમાહ રોડ્રિગ્સમાં ચેમ્પિયન શોધે છે





માર્સ ઈનકોર્પોરેટેડ દ્વારા આજે ભારતીય ક્રિકેટર અને પેટ પેરન્ટ Jemimah Rodrigues સાથે સહયોગમાં ભારતમાં પેડિગ્રી® બ્રાન્ડ નવી ડિજિટલ પ્રથમ કેમ્પેઈન લોન્ચ કર્યાની ઘોષણા કરી હતી. કેમ્પઈન આધુનિક પેટ પેરન્ટિંગની બદલાતી વાસ્તવિકતા પર આધારિત છે, જે તેમના પેટ્સને ભાવે તે સ્વાદ સાથે બાંધછોડ કર્યા વિના વધુ માહિતગાર, પોષણ પ્રેરિત ખાવાનું આપવાની બાબતમાં બદલાવને પ્રોત્સાહન આપે છે. 8 ચિકન લિટર1ના પ્રોટીનની સમકક્ષ, 100 ટકા સંપૂર્ણ અને સંતુલિત પોષણ સાથે જોડતાં તે ભલામણ અનુસાર ખવડાવાય ત્યારે પેડિગ્રી® ગ્રેવી પેટ્સ માટે સ્વાદિષ્ટ અને પોષક પસંદગી છે. સમર્પિત પેટ પેરન્ટ અને ભારતની અવ્વલ યુવા સ્પોર્ટસ હસ્તીમાંથી એક તરીકે જેમિનાહ તેની શિસ્ત, ઊર્જા અને પરફોર્મન્સ પ્રેરિત વિચારધારા માટે જ્ઞાત છે. તેણે કેમ્પેઈન માટે ક્રિકેટર તરીકે અને પેટ પેરન્ટ તરીકે પણ અવાજ આપ્યો છે, જે પેટ્સ માટે યોગ્ય ફીડિંગ પસંદગી કરવાના મહત્ત્વને સમજે છે. પેડિગ્રી® ગ્રેવી રોજબરોજનું ફીડિંગ સમાધાન છે, જેને વોલ્થેમ પેટકેર સાયન્સ ઈન્સ્ટિટ્યૂટનો ટેકો છે. આ દર્શાવે છે ભારતમાં વેટ ફૂડ શ્રેણીમાં માર્સ પેટ ન્યુટ્રિશન આગેવાન છે. દાયકાઓના વૈશ્વિક પોષકીય સંશોધનને સ્થાનિક ફીડિંગ આદતો સાથે જોડતી ફોર્મેટ્સ સાથે બ્રાન્ડે સંતુલિત પોષણને વધુ જ્ઞાનાકાર અને ઘરે બનાવેલા ભોજનને પૂરકતરીકે નોંધપાત્ર રીતે મદદ કરી છે. કેમ્પેઈન જેમિમાહ રોડ્રિગ્સને ચમકાવતી ક્રિકેટ થીમની ફિલમો થકી જીવંત કરાઈ છે, જે પેટ્સ અને તેમના પેરન્ટ્સ વચ્ચેના રોજબરોજના અવસરોને મઢી લે છે અને પેડિગ્રી® ગ્રેવી નિત્યક્રમના ફીડિંગને ખુશી અને જોડાણના અવસરમાં ફેરવી શકે તે આલેખિત કરે છે.માર્સ પેટ ન્યુટ્રિશન ઈન્ડિયાના ચીફ માર્કેટિંગ ઓફિસર આયેશા હુડાએ જણાવ્યું હતું કે, "આગેવાન તરીકે માર્સ પેટ ન્યુટ્રિશને ભારતમાં ગ્રેવી શ્રેણી નિર્માણ કરવામાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. વેલ્થેમ પેટકેર સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ તરફથી દાયકાઓના સંશોધનને આધારે અમે વેટ ફૂડ સંપૂર્ણ પોષકીય વિકલ્પ છે એ સમજદારીને આકાર આપવામાં મદદ કરી છે, જે પરિચિત ફીડિંગ આદતો સાથે સુમેળ સાધે છે. તેમણે ઉમેર્યું કે, "પેટ પેટન્ટનો હેતુ ઉત્ક્રાંતિ પામી રહ્યો છે ત્યારે ખાસ કરીને પેટ્સની પોષકીય જરૂરતોને પહોંચી નહીં વળી શકે તેવા ઘરમાં બનાવેલા ખાદ્ય પર અતિનિર્ભરતા સાથે રોજબરોજના ફીડિંગ વ્યવહારોમાં અંતર છે. પેડિગ્રી® ગ્રેવી સાથે અમે મજેદાર સ્વાદ અને પરિપૂર્ણ, સંતુલિત પોષણ એકત્ર લાવ્યા છીએ, જે પીડિંગ પસંદગીને વધુ આસાન, રિલેટેબલ અને રોજબરોજના રુટિન્સનો હિસ્સો બનાવે છે.'' જેમિમાહ રોડ્રિગ્સકહે છે, 'પેટ પેરન્ટ તરીકે હું હંમેશાં માનવી રહી છું કે તમારા પેટ માટે સંભાળ ફીડિંગની પાર જા. છે. તે તેમને માટે યોગ્ય શું છે તે જાણવામાં છે.

# અર્ચના પૂરણ સિંહનો દીકરો 'ક્રેડિટ કાર્ડ સ્કેમ'નો શિકાર

## ફ્રી ટ્રાયલના નામે કંપનીએ આયુષ્માનના ખાતામાંથી ₹87 હજાર ઉપાડી લીધા

(એજન્સી) મુંબઈ | તા.26

અર્ચના પૂરણ સિંહ અને પરમીત સેઠીનો નાનો દીકરો આયુષ્માન સેઠી તાજેતરમાં કથિત 'ક્રેડિટ કાર્ડ સ્કેમ'નો શિકાર બન્યો. તેની સાથે 87,000ની છેતરપિંડી થઈ. આ ઘટના વિશે આયુષ્માને મોટા ભાઈ આર્યમાનના યુટ્યુબ વ્લોગમાં જણાવ્યું.

વ્લોગના એક ભાગમાં ગભરાયેલા આયુષ્માન કહેતો જોવો મળ્યો, 'મારા ક્રેડિટ કાર્ડમાંથી 87,000 કપાઈ ગયા.' બાજુમાં બેઠેલી અર્ચનાએ તરત કહ્યું, 'કાર્ડ કેન્સલ કરો. ક્રેડિટ કાર્ડ કંપનીને ફોન કરો.'



આયુષ્માને જણાવ્યું, તેણે 7 દિવસના ફ્રી ટ્રાયલના નામે આખા વર્ષના પૈસા લઈ લીધા. આ સાંભળીને અર્ચનાએ આશ્ચર્ય વ્યક્ત કર્યું અને ફરીથી કાર્ડ કેન્સલ કરવાની સલાહ આપી.

આના પર પરમીતે કહ્યું, 'કાર્ડ નહીં, પેમેન્ટ કેન્સલ કરો.' આયુષ્માને પૂછ્યું, 'તે વિકલ્પ ક્યાં મળશે?' આ સાંભળીને આખો પરિવાર હસી પડ્યો.

આર્યમાને મજાકમાં કહ્યું, 'આ પૈસા મમ્મી-પપ્પા પાસેથી નહીં મળે.' અર્ચનાએ પણ કહ્યું, 'આ તારા પોતાના પૈસા છે.' આયુષ્માને સ્પષ્ટતા કરતા કહ્યું, 'મેં આ પપ્પા માટે કર્યું હતું.' આર્યમાને જણાવ્યું કે, આ પહેલા પણ આયુષ્માન સાથે આવું થઈ ચૂક્યું છે. તેણે કહ્યું, 'જ્યારે અમે મારા ગીત 'છોટી બાતેં'ની રેકી કરી રહ્યા હતા, ત્યારે આયુષ્માનને મેસેજ આવ્યો હતો કે તેના પ્લેસ્ટેશન એકાઉન્ટમાંથી લગભગ 80,000 કપાઈ ગયા છે, જે પાછા મળ્યા નથી.'

વર્તમાન મામલા પર આયુષ્માને જણાવ્યું, 'કોઈએ મારી પરવાનગી વગર મારા ક્રેડિટ કાર્ડમાંથી પૈસા લઈ લીધા. 7 દિવસના ટ્રાયલનો વિકલ્પ હતો અને કહેવામાં આવ્યું હતું કે સાતમા દિવસ પછી ચાર્જ કરશે, પરંતુ તેણે એક જ વારમાં આખા વર્ષના 87,000 કાપી લીધા.'

પરમીતે કહ્યું, 'તું હંમેશા ઉતાવળમાં રહે છે.' આના પર આયુષ્માને જવાબ આપ્યો, 'હું ઉતાવળમાં નહોતો. હું આ તમારા માટે કરી રહ્યો હતો. હું જ તેને સંભાળી રહ્યો છું અને પોતે જ ઠીક કરીશ.'

પછી જ્યારે વેબસાઈટનું નામ પૂછવામાં આવ્યું, ત્યારે આયુષ્માને કહ્યું કે, તેને આ સમયે તેનું નામ યાદ નથી. તેણે સ્પષ્ટ કર્યું કે, આ કોઈ શંકાસ્પદ વેબસાઈટ નહોતી, પરંતુ તે તેનો ઉપયોગ કરી રહ્યો હતો. તેણે જણાવ્યું, 'પહેલા $0 નું ટ્રાન્ઝેક્શન થયું, જેને મેં મંજૂરી આપી. પછી એક કલાક પછી મારી પરવાનગી વિના 87,000 કાપી લેવામાં આવ્યા.'

જ્યારે આર્યમાને પૂછ્યું કે, 'શું કંપનીનો સંપર્ક કરવાની કોઈ રીત છે?' તો આયુષ્માને કહ્યું, 'તેઓ ફક્ત AI સાથે વાત કરાવી રહ્યા છે.' આના પર પણ પરિવાર હસી પડ્યો.

પરમીતે સૂચવ્યું કે, કંપનીના હેલ્પ સેન્ટરના ઈમેઈલ પર સંપર્ક કરી શકાય છે. આના પર આયુષ્માને કહ્યું કે, લગભગ એક વર્ષ પહેલા પણ તેની સાથે આવો જ ફ્રોડ થયો હતો.

આના પર આર્યમાનની મંગેતર યોગિતા બિહાનીએ મજાકમાં કહ્યું, 'એટલે કે ફ્રોડ કરનારાઓ માટે તું રેગ્યુલર કસ્ટમર છે.'

# રાકેશ બેદીને 'ધુરંધર' માટે ₹1 કરોડનું બોનસ મળ્યું...!

(એજન્સી) મુંબઈ | તા.26

આદિત્ય ધરની ફિલ્મ 'ધુરંધર' અને તેની સિક્વલે બોક્સ ઓફિસ પર રેકોર્ડ તોડ કમાણી કરી છે. ફિલ્મમાં રણવીર સિંહના એક્શનની સાથે-સાથે એક્ટર રાકેશ બેદીના પાત્ર 'જમીલ જમાલી'ની ખૂબ ચર્ચા થઈ રહી છે. તાજેતરમાં સમાચાર આવ્યા હતા કે, મેકર્સે રાકેશ બેદીના પર્ફોર્મન્સથી ખુશ થઈને તેમને કોન્ટ્રાક્ટથી અલગ 1 કરોડ રૂપિયાનું બોનસ આપ્યું છે. હવે ખુદ રાકેશ બેદીએ આ સમાચારો પર મૌન તોડ્યું છે અને રસપ્રદ અંદાજમાં તેનો જવાબ આપ્યો છે.

ફી કરતાં વધુ બોનસ મળવાની ચર્ચા હતી 'બોલિવૂડ હંગામા' (એન્ટરટેઈનમેન્ટ વેબસાઈટ)ના એક રિપોર્ટ અનુસાર, રાકેશ બેદીને શરૂઆતમાં બંને ફિલ્મો માટે કુલ 50 લાખ રૂપિયાની ફીસ આપવામાં આવી હતી. પરંતુ સિક્વલની મોટી સફળતા અને 'જમીલ જમાલી'ના પાત્રને મળેલા પબ્લિક રિસ્પોન્સને જોતા ડિરેક્ટર આદિત્ય ધર અને તેમના ભાઈ લોકેશ ધરે તેમને બોનસ તરીકે 1 કરોડ રૂપિયાનો ચેક આપ્યો.


'પૈસા ક્યાં છે મને પણ જણાવો' જ્યારે NDTVએ રાકેશ બેદીને આ 1 કરોડના બોનસ વિશે પૂછ્યું, ત્યારે તેમણે પોતાની શૈલીમાં આ દાવાઓને ખોટા ગણાવ્યા. તેમણે મજાક કરતા કહ્યું, "ભાઈ, આ પૈસા ક્યાં છે? કોની પાસે રાખ્યા છે, મને તો ખબર જ નથી."

તેમણે આગળ હસતા કહ્યું કે, 'જો કોઈને ખબર પડે કે પૈસા ક્યાં છે, તો મને જરૂર જણાવે, હું પોતે જઈને લઈ આવીશ કારણ કે મારા બેંક ખાતામાં તો હજુ સુધી આવી કોઈ રકમ આવી નથી.'

70 વર્ષની ઉંમરે રાકેશ બેદીનો ક્રેઝ વધ્યો 'ધુરંધર' ફ્રેન્ચાઈઝીમાં રાકેશ બેદીનો રોલ પહેલા એક સપોર્ટિંગ પાત્ર જેવો હતો, પરંતુ સિક્વલમાં આવેલા એક મોટા ટ્વિસ્ટે તેમને વાર્તાના કેન્દ્રમાં લાવી દીધા. જમીલ જમાલીના પાત્રમાં કોમેડી અને ઈમોશન્સનો એવો તાલમેલ હતો.

# 'પંજાબ કિંગ્સ'ની જીત પર પ્રીટિ ઝિન્ટા ગદગદ

## ખેલાડીઓ પર પ્રેમ વરસાવ્યો, વિરોધી ટીમના બેટ્સમેન કેએલ રાહુલની ઇનિંગના વખાણ કર્યા



શનિવારે IPL મેચમાં 'પંજાબ કિંગ્સ'એ 'દિલ્હી કેપિટલ્સ'ને છ વિકેટે હરાવ્યું, ત્યારબાદ ટીમની સહ-માલિક પ્રીટિ ઝિન્ટાએ ખુશી વ્યક્ત કરી. તેણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર તસવીરો શેર કરીને ટીમ અને ખેલાડીઓના પ્રદર્શનની પ્રશંસા કરતા જીત બદલ અભિનંદન પાઠવ્યા.

પ્રીટિએ પોતાની પોસ્ટમાં સૌથી પહેલા વિરોધી ટીમ 'દિલ્હી કેપિટલ્સ'ના બેટ્સમેન કેએલ રાહુલની શાનદાર ઈનિંગ્સ માટે તેને અભિનંદન પાઠવ્યા.

તેમ જ, પ્રીટિએ પોતાની ટીમ વિશે લખ્યું, "શ્રેયસ ઐયર, આ જીત રેકોર્ડમાં નોંધાઈ જશે. આજે ખરેખર ગરમી હતી." સાથે જ તેણે પ્રભસિમરન સિંહ, પ્રિયંશ આર્યા, નેહાલ વઢેરા અને શશાંક સિંહની પણ પ્રશંસા કરી.

મેચની વાત કરીએ તો, 'પંજાબ કિંગ્સ'એ T20 ઈતિહાસના સૌથી મોટા લક્ષ્યોમાંથી એક 265 રનને સફળતાપૂર્વક ચેઝ કરી. દિલ્હી તરફથી કેએલ રાહુલે 67 બોલમાં 152 રનની રેકોર્ડબ્રેક ઈનિંગ રમી. આ સાથે તે IPLમાં 150 રન બનાવનાર પ્રથમ ભારતીય બેટ્સમેન બન્યો. તેણે ભારતના પુરુષ T20 ક્રિકેટમાં સર્વોચ્ચ વ્યક્તિગત સ્કોરનો રેકોર્ડ પણ પોતાના નામે કર્યો, જોકે તેની આ ઈનિંગ ટીમ ને જીત અપાવી શકી નહીં.'પંજાબ કિંગ્સ'એ આ પહેલા 2024 સીઝનમાં 'કોલકાતા નાઈટ રાઈડર્સ' સામે 262 રન ચેઝ કરીને રેકોર્ડ બનાવ્યો હતો. આ વખતે ટીમે પોતાનો જ રેકોર્ડ તોડી નાખ્યો.આ જીત સાથે 'પંજાબ કિંગ્સ' છ જીત અને એક અનિર્ણિત મેચ સાથે 13 પોઈન્ટ પર પહોંચી ગઈ છે અને અત્યાર સુધી એક પણ મેચ હારી નથી. જ્યારે 'દિલ્હી કેપિટલ્સ' ત્રણ જીત અને ચાર હાર સાથે છઠ્ઠા સ્થાને છે, જેના છ પોઈન્ટ છે.

# 'હું દાઉદ ઈબ્રાહિમ સાથે જોડાઈ રહ્યો છું'

## પ્રકાશ રાજનો પરિણીતિના પતિ રાઘવ ચઢ્ઢા પર કટાક્ષ; AAP છોડી સાંસદે કેસરિયા ધારણ કરતા 'સિંઘમ' એક્ટરનો પલટવાર

(એજન્સી) મુંબઈ | તા.26

આમ આદમી પાર્ટી છોડીને BJPમાં સામેલ થનારા સાંસદ અને બોલિવૂડ એક્ટ્રેસ પરિણીતિ ચોપરાના પતિ રાઘવ ચઢ્ઢા પર 'સિંઘમ' એક્ટર પ્રકાશ રાજે કટાક્ષ કર્યો છે.

પ્રકાશ રાજે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (અગાઉ ટ્વિટર) પર પોતાની પોસ્ટમાં લખ્યું, 'હું પોલીસ ફોર્સ છોડી રહ્યો છું કારણ કે તેઓ અપરાધ સામે લડવાના પોતાના મૂલ્યોથી ભટકી ગયા છે. તેથી હું દાઉદ ઈબ્રાહિમ સાથે જોડાઈ રહ્યો છું - રાઘવ ચડ્ડી.' આ સાથે તેમણે હસતો ઈમોજી અને ★justasking પણ લખ્યું.

વર્કફ્રન્ટની વાત કરીએ તો, પ્રકાશ રાજની ઘણી ભાષાઓમાં ઘણી ફિલ્મો આવવાની છે. તેઓ 'જન નાયકન' (તમિલ), 'G2' (તેલુગુ), 'વરસની' (તેલુગુ), 'સ્પિરિટ' (તેલુગુ), 'ફાધર' (કન્નડ) અને 'મિરેકલ' (તમિલ) માં જોવા મળશે. 'જન નાયકન' અને 'જી2' આ જ વર્ષે રિલીઝ થવાની છે, જ્યારે 'વરસની' અને 'સ્પિરિટ' 2027માં રિલીઝ થશે.

શુક્રવારે સાંજે આમ આદમી પાર્ટીના 10 રાજ્યસભા સાંસદોમાંથી 7 સાંસદોએ પાર્ટી છોડી દીધી. તેની જાહેરાત પંજાબના રાજ્યસભા સાંસદ રાઘવ ચઢ્ઢાએ 4 વાગ્યે પ્રેસ કોન્ફરન્સમાં કરી.

ત્યારબાદ તે ભાજપ કાર્યાલય પહોંચ્યા, જ્યાં રાષ્ટ્રીય અધ્યક્ષ નિતિન નવીને રાઘવ સાથે સંદીપ પાઠક અને અશોક મિત્તલને પાર્ટીનું સભ્યપદ અપાવ્યું. રાઘવે જણાવ્યું હતું કે, રાજ્યસભા સાંસદ સંદીપ પાઠક અને અશોક કુમાર મિત્તલ ઉપરાંત હરભજન સિંહ, વિક્રમજીત સિંહ સાહની, સ્વાતિ માલીવાલ, રાજેન્દ્ર ગુપ્તા પણ તેમની સાથે છે.

રાઘવે કહ્યું કે પાર્ટીના બે તૃતીયાંશ સાંસદોએ આ નિર્ણય લીધો છે. તેથી પક્ષપલટા વિરોધી કાયદો લાગુ કરવાનો કોઈ અર્થ નથી.

રાઘવ ચઢ્ઢાએ કહ્યું, 'છેલ્લા કેટલાક વર્ષોથી મને એવું લાગતું હતું કે આઈ એમ અ રાઈટ મેન ઈન રોન્ગ પાર્ટી. અમે બંધારણની જોગવાઈઓનો ઉપયોગ કરીને ભાજપમાં ભળી જવાનો નિર્ણય લીધો છે.'

### 2 વર્ષ પહેલા રાઘવે સંકેત આપ્યા હતા

21 માર્ચ 2024 ના રોજ લોકસભા ચૂંટણી પહેલાં જ્યારે દારૂ કૌભાંડમાં કેજરીવાલની ધરપકડ કરવામાં આવી. ત્યારે રાઘવે ન કંઈ બોલ્યા, ન કંઈ લખ્યું.

ફેબ્રુઆરી 2025 માં જ્યારે દિલ્હી ચૂંટણીના પરિણામો આવ્યા, ત્યારે AAP ને કારમી હાર મળી. માત્ર 22 બેઠકો જીતી. જ્યારે BJP એ 48 બેઠકો જીતીને સરકાર બનાવી. ત્યારે રાઘવ મૌન રહ્યા. પાર્ટીના કોઈ કાર્યક્રમમાં પણ દેખાયા નહીં.

2025ની શરૂઆતમાં જ રાઘવના સોશિયલ મીડિયા પરથી AAPના બેનર અને ચૂંટણી ચિહ્ન હટવા લાગ્યા. AAPમાં ચર્ચા થવા લાગી કે રાઘવ પાર્ટીને બદલે પર્સનલ બ્રાન્ડિંગ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. ન પાર્ટી ઓફિસ આવે છે, ન કોઈ નેતાને મળે છે.

27 ફેબ્રુઆરી 2026 ના રોજ દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે કેજરીવાલ, મનીષ સિસોદિયા સહિતના અન્ય આરોપીઓને લીકર પોલિસી કૌભાંડમાં CBIના કેસમાંથી નિર્દોષ છોડી મૂક્યા. AAPએ આની ઉજવણી કરી, પરંતુ રાઘવ ગેરહાજર રહ્યા.

ઈરાન યુદ્ધ ફાટી નીકળ્યા પછી રાઘવ ચઢ્ઢાએ પાર્ટીલાઈન પર સંસદમાં બોલવાનો ઈનકાર કર્યો હતો. હાલમાં જ્યારે પાર્ટી વ્હીપ હેઠળ AAP સાંસદોએ વોકઆઉટ કર્યું, ત્યારે રાઘવ ગૃહમાં હાજર રહ્યા.



# રણવીરને 'કાંતારા' વિવાદમાં રાહતના સંકેત



## કોર્ટે 4 અઠવાડિયામાં ચામુંડી હિલ મંદિરે જઈ માફી માંગવા જણાવ્યું; એક્ટરના વર્તન પર ટિપ્પણી કરાશે

(એજન્સી) મુંબઈ | તા.26

બોલિવૂડના 'ધુરંધર' એક્ટર રણવીર સિંહને 'કાંતારા મિમિક્રી વિવાદ'માં કર્ણાટક હાઈકોર્ટમાંથી રાહત મળવાના સંકેત દેખાઈ રહ્યા છે. કોર્ટે કેસનો નિકાલ કરવાના સંકેત આપ્યા છે, પરંતુ એક શરત મૂકી છે. હાઈકોર્ટે એક્ટરને 4 અઠવાડિયામાં ચામુંડી હિલ મંદિર જઈને માફી માંગવા જણાવ્યું છે.

રણવીર સિંહે પોતાની વિરુદ્ધ દાખલ FIR રદ કરવા માટે અરજી દાખલ કરી હતી. આ મામલો ત્યારે સામે આવ્યો હતો, જ્યારે તેણે ગોવામાં ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા (IFFI) દરમિયાન 'કાંતારા'ના એક સીનની મિમિક્રી કરી હતી. આરોપ છે કે, આ દરમિયાન તેણે 'ચવુન્ડા દૈવા' પર ટિપ્પણી કરી, જેનાથી ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચી. રિપોર્ટ્સ અનુસાર, એક વકીલની ફરિયાદ પર FIR નોંધવામાં આવી હતી. આ પછી રણવીરે કોર્ટનો સંપર્ક કર્યો અને માફી માંગી. સુનાવણીમાં તેમના વકીલે કહ્યું કે, 'રણવીર ખેદ વ્યક્ત કરી ચૂક્યા છે અને મંદિરે જઈને સન્માન પ્રગટ કરવા તૈયાર છે.'

જોકે, અરજદારે દલીલ કરી કે એક્ટરની માફી સ્પષ્ટ અને નક્કર નથી. તેમણે કહ્યું કે "ડ્યુ કોર્સ" જેવા શબ્દો અસ્પષ્ટ છે, તેથી નિશ્ચિત સમયમર્યાદા હોવી જોઈએ. આના પર કોર્ટે કહ્યું કે, આદેશમાં લખવામાં આવશે કે રણવીરને ચાર અઠવાડિયામાં મંદિરે જવું પડશે. સુનાવણીમાં જસ્ટિસ એમ નાગપ્રસન્નાએ કહ્યું કે, એક્ટરના વર્તન પર ટિપ્પણી કરવામાં આવશે, જેથી ભવિષ્યમાં સેલિબ્રિટી આવી ઘટનાઓને હળવાશથી ન લે.' કોર્ટે સંકેત આપ્યો કે કેસનો નિકાલ કરતી વખતે ચેતવણી નોંધવામાં આવી શકે છે.

વિવાદની શરૂઆત ત્યારે થઈ, જ્યારે રણવીર સિંહે 'કાંતારા'માં ઋષભ શેટ્ટીના પાત્રની નકલ કરતા તેને 'ઘોસ્ટ' કહ્યા હતા. આના પર સોશિયલ મીડિયા પર ઘણી ટીકા થઈ, જેના પછી મામલો કાનૂની સ્વરૂપ લઈ ગયો. હવે સૌની નજર કોર્ટના અંતિમ નિર્ણય પર છે, જે આવનારા દિવસોમાં વિવાદનો અંત લાવી શકે છે.

# સુશાંત મોત કેસમાં રિયાને મોટી રાહત

## છ વર્ષ બાદ એક્ટ્રેસ અને તેના પરિવારના બેંક ખાતા અનફ્રીઝ, કોર્ટે કહ્યું- 'NCBથી મોટી ભૂલ થઈ'



(એજન્સી) મુંબઈ | તા.26

દિવંગત એક્ટર સુશાંત સિંહ રાજપુત મૃત્યુ કેસમાં ક્લીનચીટ મળ્યા બાદ એક્ટ્રેસ રિયા ચક્રવર્તીને ફરી એક મોટી રાહત મળી છે. મુંબઈની સ્પેશિયલ નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ (NDPS) કોર્ટે રિયા અને તેના પરિવાર સાથે જોડાયેલા ચાર બેંક ખાતાઓને અનફ્રીઝ કરવાનો અને તેને ફરીથી ઓપરેટ કરવાની મંજૂરી આપવાનો આદેશ આપ્યો છે. કોર્ટે ઠેરવ્યું છે કે, નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (NCB) એક્ટ્રેસ અને તેના પરિવારના બેંક ખાતા ફ્રીઝ કરતી વખતે ફરજિયાત વૈધાનિક સુરક્ષાના નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ રહ્યુ છે.

વાસ્તવમાં 2020માં સુશાંત સિંહ રાજપૂતના મોતની તપાસ દરમિયાન NCBએ આ ખાતાઓ ફ્રીઝ કર્યા હતા. સુશાંતની એક્સ ગર્લફ્રેન્ડ રિયા પર હત્યા અને ડ્રગ્સના આરોપ લગાવવામાં આવ્યા હતા. જોકે, ગત વર્ષે CBI તરફથી તેને ક્લીનચીટ મળી હતી.

NDPS કોર્ટે શનિવારે પસાર કરેલા ચાર આદેશોમાં નોંધ્યું હતું કે, 'એજન્સીએ NDPS એક્ટ હેઠળ નિર્ધારિત સમય મર્યાદામાં સક્ષમ અધિકારી પાસેથી ખાતા ફ્રીઝ કરવાની કાર્યવાહીનું કન્ફર્મેશન મેળવ્યું ન હતું, જેના કારણે આ પ્રતિબંધ કાયદેસર રીતે ટકી શકે તેમ નથી.' રિયા, તેના ભાઈ શોવિક અને તેની માતા સંધ્યા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીઓને મંજૂરી આપતા કોર્ટે ઠેરવ્યું હતું કે, 'વૈધાનિક માળખું મિલકત ફ્રીઝ કરવાની સત્તા પર સ્પષ્ટ મર્યાદાઓ મૂકે છે, અને આ કેસમાં તે સુરક્ષાના નિયમોનું પાલન કરવામાં આવ્યું નથી.'

સ્પેશિયલ જજ યુ.સી. દેશમુખે નોંધ્યું હતું કે, 'એક્ટની કલમ 68 F(2) જોગવાઈ કરે છે કે, મિલકત ફ્રીઝ કરવા અથવા જપ્ત કરવાના આદેશની કોઈ અસર રહેશે નહીં, જ્યાં સુધી તેને સક્ષમ સત્તાધિકારી દ્વારા 30 દિવસની અંદર પુષ્ટિ કરવામાં ન આવે.' કોર્ટે રેકોર્ડ પર લીધું હતું કે, સરકારી પક્ષે આવી પુષ્ટિના અભાવ અંગે કોઈ વિવાદ કર્યો નથી.

આ ભૂલને ગંભીર ગણાવતા કોર્ટે ઉમેર્યું હતું કે, કાયદેસર રીતે જરૂરી આદેશના અભાવમાં 'અરજી મંજૂર કરવા પાત્ર છે'. કોર્ટે નિર્દેશ આપ્યો હતો કે, ખાતાઓને અનફ્રીઝ કરવામાં આવે અને આરબીઆઈના નિયમો મુજબ તેને ઓપરેટ કરવાની મંજૂરી આપવામાં આવે.

નોંધનીય છે કે, બેંક ખાતા ફ્રીઝ કરવાની સાથે સાથે રિયા ચક્રવર્તીનો પાસપોર્ટ પણ જપ્ત કરવામાં આવ્યો હતો. જોકે, સાત મહિના પહેલા બોમ્બે હાઈકોર્ટે એક્ટ્રેસના પક્ષમાં ચુકાદો આપ્યો હતો. કોર્ટે NCBને એક્ટ્રેસનો પાસપોર્ટ પરત કરવાનો નિર્દેશ આપ્યો હતો.

પાસપોર્ટનો ફોટો શેર કરી રિયાએ લખ્યું હતું, 'છેલ્લા પાંચ વર્ષથી ધીરજ મારો પાસપોર્ટ રહ્યો છે. અગણિત સંઘર્ષો અને અનંત આશા. આજે, મારા હાથમાં ફરીથી મારો પાસપોર્ટ છે. હવે, હું બીજું પ્રકરણ શરૂ કરવા માટે તૈયાર છું! સત્યમેવ જયતે.'

25 જુલાઈ, 2020 ના રોજ, સુશાંત સિંહ રાજપૂતના મૃત્યુના લગભગ દોઢ મહિના પછી, તેના પિતા કે.કે. સિંહે પટનામાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં, તેમણે રિયા ચક્રવર્તી પર સુશાંતને આત્મહત્યા માટે ઉશ્કેરવાનો આરોપ લગાવ્યો હતો. ફરિયાદ મુજબ, સુશાંતે તેના મૃત્યુના થોડા સમય પહેલા તેની બહેનને ફોન પર કહ્યું હતું કે રિયાએ તેના મેડિકલ રિપોર્ટ્સ જાહેર કરીને તેને પાગલ સાબિત કરવાની ધમકી આપી હતી. સુશાંતે તેની બહેનને કહ્યું હતું કે તેને ડર છે કે રિયા તેને તેની ભૂતપૂર્વ મેનેજર દિશા સાલિયાનના મૃત્યુના કેસમાં ફસાવી દેશે. ફરિયાદમાં એવો પણ દાવો કરવામાં આવ્યો હતો કે સુશાંતના મૃત્યુના એક દિવસ પહેલા, રિયા તેના મેડિકલ રિપોર્ટ લઈને ગઈ જતી રહી હતી. આ કેસની તપાસ દરમિયાન, એક્ટ્રેસ દ્વારા મની લોન્ડરિંગ અને ડ્રગ્સના ઉપયોગ વિશે પણ માહિતી મળી હતી. રિયા ચક્રવર્તી અને તેના ભાઈ શોવિકની મની લોન્ડરિંગ કેસમાં 7 ઓગસ્ટ, 2020 ના રોજ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા પૂછપરછ કરવામાં આવી હતી. બીજી તરફ, રિયા અને તેના ભાઈની 8 સપ્ટેમ્બરના રોજ નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો દ્વારા ડ્રગ કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. ધરપકડનો આધાર રિયા અને શૌવિક વચ્ચેની વાતચીત હતી, જેમાં તેમણે ડ્રગ્સ ખરીદવા અને સપ્લાય કરવાનો ઉલ્લેખ કર્યો હતો. લગભગ 27 દિવસ પોલીસ કસ્ટડીમાં રહ્યા બાદ, રિયા ચક્રવર્તીને 7 ઓક્ટોબરે બોમ્બે હાઈકોર્ટમાંથી જામીન મળ્યા. જ્યારે શૌવિકને ડ્રગ્સના કેસમાં 3 મહિના જેલમાં રહેવું પડ્યું હતું.

રિયા અને સુશાંત પહેલી વાર 2013 માં યશ રાજ ફિલ્મ્સના શૂટિંગ દરમિયાન મળ્યા હતા. તે સમયે, રિયા 'બેંક ચોર'માં અને સુશાંત 'શુદ્ધ દેશી રોમાંસ'માં કામ કરી રહી હતી. તેમની ફિલ્મોના સેટ નજીકમાં હતા, જેના કારણે તેઓ મિત્રો બન્યા. વર્ષ 2019 માં, રિયા અને સુશાંતના વેકેશનની કેટલીક તસવીરો સામે આવી હતી જેમાં તેમનું સ્થાન એ વાતનું સાક્ષી હતું કે તે બંને સાથે હતા. જોકે આ કપલે પોતે ક્યારેય આ વાત જાહેર કરી નથી. એ વર્ષે ડિસેમ્બરમાં, રિયા અને સુશાંત લિવ-ઈન રિલેશનશિપમાં રહેવા લાગ્યા, જેના બરાબર 6 મહિના પછી સુશાંતે આત્મહત્યા કરી.

**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

## બેંગલુરુ મેરેથોન ઈનામી રકમ અને ભવ્ય આયોજન



(એજન્સી) બેંગલુરુ । તા. 26

કર્ણાટકની રાજધાની રવિવારની વહેલી સવારે એક વિશાળ દોડનું સાક્ષી બનવા જઈ રહી છે. શહેરના મધ્ય વિસ્તારોમાં વ્યાવસાયિક દોડવીરો અને ઉત્સાહી એમેચ્યોર્સનો દરિયો ઉમટી પડશે. આશરે ૩૬,૦૦૦ થી વધુ સહભાગીઓ આ મેગા ઈવેન્ટમાં ભાગ લેવા માટે સજ્જ થયા છે. આ દોડ માત્ર ફિટનેસ માટે જ નહીં, પરંતુ મોટા ઈનામો અને નવા વિક્રમો સ્થાપવા માટે પણ આકર્ષણનું કેન્દ્ર બની છે. કબન રોડથી શરૂ થનારી આ દોડ શહેરના વિવિધ વિસ્તારોમાંથી પસાર થશે.

આ સ્પર્ધામાં વિજેતા થનાર ખેલાડીઓ માટે કુલ ૨,૧૦,૦૦૦ અમેરિકી ડોલરનું જંગી ઈનામી ભંડોળ રાખવામાં આવ્યું છે. ભારતીય પુરુષ વર્ગમાં વિજેતાને ૩,૦૦,૦૦૦ રૂપિયા અને મહિલા વર્ગમાં વિજેતાને ૨,૭૫,૦૦૦ રૂપિયાનું ઈનામ એનાયત કરવામાં આવશે. આ ઉપરાંત, જો કોઈ રનર જૂના રેકોર્ડને તોડીને નવો ઈતિહાસ રચશે, તો તેને વધારાના ૧,૦૦,૦૦૦ રૂપિયાનું ખાસ બોનસ પણ આપવામાં આવશે. આ આકર્ષક રકમને કારણે ખેલાડીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ગત વર્ષે ૨૯:૧૨ મિનિટનો સમય નોંધીને ભારતીય ઈવેન્ટ રેકોર્ડ સ્થાપનાર અભિષેક પાલ આ વખતે પણ ફેવરિટ માનવામાં આવી રહ્યો છે. મીડિયા અહેવાલ મુજબ, અભિષેકે જણાવ્યું હતું કે આ દોડ સીઝનની શરૂઆતમાં તેમની ક્ષમતા ચકાસવા માટે શ્રેષ્ઠ માધ્યમ છે. હર્બર્ટ કિબેટ જેવા આંતરરાષ્ટ્રીય સ્તરના ખેલાડીઓ પણ મેદાનમાં હોવાથી રસ્તો સરળ હોવા છતાં ગરમી રનર્સ માટે પડકારરૂપ બની શકે છે. રમત પ્રેમીઓ આતુરતાથી નવા રેકોર્ડની પ્રતીક્ષા કરી રહ્યા છે.

આ દોડમાં માત્ર ખેલાડીઓ જ નહીં પરંતુ જાણીતા રાજકારણીઓ પણ ભાગ લેવાના છે. જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા, સાંસદ તેજસ્વી સૂર્યા અને યદુવીર વાડિયાર પણ દોડવીરોનો ઉત્સાહ વધારવા માટે ટ્રેક પર ઉતરશે. ઓલિમ્પિક મેડલિસ્ટ બ્લાન્કા વ્લાસિક ઈવેન્ટ એમ્બેસેડર તરીકે હાજર રહીને રનર્સનું મનોબળ વધારશે. સમગ્ર શહેર અત્યારે આ રમત મહોત્સવના રંગમાં રંગાઈ ગયું છે.

**ઓલિમ્પિક મેડલ વિજેતા સાઈના નેહવાલ હવે કોચિંગ કે અન્ય ભૂમિકામાં દેખાશે**

# વૈભવ સૂર્યવંશી IPL સદી ફટકારીને છવાયો



(એજન્સી) અમદાવાદ । તા. 26

ક્રિકેટના મેદાન પર જ્યારે અદમ્ય ઉત્સાહ અને અસાધારણ હુનરનો મિલાપ થાય છે, ત્યારે માત્ર આંકડા નથી બદલાતા, પરંતુ ઈતિહાસના સુવર્ણ અક્ષરે નવા પ્રકરણો લખાય છે. ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૬ની શનિવારની સાંજ માત્ર એક ખેલાડીના નામે રહી અને તે નામ છે વૈભવ સૂર્યવંશી. આ યુવા બેટ્સમેને પોતાની વિસ્ફોટક બેટિંગના દમ પર રનનો એવો પહાડ ખડક્યો કે વિરોધી ટીમની રણનીતિઓ પાણીમાં બેસી ગઈ હતી. મેદાનની ચારેબાજુ ચોગ્ગા અને છગ્ગાની રમઝટ બોલાવીને સદી પૂર્ણ કર્યા બાદ વૈભવે જે અંદાજમાં પોતાની ખુશી વ્યક્ત કરી, તેણે સ્ટેડિયમમાં હાજર હજારો પ્રેક્ષકો અને ટીવી સામે બેઠેલા કરોડો ચાહકોના દિલ જીતી લીધા છે.

મેચના પ્રથમ બોલથી જ વૈભવ સૂર્યવંશીના ઈરાદા એકદમ સ્પષ્ટ દેખાતા હતા. શિસ્તબદ્ધ બોલિંગ સામે પણ તેણે જે નીડરતા બતાવી, તે કોઈ અનુભવી દિગ્ગજ ખેલાડીની યાદ અપાવે તેવી હતી. મેદાનના દરેક ખૂણે આકર્ષક શોટ્સ ફટકારીને તેણે સાબિત કરી દીધું કે તેને શા માટે ભારતીય ક્રિકેટના આગામી સુપરસ્ટાર તરીકે જોવામાં આવે છે. જ્યાં એક તરફ પીચ પર અન્ય સ્થાપિત બેટ્સમેનો રન બનાવવા માટે સંઘર્ષ કરી રહ્યા હતા, ત્યાં વૈભવે અત્યંત આત્મવિશ્વાસ સાથે બોલરો પર માનસિક પ્રભુત્વ જમાવી દીધું હતું. તેની આ શૈલીએ પ્રેક્ષકોને જકડી રાખ્યા હતા.

જ્યારે વૈભવે એક શાનદાર કવર ડ્રાઈવ ફટકારીને પોતાની સદી પૂરી કરી, ત્યારે આખું સ્ટેડિયમ તેના માનમાં ઊભું થઈ ગયું હતું. આ માત્ર ૧૦૦ રનનો આંકડો નહોતો, પરંતુ તેની વર્ષોની સખત મહેનત અને મોટા મંચ પર પોતાની ક્ષમતા સાબિત કરવાનો મજબૂત પુરાવો હતો. સદી પૂર્ણ કર્યા પછીનો માહોલ અત્યંત રોમાંચક હતો. સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે આ સદીએ રમત પ્રત્યેના તેના સમર્પણને નવી ઓળખ આપી છે.

### હાર્ટ સેલિબ્રેશન અને ચાહકોનો પ્રેમ

વૈભવ સૂર્યવંશીએ હેલ્મેટ ઉતારીને જ્યારે બંને હાથે હવામાં 'હાર્ટ' (હૃદય) બનાવ્યું, ત્યારે સોશિયલ મીડિયા પર તે ક્ષણ વાયરલ થઈ ગઈ હતી. આ ઈશારો એ તમામ ચાહકો અને સમર્થકો માટે હતો, જેમણે તેના સંઘર્ષના દિવસોમાં તેને સાથ આપ્યો હતો. મીડિયા અહેવાલ મુજબ, આ પ્રકારનું સેલિબ્રેશન દર્શાવે છે કે વૈભવ માત્ર રેકોર્ડ માટે નહીં, પરંતુ લોકોના અપાર પ્રેમ માટે ક્રિકેટ રમે છે. રમત પ્રત્યેની તેની આ સંવેદનશીલતાએ તેને અન્ય ખેલાડીઓ કરતા અલગ સાબિત કર્યો છે. હાર્ટ સેલિબ્રેશન બાદ તરત જ વૈભવે મેદાન પર ઊભા રહીને અત્યંત ગર્વ સાથે સેલ્યુટ કરી હતી.

# ઉબેર કપ ભારત વિજય યુક્રેનને પછાડી મેળવી જીત, પીવી સિંધુ ડબલ્સ જીત અને યુવા બ્રિગેડનો જાદુ

(એજન્સી) ડેનમાર્ક । તા. 26

પ્રતિષ્ઠિત ઉબેર કપ ૨૦૨૬માં ભારતીય મહિલા ટીમે શાનદાર વાપસી કરતા યુક્રેનને ૪-૧થી પરાસ્ત કર્યું છે. પ્રથમ મેચમાં ડેનમાર્ક સામે નજીવા અંતરે પરાજય મેળવ્યા બાદ, ભારતીય શટલર્સે આક્રમક રમત બતાવી ગ્રુપ સ્ટેજમાં પોતાની સ્થિતિ મજબૂત કરી છે. આ જીતની ખાસિયત એ રહી કે અનુભવી સ્ટાર ખેલાડી પીવી સિંધુને સિંગલ્સમાં આરામ આપવામાં આવ્યો હતો, તેમ છતાં ભારતીય યુવા ખેલાડીઓએ મેદાન મારી લીધું હતું.



ભારતની નેક્સ્ટ જનરેશન ગણાતી તન્વી શર્મા, ઉન્નતિ હુડા અને દેવિકા સિહાગે પોતપોતાની સિંગલ્સ મેચો જીતીને ભારતને અજેય સરસાઈ અપાવી હતી. તન્વી શર્માએ ત્રણ ગેમ સુધી ચાલેલા રોમાંચક જંગમાં યેવહેનિયાને પરાજય આપ્યો હતો, જ્યારે ઉન્નતિ હુડાએ ૪૬ મિનિટની સંઘર્ષપૂર્ણ લડાઈ બાદ ૨૧-૧૯, ૨૨-૨૦થી વિજય મેળવ્યો હતો. દેવિકા સિહાગે પણ પોતાની લય જાળવી રાખતા મારિયાને સીધી ગેમમાં હરાવી ભારતની જીત નિશ્ચિત કરી દીધી હતી.

### સિંધુ અને તનિષાની જોડીનો ડબલ્સમાં તરખાટ

સોમવારે ચીન સામેની અત્યંત મહત્વની મેચ પૂર્વે પીવી સિંધુને સિંગલ્સમાંથી આરામ અપાયો હતો, પરંતુ તેણે તનિષા ક્રાસ્ટો સાથે ડબલ્સમાં જોડી બનાવી હતી. આ જોડીએ માત્ર ૩૨ મિનિટમાં યુક્રેનિયન જોડીને ૨૧-૧૮, ૨૧-૧૫થી હરાવીને ભારતના સ્કોરબોર્ડમાં ચોથો પોઈન્ટ ઉમેર્યો હતો. જોકે, અન્ય એક ડબલ્સ મેચમાં ભારતની કવિપ્રિયા સેલવમ અને સિમરન સિંઘીની જોડીને હારનો સામનો કરવો પડ્યો હતો, જે યુક્રેન માટે એકમાત્ર આશ્વાસનરૂપ વિજય રહ્યો હતો.

### ચીન સામેની ટક્કર પૂર્વે મનોબળ મજબૂત

ડેનમાર્ક સામેની હાર બાદ ભારત માટે આ જીત અત્યંત અનિવાર્ય હતી. પીવી સિંધુએ ગત મેચમાં સિંગલ્સમાં શાનદાર દેખાવ કર્યો હતો અને હવે ડબલ્સમાં પણ પોતાની ઉપયોગિતા સાબિત કરી છે. હવે ભારતીય ટીમનું સંપૂર્ણ ધ્યાન આગામી મેચ પર છે, જ્યાં વિશ્વની મજબૂત ટીમ ગણાતી ચીન સામે ટક્કર થશે. ભારતીય ખેલાડીઓના વર્તમાન ફોર્મને જોતા આગામી મુકાબલો રસાકસીભર્યો રહેવાની આશા છે. સ્થાનિક ચાહકોમાં પણ આ જીતને પગલે ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# દીપ્તિ શર્મા ફાઈવ વિકેટ હોલ ભારતની આફ્રિકા સામે શાનદાર જીત

**વિરુદ્ધ દક્ષિણ આફ્રિકા મહિલા ટી૨૦માં જીત**



(એજન્સી) જોહાનેસ્બર્ગ । તા. 26

દક્ષિણ આફ્રિકાના પ્રવાસે ગયેલી ભારતીય મહિલા ક્રિકેટ ટીમે ચોથી ટી૨૦ મેચમાં યજમાન ટીમને ૧૪ રને હરાવીને ગૌરવપૂર્ણ વિજય મેળવ્યો છે. આ જીતની મુખ્ય સૂત્રધાર રહી અનુભવી ઓલરાઉન્ડર દીપ્તિ શર્મા, જેણે પોતાની કારકિર્દીનો સર્વશ્રેષ્ઠ દેખાવ કરતા આંતરરાષ્ટ્રીય ટી૨૦માં પ્રથમ વખત પાંચ વિકેટ ઝડપવાની સિદ્ધિ હાંસલ કરી છે. શ્રેણીમાં પરાજય બાદ ભારતે આ મેચમાં જોરદાર વળતો પ્રહાર કરીને પોતાની ક્ષમતાનો પરિચય આપ્યો છે.

પ્રથમ બેટિંગ કરતા ભારતે નિર્ધારિત ૨૦ ઓવરમાં ૧૮૫ રનનો મજબૂત સ્કોર બનાવ્યો હતો. એક સમયે મુશ્કેલીમાં જણાઈ રહેલી ભારતીય ટીમને દીપ્તિ શર્માએ અણનમ ૩૬ રન અને રિચા ઘોષે ૧૮ બોલમાં તોફાની ૩૪ રન ફટકારીને ૧૮૦ રનનો આંકડો પાર કરાવ્યો હતો. બંને વચ્ચે છઠ્ઠી વિકેટ માટે ૬૫ રનની અત્યંત મહત્વની ભાગીદારી નોંધાઈ હતી. આ સ્કોર દક્ષિણ આફ્રિકા સામે લડત આપવા માટે પૂરતો સાબિત થયો હતો.

લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી દક્ષિણ આફ્રિકાની ટીમની શરૂઆત સારી રહી હતી. સુને લુસ અને તાઝમીન બ્રિટ્સે બીજી વિકેટ માટે ૫૪ રન જોડીને ભારત માટે મુશ્કેલી ઉભી કરી હતી. જોકે, દીપ્તિ શર્માએ સુને લુસને ક્લીન બોલ્ડ કરીને આ ભાગીદારી તોડી હતી. ત્યાર બાદ દીપ્તિએ પાછળ વળીને જોયું નથી અને માત્ર ૧૯ રન આપીને ૫ વિકેટ ઝડપી લેતા આફ્રિકાની ટીમ ૧૭૧ રનમાં સમેટાઈ ગઈ હતી. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, મધ્ય ઓવરોમાં દીપ્તિની બોલિંગે જ મેચનું પાસું પલટાવ્યું હતું.

દક્ષિણ આફ્રિકાએ શ્રેણીમાં ૩-૦ની અજેય સરસાઈ મેળવી લીધી હોવા છતાં, આ મેચમાં ભારતની જીત આત્મવિશ્વાસ વધારનારી સાબિત થઈ છે. ખાસ કરીને દીપ્તિ શર્માનું ફોર્મ આવનારી મેચો માટે શુભ સંકેત છે.

**દક્ષિણ આફ્રિકાનો ઐતિહાસિક સ્કોર તાન્ઝાનિયા પસ્ત**

## LSG વિરુદ્ધ KKR જંગ પથિરાના રમશે કે નહીં સસ્પેન્સ

(એજન્સી) લખનૌ । તા. 26

આઈપીએલ ૨૦૨૬ ની સિઝન હવે રોમાંચક વળાંક પર પહોંચી છે. રવિવારે એકાના સ્ટેડિયમ ખાતે લખનૌ સુપર જાયન્ટ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે ખરાખરીનો જંગ જામશે. જોકે, મેચ પૂર્વે સૌથી મોટો પ્રશ્ન કેકેઆરના ઘાતક બોલર મથીશા પથિરાનાની ઉપલબ્ધતા અંગે ઉભો થયો છે. કેકેઆરના ઓલરાઉન્ડર અનુકૂળ રોયે પથિરાનાની ઈજા અને ટીમમાં વાપસી અંગે કોઈ પણ સ્પષ્ટ ખુલાસો કરવાને બદલે રહસ્ય અકબંધ રાખ્યું છે.મથીશા પથિરાના ટી-૨૦ વર્લ્ડ કપ દરમિયાન ડાબા પગના સ્નાયુ ખેંચાવાથી પીડાઈ રહ્યો હતો. તે ધીમે ધીમે ટીમ સાથે પ્રેક્ટિસમાં જોડાઈ રહ્યો છે, પરંતુ તે મેદાનમાં ઉતરવા માટે સંપૂર્ણ સજ્જ છે કે નહીં તે અંગે અનુકૂળ રોયે 'ટોસ વખતે ખબર પડશે' તેમ કહીને ઉત્સુકતા વધારી દીધી છે. બીજી તરફ, કેકેઆરની ટીમ ગત અઠવાડિયે મળેલી જીત બાદ ભારે આત્મવિશ્વાસમાં જોવા મળી રહી છે.લખનૌ સુપર જાયન્ટ્સ અત્યારે પોઈન્ટ ટેબલમાં નવમા ક્રમે હોવાથી દબાણમાં છે. ટીમના સ્પિન બોલિંગ કોચ કાર્લ ક્રોએ સ્વીકાર્યું છે કે ટીમ હજુ પણ શ્રેષ્ઠ પ્લેઈંગ ઈલેવનના સંયોજન માટે મથામણ કરી રહી છે. ઋષભ પંતની કેપ્ટન્સી હેઠળની આ ટીમે અત્યાર સુધી સાત મેચોમાં બેટિંગ ક્રમમાં અનેક ફેરફારો કર્યા છે. આયુષ બદોની અને મિશેલ માર્શ જેવા ખેલાડીઓને ઓપનિંગમાં અજમાવ્યા બાદ હવે કેકેઆર સામે સ્થિરતા લાવવી અનિવાર્ય બની ગઈ છે. એકાના સ્ટેડિયમની ધીમી પિચ પર સ્પિનરોની ભૂમિકા મહત્વની રહેશે. કોચ ક્રોએ જણાવ્યું હતું કે આધુનિક ક્રિકેટમાં 'મેચ-અપ' ખૂબ મહત્વનું છે, પરંતુ લાંબા સમય સુધી સફળ થવા માટે સ્થિરતા જરૂરી છે.



**પંજાબ સરકાર સુરક્ષા પરત ખેંચી લેતા ખળભળાટ**

**રાજ્યસભા સાંસદ પક્ષપલટાની અટકળો વચ્ચે કડક વલણ**

# હરભજન સિંહ સુરક્ષા કાપ વિવાદ પંજાબ સરકારની મોટી કાર્યવાહી

(એજન્સી) ચંદીગઢ । તા. 26

પંજાબના રાજકારણમાં અત્યારે ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે. પૂર્વ દિગ્ગજ ક્રિકેટર અને રાજ્યસભા સાંસદ હરભજન સિંહની સુરક્ષામાં પંજાબની વર્તમાન સરકાર દ્વારા ઓચિંતો કાપ મૂકવામાં આવતા અનેક તર્ક-વિતર્ક વહેતા થયા છે. શાસક પક્ષમાં ચાલી રહેલા આંતરિક અસંતોષ અને મોટા ભંગાણની અફવાઓ વચ્ચે સરકારનું આ પગલું સૂચક માનવામાં આવે છે. હરભજન સિંહના નિવાસસ્થાનથી માત્ર સુરક્ષા જવાનો જ નહીં, પરંતુ તેમને ફાળવવામાં આવેલી પાયલટ કાર પણ તાત્કાલિક અસરથી પરત ખેંચી લેવામાં આવી છે. હરભજન સિંહ ટૂંક સમયમાં જ કેસરીયો ધારણ કરી શકે તેવી અટકળોએ જોર પકડ્યું છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આમ આદમી પાર્ટીના અનેક સાંસદો ભાજપના સંપર્કમાં હોવાના દાવા બાદ આ કાર્યવાહી કરવામાં આવી છે. હરભજન સિંહના અંગત સચિવે પુષ્ટિ કરી છે કે તેમના ઘરની બહાર તહેનાત અંદાજે ૧૦ જેટલા પોલીસ જવાનોનો પહેરો દૂર કરી દેવાયો છે. રાજકીય વિશ્લેષકો આને સરકારની ખુલ્લી નારાજગી અને બદલાની રાજનીતિ તરીકે જોઈ રહ્યા છે.

શનિવારે હરભજન સિંહના નિવાસસ્થાનની બહાર અજાણ્યા શખ્સો દ્વારા 'પંજાબનો ગદ્દાર' જેવા શબ્દો લખવામાં આવતા સ્થિતિ વધુ વણસી છે. આશ્ચર્યજનક રીતે, ત્યાં હાજર સુરક્ષાકર્મીઓએ આ કૃત્ય રોકવા કોઈ પ્રયાસ કર્યા ન હોવાનું મીડિયા અહેવાલ દ્વારા જાણવા મળ્યું છે. પક્ષના પાયાના કાર્યકર્તાઓએ કાળી પટ્ટી ધારણ કરી વિરોધ પ્રદર્શન કર્યું હતું. મુખ્યમંત્રીએ પણ આકરા શબ્દોમાં પ્રતિક્રિયા આપતા જણાવ્યું છે કે પક્ષ સાથે છેતરપિંડી કરનારાઓને જનતા ક્યારેય માફ નહીં કરે. પંજાબના મુખ્યમંત્રીએ પ્રેસ કોન્ફરન્સમાં સીધો પ્રહાર કરતા કહ્યું કે, ભાજપ પંજાબની શાંતિ અને રાજકીય સ્થિરતા ડહોળવાનો પ્રયાસ કરી રહ્યું છે. જોકે, હરભજન સિંહે હજુ સુધી આ બાબતે મૌન ધારણ કર્યું છે, પરંતુ જે રીતે તેમની સુવિધાઓ છીનવી લેવામાં આવી છે, તે જોતા આગામી દિવસોમાં મોટા ફેરફારો નિશ્ચિત જણાય છે. સત્તાધારી પક્ષ હવે પોતાના બાકીના સાંસદોને બચાવવા મરણિયા પ્રયાસ કરી રહ્યો હોય તેમ લાગી રહ્યું છે. સ્થાનિક સ્તરે આ મુદ્દો અત્યારે ચર્ચાના એરણે છે.



**ઈજાગ્રસ્ત // અરુણ જેટલી સ્ટેડિયમમાં એમ્બ્યુલન્સ બોલાવવી પડી અને રમત રોકાઈ**

# આઈપીએલ દિલ્હી સ્ટાર બોલર એન્ગિડી ઈજાગ્રસ્ત થતા ભય

(એજન્સી) નવી દિલ્હી । તા. 26

ક્રિકેટના મેદાન પર રમતની ઉત્તેજના વચ્ચે ક્યારેક એવી દુર્ઘટનાઓ બને છે જે સમગ્ર રમત જગતને હચમચાવી મૂકે છે. દેશની રાજધાની નવી દિલ્હીના ઐતિહાસિક અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાઈ રહેલી આઈપીએલ ૨૦૨૬ની એક મહત્વપૂર્ણ મેચ દરમિયાન આજે એક હૃદયદ્રાવક ઘટના બની છે. દિલ્હી કેપિટલ્સ અને પંજાબ કિંગ્સ વચ્ચેની ટક્કરમાં દિલ્હીના અગ્રણી ફાસ્ટ બોલર લુન્ગી એન્ગિડી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. પરિસ્થિતિ એટલી નાજુક હતી કે ખેલાડીને તાત્કાલિક સારવાર અર્થે લઈ જવા માટે ક્રિકેટના મેદાનની અંદર જ એમ્બ્યુલન્સ બોલાવવાની ફરજ પડી હતી. આ અણધારી ઘટનાને પગલે હજારો પ્રેક્ષકોથી ખીચોખીચ ભરેલા સ્ટેડિયમમાં અચાનક માતમ જેવો સન્નાટો પ્રસરી ગયો હતો.



આ ઘટના પંજાબ કિંગ્સની ઈનિંગની શરૂઆતની ઓવરો દરમિયાન બની હતી. વિરોધી ટીમના બેટ્સમેને ફટકારેલા એક ઊંચા શોટને પકડવા માટે લુન્ગી એન્ગિડીએ દોટ મૂકી હતી. હવામાં ઉછળેલા બોલ પર નજર એકાગ્ર કરી રહેલા એન્ગિડીએ ડાઈવ લગાવી કેચ પકડવાનો પ્રયાસ કર્યો, પરંતુ કમનસીબે તેઓ મેદાન પર ખૂબ જ ભયાનક રીતે પછડાયા હતા. જમીન સાથે અથડાતાની સાથે જ તેઓ મેદાન પર જ સ્થિર થઈ ગયા હતા અને હલનચલન કરી શકતા નહોતા. તેમની આ સ્થિતિ જોઈને મેદાન પર હાજર તમામ ખેલાડીઓના શ્વાસ અધ્ધર થઈ ગયા હતા. એન્ગિડીને જમીન પર તરફડતા જોઈને પંજાબ અને દિલ્હી બંને ટીમના ખેલાડીઓ તરત જ તેમની નજીક દોડી આવ્યા હતા. ખેલાડીઓએ સમયસૂચકતા વાપરીને ડગઆઉટમાં બેઠેલી મેડિકલ ટીમને તાત્કાલિક મેદાન પર આવવા માટે ઈશારા કર્યા હતા. મીડિયા અહેવાલ મુજબ, એન્ગિડીની ગંભીર હાલત જોઈને ફિઝિયોથેરાપિસ્ટ અને ડોક્ટરોની ટીમે પ્રાથમિક તપાસ બાદ તુરંત જ સ્ટ્રેચરની માંગ કરી હતી. સ્ટેડિયમમાં હાજર પ્રેક્ષકો પણ શ્વાસ રોકીને આ દ્રશ્યો નિહાળી રહ્યા હતા અને મેચને થોડા સમય માટે સત્તાવાર રીતે રોકી દેવામાં આવી હતી.

સામાન્ય રીતે ખેલાડીઓને સ્ટ્રેચર દ્વારા મેદાનની બહાર લઈ જવામાં આવતા હોય છે, પરંતુ એન્ગિડીની ઈજાની ગંભીરતા જોતા તબીબી ટીમે કોઈ પણ જોખમ લેવાનું ટાળ્યું હતું. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, મેદાનના ગેટ ખોલીને એમ્બ્યુલન્સને સીધી પીચની નજીક બોલાવવામાં આવી હતી. આ દ્રશ્ય જોઈને ક્રિકેટ ચાહકોમાં વધુ ચિંતા ફેલાઈ હતી. એન્ગિડીને અત્યંત સાવધાનીપૂર્વક એમ્બ્યુલન્સમાં શિફ્ટ કરવામાં આવ્યા અને નજીકની મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા.

**ન્યૂઝીલેન્ડ ક્રિકેટર કોકેઈન વિવાદ બાદ એક્શન**

# ડગ બ્રેસવેલ ડ્રગ્સ ટેસ્ટ પ્રતિબંધ નિવૃત્તિ છતાં લાગ્યો મોટો બેન



(એજન્સી) વેલિંગ્ટન । તા. 26

રમત જગત માટે શરમજનક સમાચાર સામે આવ્યા છે, જેમાં ન્યૂઝીલેન્ડના જાણીતા ઓલરાઉન્ડર ડગ બ્રેસવેલની કારકિર્દી પર કલંક લાગ્યું છે. સપ્ટેમ્બર ૨૦૨૫ દરમિયાન કરવામાં આવેલા નિયમિત પરીક્ષણમાં આ ખેલાડી નશીલા પદાર્થોના સેવન બદલ દોષિત ઠર્યા છે. આ ઘટનાને પગલે શિસ્તભંગના કડક પગલાં લેતા તેમના પર બે વર્ષનો પ્રતિબંધ લાદવામાં આવ્યો છે, જે નવેમ્બર ૨૦૨૭ સુધી અમલી રહેશે. જોકે, આશ્ચર્યની વાત એ છે કે આ મામલો સામે આવે તે પૂર્વે જ તેમણે સત્તાવાર નિવૃત્તિ જાહેર કરી દીધી હતી, તેમ છતાં નિયમો મુજબ સજા ફટકારવામાં આવી છે. બ્રેસવેલે કાઉન્ટી ચેમ્પિયનશિપની એક મહત્વપૂર્ણ મેચના બીજા દિવસની રમત શરૂ થવાના ગણતરીના કલાકો પહેલા જ કોકેઈન જેવો પ્રતિબંધિત પદાર્થ લીધો હોવાની કબૂલાત કરી છે. નશાની હાલતમાં હોવા છતાં તેઓ મેચ રમ્યા હતા અને વિકેટો પણ ઝડપી હતી. ઈંગ્લેન્ડના ક્રિકેટ નિયમનકારે આ વર્તનને ગંભીર ગણીને રમતની ગરિમા જાળવવા માટે આકરો નિર્ણય લીધો છે. સંબંધિત ક્લબ દ્વારા પણ આ નિર્ણયને પૂર્ણ સમર્થન આપવામાં આવ્યું છે અને ખેલાડીના પુનર્વસન માટે મદદની તૈયારી બતાવી છે.

આ કોઈ પ્રથમ ઘટના નથી જ્યારે આ કિવી ખેલાડી વિવાદોમાં સપડાયા હોય. અગાઉ ૨૦૧૪માં પણ તેઓ આવી જ રીતે પરીક્ષણમાં નિષ્ફળ રહ્યા હતા અને એક મહિનાનો પ્રતિબંધ ભોગવ્યો હતો. આ સિવાય, ૨૦૧૭માં દારૂ પીને ગાડી ચલાવવાના કેસમાં પણ તેમને સામાજિક સેવા કરવાની સજા મળી હતી. મીડિયા અહેવાલ જણાવે છે કે ૨૦૧૨માં પણ એક બારમાં થયેલા ઝઘડાને કારણે તેમને ટીમમાંથી બહાર કરવામાં આવ્યા હતા.

## અમેરિકા ઈરાન તણાવથી વૈશ્વિક બજારમાં ભડકો, હોર્મુઝની સામુદ્રધુની નાકાબંધી થી ઈંધણના ભાવ આસમાને

# ટ્રમ્પ ઈરાન શાંતિ મંત્રણા રદ થતા વિશ્વભરમાં ભારે ફફડાટ

**(એજન્સી) વોશિંગ્ટન/ઈસ્લામાબાદ । તા. 26**

વૈશ્વિક શાંતિના પ્રયાસોને મોટો ઝટકો આપતા અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથેની શાંતિ વાર્તાના બીજા તબક્કા પૂર્વે જ પોતાના પ્રતિનિધિ મંડળને પાકિસ્તાન મોકલવાનો ઈનકાર કરી દીધો છે. ટ્રમ્પના આ આકરા વલણને કારણે પશ્ચિમ એશિયામાં ફરી એકવાર યુદ્ધના વાદળો ઘેરાયા છે અને દુનિયાનું ટેન્શન વરવા સ્તરે પહોંચ્યું છે. ટ્રમ્પે સ્પષ્ટ શબ્દોમાં જાહેર કર્યું છે કે અમેરિકા હવે ઈરાન સાથેની મધ્યસ્થતા માટે સમયનો વ્યય કરવા માંગતું નથી, અને જો ઈરાની નેતૃત્વ ખરેખર સમાધાન ઈચ્છતું હોય તો તેણે મધ્યસ્થીઓ શોધવાને બદલે સીધો વ્હાઈટ હાઉસનો સંપર્ક કરવો પડશે.

૧૮ કલાકની ફ્લાઈટનો ટ્રમ્પનો સ્પષ્ટ ઈનકાર તાજેતરમાં એક અગ્રણી ન્યૂઝ ચેનલને આપેલા ઈન્ટરવ્યુમાં ડોનાલ્ડ ટ્રમ્પે પાકિસ્તાનના ઈસ્લામાબાદ ખાતે યોજાનારી બેઠક અંગે મોટું નિવેદન આપ્યું હતું.



ટ્રમ્પે જણાવ્યું કે, "મેં મારા પ્રતિનિધિઓને સ્પષ્ટ સૂચના આપી છે કે માત્ર ચર્ચા માટે ૧૮ કલાકની લાંબી ફ્લાઈટ ભરીને ત્યાં જવાની કોઈ જરૂર નથી. અમારી પાસે તમામ લશ્કરી અને આર્થિક વિકલ્પો ખુલ્લા છે." ટ્રમ્પે 'ટ્રુથ સોશિયલ' પર પોસ્ટ કરતા દાવો કર્યો હતો કે અત્યારે ઈરાની નેતાઓમાં આંતરિક વિખવાદ અને ભારે ભ્રમની સ્થિતિ પ્રવર્તી રહી છે, તેથી આવી વ્યર્થ મુલાકાતો પાછળ સમય બગાડવો એ સમજદારી નથી.

પાકિસ્તાનની મધ્યસ્થતા અને ઈરાનનું વલણ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ઈરાની વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ તાજેતરમાં જ પાકિસ્તાનના પીએમ શહેબાઝ શરીફ અને આર્મી ચીફ આસિમ મુનીર સાથે મહત્વની મુલાકાત કરી હતી. ઈરાને પાકિસ્તાન દ્વારા કરવામાં આવતા મધ્યસ્થતાના પ્રયાસોને આવકાર્યા તો છે, પરંતુ અમેરિકાની 'મહત્તમ માંગણીઓ' સ્વીકારવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો છે. બીજી તરફ, ટ્રમ્પે પાકિસ્તાનની ભૂમિકા અંગે ટિપ્પણી કરતા કહ્યું કે પાકિસ્તાન ભલે વિવાદ ઉકેલવા પ્રયાસ કરે, પરંતુ અંતિમ નિર્ણય તો ઈરાનના વલણ પર જ નિર્ભર રહેશે. વૈશ્વિક અર્થતંત્ર પર મરણતોલ ફટકો ટ્રમ્પ અને ઈરાન વચ્ચેના આ ખેંચતાણની સીધી અસર હવે સમગ્ર વિશ્વ પર દેખાવા લાગી છે. ખાસ કરીને આર્થિક મોરચે ભારે નુકસાનની ભીતિ સેવાઈ રહી છે:

સામુદ્રધુનીમાં ભયાનક તણાવ: ટ્રમ્પ દ્વારા ઈરાની બંદરોની કડક નાકાબંધી કરવામાં આવતા કાચા તેલ, કુદરતી ગેસ અને ખાતરના પુરવઠામાં અવરોધ ઊભો થયો છે. જેને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ભાવોમાં જંગી ઉછાળો આવ્યો છે.

દરિયાઈ માર્ગો પર જોખમ: આ અઠવાડિયે જ ઈરાન દ્વારા ત્રણ જહાજો પર હુમલો કરવામાં આવ્યો હોવાના અહેવાલ છે. આશ્ચર્યજનક વાત એ છે કે, આ પૈકીનું એક જહાજ ભારત આવી રહ્યું હતું, જેનાથી ભારતની ચિંતામાં પણ વધારો થયો છે.

સીઝફાયર છતાં યુદ્ધ જેવી સ્થિતિ: હાલમાં બંને દેશો વચ્ચે સત્તાવાર રીતે અનિશ્ચિતકાલીન સીઝફાયર અમલમાં છે, પરંતુ દરિયાઈ સરહદો પર જે પ્રકારે સૈન્ય જમાવડો વધી રહ્યો છે તે જોતા ગમે ત્યારે મોટો સંઘર્ષ ભડકે તેવી શક્યતા છે. ઐતિહાસિક વાતચીત નિષ્ફળતાના આરે અત્રે ઉલ્લેખનીય છે કે, આ મહિનાની શરૂઆતમાં પાકિસ્તાનમાં અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સના નેતૃત્વમાં ૨૦ કલાક સુધી મેરેથોન બેઠક ચાલી હતી.

---

**એનવિડીયા માર્કેટ કેપ ૫.૧૨ લાખ કરોડ ડોલર સાથે**

# એનવિડીયા ફરી વિશ્વની સૌથી મૂલ્યવાન કંપની બની

**(એજન્સી) વોશિંગ્ટન । તા. 26**

ગ્લોબલ ટેકનોલોજી માર્કેટમાં એનવિડીયા (NVIDIA) એ ફરી એકવાર પોતાની પકડ મજબૂત કરી છે. યાહુ ફાઈનાન્સના તાજેતરના ડેટા અનુસાર, ચિપ ઉત્પાદક દિગ્ગજ કંપની એનવિડીયાએ ૫ લાખ કરોડ ડોલરના માર્કેટ કેપના સ્તરને ફરીથી વટાવી દીધું છે. ઈન્ટેલના પ્રોત્સાહક પરિણામો અને સેમી કંડક્ટર સેક્ટરમાં આવેલી વ્યાપક તેજીને કારણે કંપનીનું કુલ બજાર મૂલ્ય હવે ૫.૧૨ લાખ કરોડ ડોલર પર પહોંચી ગયું છે.

વર્ષ ૨૦૨૬ ના પ્રારંભિક ત્રણ મહિના એનવિડીયા માટે પડકારજનક રહ્યા હતા, જેમાં શેર ૬.૪% ઘટ્યો હતો. જોકે, એપ્રિલ મહિનામાં કંપનીએ શાનદાર વાપસી કરી છે. છેલ્લા ૩૦ દિવસમાં શેર ૨૦% વધ્યો છે. શુક્રવારે શેર ૪.૨% ના ઉછાળા સાથે ૨૦૮ ડોલર પર બંધ રહ્યો હતો, જેનાથી એક જ દિવસમાં કંપનીની સંપત્તિમાં ૨૦૦ અબજ ડોલરનો ઉમેરો થયો છે. આ ઉછાળા સાથે એનવિડીયાએ તેની હરીફ કંપની આલ્ફાબેટ (ગૂગલની પેરન્ટ કંપની) ને ઘણી પાછળ છોડી દીધી છે. હાલમાં એનવિડીયાનું મૂલ્ય ગૂગલ કરતા અંદાજે ૧ લાખ કરોડ ડોલર જેટલું વધારે છે. Okloના પરમાણુ ઉર્જા સોદા અને ચિપ ડિઝાઈનમાં વધતી માંગને કારણે રોકાણકારોનો વિશ્વાસ એનવિડીયા પર અડગ રહ્યો છે.

### સેમી કંડક્ટર ઈન્ડેક્સ (SOX) નો કમાલ

ફિલાડેલ્ફિયા સેમીકંડક્ટર ઈન્ડેક્સ (SOX) એ સતત ૧૮ દિવસ સુધી વૃદ્ધિ નોંધાવી છે, જે એક મોટો રેકોર્ડ છે. આ રેલીને કારણે માત્ર એનવિડીયા જ નહીં, પરંતુ બ્રોડકોમ, તાઈવાન સેમીકંડક્ટર (TSMC), એએમડી (AMD) અને માઈક્રોન જેવી કંપનીઓના શેરોમાં પણ નોંધપાત્ર ઉછાળો જોવા મળ્યો છે. નિષ્ણાતોના મતે, AI ક્ષમતા ધરાવતી ચિપ્સની વધતી જતી વૈશ્વિક માંગ આ તેજીનું મુખ્ય કારણ છે.

---

## ન્યૂઝ બ્રીફ

### ઈઝરાયેલના વડાપ્રધાન પ્રોસ્ટેટ કેન્સર સામે લડી રહ્યા હોવાનો ચોંકાવનારો ખુલાસો



તેલ અવિવ | ઈઝરાયેલના સૌથી લાંબો સમય શાસન કરનાર વડાપ્રધાન બેન્જામીન નેતન્યાહૂએ પોતાના સ્વાસ્થ્ય અંગે એક મોટો ખુલાસો કરીને દુનિયાને સ્તબ્ધ કરી દીધી છે. વડાપ્રધાને સત્તાવાર રીતે સ્વીકાર્યું છે કે તેઓ 'પ્રોસ્ટેટ ગ્લેન્ડ' ના કેન્સરથી પીડાઈ રહ્યા છે અને હાલમાં તેની સારવાર હેઠળ છે. બેન્જામીન નેતન્યાહૂ કેન્સર સારવાર ૨૦૨૬ ના આ સમાચાર વહેતા થતા જ ઈઝરાયેલના રાજકારણમાં ભારે હલચલ મચી ગઈ છે. વડાપ્રધાન નેતન્યાહૂએ આ ગંભીર બીમારીને અત્યાર સુધી છુપાવી રાખવા પાછળનું એક વ્યૂહાત્મક કારણ આપ્યું છે. તેમણે જણાવ્યું કે, જો તેમના કટ્ટર દુશ્મન દેશ ઈરાનને આ બીમારીની વહેલી જાણ થઈ હોત, તો તેઓ આ વાતને વધારી-ચઢાવીને રજૂ કરત અને ઈઝરાયેલની મનોબળ તોડવા માટે ખરી-ખોટી અફવાઓ ફેલાવત. દેશની સુરક્ષા અને સ્થિરતાને ધ્યાનમાં રાખીને આ માહિતીને અત્યાર સુધી ગુપ્ત રાખવામાં આવી હતી.

### યુએનનો ભયાનક રિપોર્ટ; ૧.૧ કરોડ લોકો ભૂખમરાના ખપ્પરમાં હોમાશે



ન્યૂયોર્ક | સંયુક્ત રાષ્ટ્ર (UN) દ્વારા જાહેર કરાયેલા 'ગ્લોબલ રિપોર્ટ ઓન ફૂડ ક્રાઈસીસ-૨૦૨૬' એ પાકિસ્તાનની આર્થિક અને સામાજિક સ્થિતિની પોલ ખોલી દીધી છે. રિપોર્ટ અનુસાર, પાકિસ્તાન વિશ્વના એવા ૧૦ દેશોમાં સામેલ છે જ્યાં ખાદ્ય સંકટ સૌથી ગંભીર છે. દેશના આશરે ૧.૧ કરોડ લોકો હાલમાં તીવ્ર ખાદ્ય અસુરક્ષાનો સામનો કરી રહ્યા છે અને જો તાત્કાલિક પગલાં લેવામાં નહીં આવે તો સ્થિતિ વધુ ભયાનક બની શકે છે. પાકિસ્તાનની કુલ વસ્તીના મોટા હિસ્સાને પેટ ભરવા માટે સંઘર્ષ કરવો પડી રહ્યો છે. જેમાંથી ૯૩ લાખ લોકો તો અત્યંત ગંભીર સ્થિતિમાં છે, જેમને એક ટંકનું ભોજન પણ નસીબ થતું નથી. ૨૦૨૫માં આવેલા વિનાશક પૂરે પાકિસ્તાનના કૃષિ ક્ષેત્રને કમરતોડ ફટકો માર્યો હતો, જેના કારણે ૬૦ લાખ લોકોની આજીવિકા છીનવાઈ ગઈ છે. પાકિસ્તાનના સિંધ, બલુચિસ્તાન અને ખૈબર પખ્તુનવા પ્રાંતોમાં કુપોષણનું પ્રમાણ ચિંતાજનક રીતે વધ્યું છે. સ્વચ્છ પાણીનો અભાવ અને મોંઘવારી (ફુગાવો) ૬% થી પણ ઉપર પહોંચી જવાથી સામાન્ય નાગરિકો માટે રેશન ખરીદવું અશક્ય બન્યું છે.

---

## અમેરિકન સિક્રેટ સર્વિસ સુરક્ષા કોર્ડન હેઠળ ટ્રમ્પ સુરક્ષિત

# ટ્રમ્પ પર જીવલેણ હુમલો, અંધાધૂંધ ગોળીબાર, વોશિંગ્ટન હિલ્ટન હોટેલ ફાયરિંગથી ડીસી ધ્રૂજ્યું

**(એજન્સી) વોશિંગ્ટન ડીસી । તા. 26**

અમેરિકાની રાજધાની વોશિંગ્ટન ડીસી શનિવારની રાત્રે ગોળીઓના ગડગડાટથી ધ્રૂજી ઉઠી હતી. શહેરની પ્રતિષ્ઠિત 'વોશિંગ્ટન હિલ્ટન હોટેલ' માં આયોજિત હાઈ-પ્રોફાઈલ 'કોરસપોન્ડન્ટ ડિનર' દરમિયાન રાત્રે ૮:૪૫ વાગ્યે અજાણ્યા હુમલાખોરો દ્વારા અંધાધૂંધ ગોળીબાર કરવામાં આવ્યો હતો. આ હુમલાનો મુખ્ય ટાર્ગેટ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ હોવાનું મનાઈ રહ્યું છે. જોકે, ત્યાં તૈનાત સિક્રેટ સર્વિસના અત્યંત સતર્ક એજન્ટોએ ક્ષણભરનો પણ વિલંબ કર્યા વગર રાષ્ટ્રપ્રમુખને સુરક્ષા કવચ પૂરું પાડ્યું હતું અને તેમને સુરક્ષિત સ્થળે ખસેડ્યા હતા. આ ઘટનાએ સમગ્ર વિશ્વમાં સનસનાટી મચાવી દીધી છે અને અમેરિકાના ઉચ્ચ સુરક્ષા ગણાતા વિસ્તારો પર સવાલિયા નિશાન ઊભા કર્યા છે.

મળતી માહિતી મુજબ, જ્યારે હોટેલના મુખ્ય હોલમાં કોરસપોન્ડન્ટ ડિનરનો ભવ્ય કાર્યક્રમ ચાલતો હતો, ત્યારે અચાનક ચાર થી છ રાઉન્ડ ગોળીબારનો અવાજ સંભળાયો હતો. આ કાર્યક્રમમાં અંદાજે ૨૬૦૦ જેટલા મહેમાનો હાજર હતા, જેમાં હોલીવુડના કલાકારોથી લઈને દિગ્ગજ રાજકારણીઓનો સમાવેશ થતો હતો. ગોળીબાર થતાની સાથે જ લોકોમાં ગભરાટ ફેલાયો હતો અને મહેમાનો જીવ બચાવવા ટેબલો નીચે છુપાઈ ગયા હતા. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, હોલમાં માત્ર "નીચે ઉતરો, નીચે ઉતરો" ની બૂમો સંભળાતી હતી અને વાતાવરણ અત્યંત ભયાનક બની ગયું હતું.

### સિક્રેટ સર્વિસની અત્યંત ત્વરિત કાર્યવાહી

જેવો ગોળીબારનો અવાજ આવ્યો કે તરત જ અમેરિકન સિક્રેટ સર્વિસ સુરક્ષા એજન્ટોએ મોરચો સંભાળી લીધો હતો. સુરક્ષા અધિકારીઓએ રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ, ફર્સ્ટ લેડી મેલાનિયા ટ્રમ્પ અને ઉપપ્રમુખ જેડી વેન્સને સ્ટેજ પરથી આડશ બનાવીને તાત્કાલિક સુરક્ષિત બંકર અથવા અજ્ઞાત સ્થળે ખસેડ્યા હતા. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આ ઓપરેશન એટલું ઝડપી હતું કે હુમલાખોરને બીજો મોકો મળ્યો જ નહીં. સદનસીબે,



આ ગોળીબારમાં અત્યાર સુધી કોઈ વ્યક્તિને ગંભીર ઈજા પહોંચી હોવાના સત્તાવાર અહેવાલ નથી, પરંતુ માનસિક આઘાતની સ્થિતિ સર્વત્ર જોવા મળી રહી છે.

### હુમલાખોરની ધરપકડ અને ટ્રમ્પનો પડકાર

આ ભયાનક ઘટનાના આશરે એક કલાક બાદ, રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથઆઉટ' પર પોસ્ટ કરીને વિશ્વને પોતાની સુરક્ષા અંગે ખાતરી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, "વોશિંગ્ટન ડીસીમાં આજે ખૂબ જ વ્યસ્ત સાંજ હતી, પરંતુ સિક્રેટ સર્વિસ અને સ્થાનિક પોલીસ એજન્સીઓએ શાનદાર કામ કર્યું છે." ટ્રમ્પે વધુમાં ખુલાસો કર્યો હતો કે એક હુમલાખોરની ઘટનાસ્થળ પરથી ધરપકડ કરવામાં આવી છે. ટ્રમ્પના આ નિવેદન બાદ તેમના સમર્થકોમાં થોડી રાહત જોવા મળી હતી, જોકે સુરક્ષા એજન્સીઓ હજુ પણ હાઈ એલર્ટ પર છે.


### શું છે કોરસપોન્ડન્ટ ડિનર અને તેનું મહત્વ?

વોશિંગ્ટન હિલ્ટન હોટેલ ફાયરિંગ જે કાર્યક્રમમાં થયું તે 'વ્હાઈટ હાઉસ કોરસપોન્ડન્ટ એસોસિયેશન' દ્વારા આયોજિત વાર્ષિક મિજબાની છે. આ કાર્યક્રમમાં અમેરિકાના પ્રેસની સ્વતંત્રતાની ઉજવણી કરવામાં આવે છે અને પત્રકારત્વના ક્ષેત્રમાં શિષ્યવૃત્તિ માટે ભંડોળ એકત્ર કરવામાં આવે છે. આ કાર્યક્રમની ગરિમા અને સુરક્ષા હંમેશા અભેદ્ય ગણાય છે, પરંતુ ટ્રમ્પ પર જીવલેણ હુમલો કરવાની આ કોશિશે પત્રકારો અને રાજનેતાઓ વચ્ચેના આ પરંપરાગત મેળાવડાને રક્તરંજિત કરવાનો પ્રયાસ કર્યો હતો.

---

**અમેરિકા રશિયા તેલ વિવાદ**

# ટ્રમ્પને લોકશાહીમાં નહીં માત્ર ઓઈલમાં રસ



**(એજન્સી) મોસ્કો/વોશિંગ્ટન । તા. 26**

વિશ્વના ભૌગોલિક રાજકારણમાં અત્યારે ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે. રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવે અમેરિકાની વિદેશ નીતિ પર આકરા પ્રહારો કરતા સનસનાટીભર્યો આરોપ લગાવ્યો છે કે અમેરિકાને વિશ્વમાં લોકશાહી સ્થાપિત કરવામાં કોઈ જ રસ નથી, તેનો અસલી ટાર્ગેટ માત્ર અને માત્ર જે-તે દેશોના કુદરતી સંસાધનો અને તેલના ભંડારો છે. એક વિશેષ ઈન્ટરવ્યુમાં લાવરોવે સ્પષ્ટ કર્યું કે અમેરિકા રશિયા તેલ વિવાદ પાછળનું મુખ્ય કારણ વોશિંગ્ટનની એનર્જી માર્કેટ પર એકહથ્થુ શાસન કરવાની મહત્વાકાંક્ષા છે. આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે હોર્મુઝની સામુદ્રધુનીમાં તણાવ ચરમસીમાએ છે અને ચીની કંપનીઓ પરના પ્રતિબંધોને કારણે રશિયા અત્યંત નારાજ છે.સર્ગેઈ લાવરોવે તેમના સંબોધનમાં વેનેઝુએલા અને ઈરાન જેવા દેશોના ઉદાહરણો આપીને અમેરિકાની મેલી મુરાદ ખુલ્લી પાડી હતી. લાવરોવના મતે, આ દેશોમાં ઓઈલનો વિપુલ જથ્થો હોવાથી જ અમેરિકા ત્યાં સતત દખલગીરી કરી રહ્યું છે. તેમણે ગંભીર આરોપ લગાવતા કહ્યું કે, "અમેરિકા પોતાના આર્થિક હિતો માટે કોઈ પણ હદ વટાવી શકે છે. જરૂર પડે તો તે લોકતાંત્રિક સરકારોનો તખ્તાપલટ કરવા, નેતાઓના અપહરણ કરવા કે તેમની હત્યા જેવા અમાનવીય પગલાં ભરતા પણ અચકાતું નથી." અમેરિકા ખુલ્લેઆમ સ્વીકારે છે કે તેને કોઈના ભલાની નહીં, પણ માત્ર પોતાના સ્વાર્થની ચિંતા છે.

---

# લા રીન્કોન્ડા પેરૂ સૌથી ઊંચું શહેર: અડધા ઓક્સિજન પર સોનાની શોધમાં હજારો લોકો

**(એજન્સી) લીમા/નવી દિલ્હી । તા. 26**

દક્ષિણ અમેરિકાના પેરૂ દેશમાં આવેલું 'લા રીન્કોન્ડા' (La Rinconada) વિશ્વનું સૌથી ઊંચાઈએ વસેલું શહેર હોવાનું ગૌરવ ધરાવે છે, પરંતુ આ ગૌરવ સાથે ભયાનક મુશ્કેલીઓ જોડાયેલી છે. સમુદ્ર સપાટીથી આશરે ૫,૧૦૦ મીટર (૧૬,૭૦૦ ફીટ) ની ઊંચાઈએ વસેલા આ શહેરમાં ઓક્સિજનનું પ્રમાણ સામાન્ય કરતા અડધું છે. લા રીન્કોન્ડા પેરૂ સૌથી ઊંચું શહેર એવા લોકોનું ઘર છે જેઓ સોનાની શોધમાં પોતાના સ્વાસ્થ્ય અને જીવનને હોડમાં મૂકે છે.

એન્ડોઝ પર્વતમાળાના ગ્લેશિયર્સ પાસે વસેલા આ શહેરમાં તાપમાન બારેમાસ શૂન્યથી નીચે રહે છે. આટલી ઊંચાઈએ ઓક્સિજનની અત્યંત કમી હોવાને કારણે નવા આવનારા લોકોને 'હાઈ-ઓલ્ટિટ્યુડ સિકનેસ'નો સામનો કરવો પડે છે, જેમાં સતત માથાનો દુખાવો, ઉલ્ટી, ચક્કર અને શ્વાસ લેવામાં તકલીફ જેવી સમસ્યાઓ સર્જાય છે. તેમ છતાં, અહીં ૩૦,૦૦૦ થી ૫૦,૦૦૦ લોકો વસે છે.

આ શહેરના અસ્તિત્વ પાછળનું એકમાત્ર કારણ છે 'સોનું'. અહીંની આર્થિક વ્યવસ્થા અત્યંત અનોખી અને શોષણયુક્ત છે, જે 'કેચોરિયો' (Cachorreo) તરીકે ઓળખાય છે. આ સિસ્ટમ હેઠળ મજૂરોએ ૩૦ દિવસ સુધી કોઈ પણ પગાર વગર ખાણમાં કામ કરવું પડે છે. ૩૧માં દિવસે તેમને પોતાના માટે ખોદકામ કરવાની છૂટ મળે છે. તે દિવસે જે કાંઈ પણ સોનું મળે તે મજૂરનું થાય. આ એક જુગાર જેવી વ્યવસ્થા છે, જ્યાં નસીબદાર માલામાલ થઈ જાય છે, જ્યારે મોટાભાગના લોકો ખાલી હાથે ફરે છે.

દુર્ભાગ્યવશ, આટલી મોટી વસ્તી હોવા છતાં સરકાર તરફથી અહીં કોઈ જ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કે પાયાની સુવિધાઓ પૂરી પાડવામાં આવતી નથી.

---

# વ્લાદિમીર પુતિન એન્ટી-એજીંગ મિશન ૨૦૨૬: 150 વર્ષ જીવાડતી 'મેજિક ડ્રગ' માટે રશિયાનું ગુપ્ત અભિયાન

### રશિયાની નવી દવા કેવી રીતે વૃદ્ધત્વના કોષોને મરતા અટકાવશે?

**(એજન્સી) મોસ્કો । તા. 26**

સદાબહાર યુવાની અને લાંબુ આયુષ્ય એ માનવજાતનું સદીઓ જૂનું સપનું રહ્યું છે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને હવે આ સપનાને હકીકતમાં બદલવા માટે રશિયન વૈજ્ઞાનિકોને મેદાનમાં ઉતાર્યા છે. વ્લાદિમીર પુતિન એન્ટી-એજીંગ મિશન ૨૦૨૬ અંતર્ગત રશિયા એક એવી 'જેનીન થેરાપી' વિકસાવી રહ્યું છે જે મનુષ્યને 150 વર્ષ સુધી જીવંત રાખી શકે છે.

આપણા શરીરમાં જ્યારે શર્કરા (સુગર) અને ચરબીનું પ્રમાણ વધે છે, ત્યારે 'AGEs' (Advanced Glycation End-products) નામના હાનિકારક પદાર્થો ઉત્પન્ન થાય છે. આ પદાર્થો શરીરમાં રહેલા RAGE (Receptor for Advanced Glycation End-products)



નામના રીસેપ્ટરને સક્રિય કરે છે. આ પ્રક્રિયાને કારણે શરીરમાં સોજો (Inflammation) વધે છે અને કોષો ઝડપથી મરવા લાગે છે, જેને આપણે વૃદ્ધત્વ કહીએ છીએ.

રશિયન વૈજ્ઞાનિકો આ RAGE રીસેપ્ટરને જ બ્લોક કરી શકે તેવી દવા પર કામ કરી રહ્યા છે. જો આ રીસેપ્ટર બ્લોક થઈ જાય, તો કોષો પર વૃદ્ધત્વની અસર ધીમી પડી જશે અને મનુષ્ય લાંબા સમય સુધી યુવાન રહી શકશે.

73 વર્ષીય પુતિન પોતાને ફિટ રાખવા માટે જાણીતા છે, પરંતુ આ મિશનને તેમની સત્તા પર લાંબો સમય ટકી રહેવાની ઈચ્છા સાથે જોડવામાં આવે છે. તાજેતરમાં એક AI સમિટમાં પુતિને વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આધુનિક વિજ્ઞાનની મદદથી મનુષ્યનું 150 વર્ષનું આયુષ્ય શક્ય છે. રશિયાના વિજ્ઞાન પ્રધાન ડેનિસ સેકિરિન્સ્કીના મતે, આ વિશ્વની પ્રથમ એવી દવા હશે જે જૈવિક ઘડિયાળને ધીમી પાડવાની ક્ષમતા રાખશે.

આમ જનતા માટે કેટલું ફાયદાકારક?

જોકે, આ સંશોધન હજુ પ્રાયોગિક તબક્કામાં છે, ત્યારે પ્રશ્ન એ ઊભો થાય છે કે શું આ દવા સામાન્ય લોકો સુધી પહોંચશે કે માત્ર શક્તિશાળી નેતાઓ પૂરતી મર્યાદિત રહેશે? અત્યારે તો રશિયા આ ટેકનોલોજીને 'સિક્રેટ મિશન' તરીકે આગળ વધારી રહ્યું છે.

---

**હરાજી** | **મુઘલકાલીન ખગોળીય કમ્પ્યુટર હરાજી માં ૨૫ લાખ પાઉન્ડ મળવાની આશા, સોથબી લંડન ઈસ્લામિક આર્ટ હરાજી નું મુખ્ય કેન્દ્ર બનશે નક્ષત્ર યંત્ર**

# મહારાણી ગાયત્રી દેવી નક્ષત્ર યંત્ર હરાજી લંડનમાં લાખો પાઉન્ડ ઉપજશે

**(એજન્સી) નવી દિલ્હી । તા. 26**

ભારતના ભવ્ય સાંસ્કૃતિક વારસા અને વૈજ્ઞાનિક પ્રગતિના પ્રતીક સમાન એક અતિ દુર્લભ કલાકૃતિ આગામી સપ્તાહે આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચાનું કેન્દ્ર બનવા જઈ રહી છે. જયપુરના મહારાણી ગાયત્રી દેવીના અંગત સંગ્રહનો હિસ્સો રહી ચૂકેલા ૧૭મી સદીના ઐતિહાસિક કાંસાના નક્ષત્ર યંત્રની લંડનમાં વિશ્વવિખ્યાત હરાજી ઘર 'સોથબી' દ્વારા લીલામી કરવામાં આવશે. આ યંત્રને તે સમયનું 'ખગોળીય કમ્પ્યુટર' માનવામાં આવે છે, જે મુઘલકાલીન કારીગરી અને ખગોળશાસ્ત્રના જ્ઞાનનું અદભુત મિશ્રણ છે. આ હરાજીમાં આ ઐતિહાસિક ધરોહરના અંદાજે ૧૫ થી ૨૫ લાખ પાઉન્ડ (અંદાજે ૨૫ કરોડ રૂપિયાથી વધુ) ઉપજવાની આશા સેવાઈ રહી છે.

ઐતિહાસિક વિગતો મુજબ, આ નક્ષત્ર યંત્રનું નિર્માણ વર્ષ ૧૬૧૨માં મુઘલ બાદશાહ જહાંગીરના શાસનકાળ દરમિયાન લાહોરમાં કરવામાં આવ્યું હતું. આ જટિલ સાધન લાહોરના વહીવટકર્તા અકા અફઝલના હોદ્દાને શોભાવતું હતું. પાછળથી આ યંત્ર જયપુરના મહારાજા સવાઈ માનસિંહ બીજા અને તેમના પત્ની રાજમાતા ગાયત્રી દેવીના કલેક્શનમાં સ્થાન પામ્યું હતું. લાહોર સ્કૂલ નામની જાણીતી ખગોળ લેબમાં જન્મેલી આ કલા એક જ પરિવારના સભ્યો પાસે પેઢી દર પેઢી જળવાયેલી હતી.



કઈમ મુહમ્મદ અને મુહમ્મદ મુકીમ નામના બે ભાઈઓએ સાથે મળીને બનાવેલું આ એકમાત્ર જાણીતું નક્ષત્ર યંત્ર છે, જે તેને અત્યંત દુર્લભ બનાવે છે.

આ પ્રાચીન ઉપકરણની કારીગરી જોઈને આધુનિક એન્જિનિયરો પણ આશ્ચર્યચકિત થઈ જાય તેમ છે. આ નક્ષત્ર યંત્રમાં નીચે મુજબની વિશેષતાઓ રહેલી છે:

ચોકસાઈભર્યું અંકન: યંત્ર પર ૯૪ શહેરોના અક્ષાંશ અને રેખાંશ અત્યંત બારીકાઈથી અંકિત કરવામાં આવ્યા છે.

ડિઝાઈન: ફૂલની વેલની જેમ જોડાયેલા ૩૮ સ્ટાર પોઈન્ટર અને પાંચ અત્યંત ઝીણી ડિગ્રીઓ ધરાવતી પ્લેટો તેની સુંદરતામાં વધારો કરે છે.

ભાષાકીય સંગમ: તારાઓના નામ પર્શિયન અને સંસ્કૃત (દેવનાગરી લિપિ) એમ બંને ભાષામાં લખાયેલા છે, જે તે સમયની સાંસ્કૃતિક એકતા દર્શાવે છે.

સ્થળોનું નિરૂપણ: તેમાં મક્કા, અજમેર, બીજાપુર, કાશ્મીર અને લાહોર જેવા મહત્વના શહેરોની ભૌગોલિક સ્થિતિ દર્શાવવામાં આવી છે.

### બહુવિધ ઉપયોગો ધરાવતું પ્રાચીન સાધન

આ કાંસાના નક્ષત્ર યંત્રનો ઉપયોગ માત્ર શોભા માટે નહીં, પરંતુ ગહન વૈજ્ઞાનિક ગણતરીઓ માટે થતો હતો. તેનો ઉપયોગ ચોકસાઈપૂર્વક સમય જાણવા, તારાઓના નકશા સમજવા, સૂર્યની ચોક્કસ સ્થિતિની ગણતરી કરવા અને મુસાફરી દરમિયાન દિશા શોધવા માટે કરવામાં આવતો હતો. ઈસ્લામિક આર્ટના નિષ્ણાતોના મતે, મક્કાની દિશા શોધવા માટે પણ આ યંત્ર અત્યંત ઉપયોગી સાબિત થતું હતું.

### વારસાનું જતન અને આંતરરાષ્ટ્રીય બજાર

મીડિયા અહેવાલ મુજબ, આ નક્ષત્ર યંત્ર અગાઉ પ્રાઈવેટ કલેક્શનનો હિસ્સો હતું અને હવે તે જાહેર હરાજીમાં આવી રહ્યું છે. ઈરાકના નેશનલ મ્યુઝિયમમાં આ જ પ્રકારનું બીજું યંત્ર સચવાયેલું છે, પરંતુ ગાયત્રી દેવીના સંગ્રહનું આ યંત્ર તેની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ અને રાજવી પરિવાર સાથેના જોડાણને કારણે વધુ મૂલ્યવાન માનવામાં આવે છે. ભારતની આ પ્રાચીન વૈજ્ઞાનિક ધરોહર જ્યારે લંડનમાં હરાજી માટે મુકાશે, ત્યારે તે ભારતના ગૌરવશાળી ભૂતકાળની ગાથા વિશ્વ સમક્ષ ફરી એકવાર રજૂ કરશે.

## મન કી બાતનો 133મો એપિસોડ

# મોદીએ કહ્યું- વસ્તીગણતરી દુનિયાનું સૌથી મોટું અભિયાન, અત્યાર સુધીમાં 1 કરોડ 20 લાખ ઘરોનું લિસ્ટિંગ થયું

નવી દિલ્હી : પીએમ મોદીએ રવિવારે પ્રસારિત 'મન કી બાત'ના 133મા એપિસોડમાં વસ્તી ગણતરીનો ઉલ્લેખ કર્યો. પીએમએ કહ્યું- આપણા દેશમાં આ સમયે એક ખૂબ જ મહત્વપૂર્ણ અભિયાન ચાલી રહ્યું છે, જેના વિશે દરેક ભારતીયને જાણકારી હોવી જરૂરી છે.

આ છે વસ્તી ગણતરીનું અભિયાન, આ દુનિયાની સૌથી મોટી વસ્તી ગણતરી છે. જે સાથીઓ પહેલાથી આ પ્રકારની પ્રક્રિયામાંથી પસાર થયા છે, આ વખતે વસ્તી ગણતરીનો તેમનો અનુભવ, અલગ થવાનો છે.

પીએમએ કહ્યું- જે રાજ્યોમાં સ્વ-ગણતરીનું કામ પૂરું થઈ ગયું છે, ત્યાં ઘરોની લિસ્ટિંગનું કામ ચાલુ છે. અત્યાર સુધીમાં લગભગ 1 કરોડ 20 લાખ પરિવારોના મકાનોની લિસ્ટિંગનું કામ પૂરું પણ થઈ ચૂક્યું છે.

**વસ્તી ગણતરીમાં તમારી ભાગીદારી સરળ બનાવવામાં આવી છે:** તમે પોતે પણ તમારી માહિતી ભરી શકો છો. કર્મચારીના આવવાના 15 દિવસ પહેલા તમારા માટે સુવિધા શરૂ થશે. તમે તમારા સમય અનુસાર માહિતી ભરી શકો છો. જ્યારે તમે પ્રક્રિયા પૂર્ણ કરો છો, ત્યારે તમને એક વિશેષ ID મળે છે. આ ID તમારા મોબાઈલ અથવા ઈમેઈલ પર આવે છે. પછીથી જ્યારે કર્મચારી તમારા ઘરે આવે છે, ત્યારે તમે આ જ ID બતાવીને માહિતીની પુષ્ટિ કરી શકો છો. આનાથી ફરીથી માહિતી આપવાની જરૂર પડતી નથી.

**બુદ્ધનો સંદેશ આજે પણ મહત્વનો:** આજે પણ મે મહિનાની શરૂઆત એક પવિત્ર અવસર સાથે થવા જઈ રહી છે. થોડા જ દિવસોમાં આપણે બુદ્ધ પૂર્ણિમા ઉજવીશું. હું આપ સૌ દેશવાસીઓને અગાઉથી મારી શુભેચ્છાઓ પાઠવું છું. ભગવાન ગૌતમ બુદ્ધનો જીવન સંદેશ આજે પણ એટલો જ પ્રાસંગિક છે. તેમણે આપણને શીખવ્યું છે કે શાંતિ આપણા અંદરથી શરૂ થાય છે, તેમણે જણાવ્યું છે કે સ્વયં પર વિજય સૌથી મોટો વિજય હોય છે.

**પર્યાવરણ સંરક્ષણના ભવ્ય પ્રતીકો:** કચ્છના રણમાં વરસાદ પૂરો થતાં જ અહીંની ધરતી જીવંત બની જાય છે. દર વર્ષે લાખો ફ્લેમિંગો અહીં આવે છે. આખો વિસ્તાર ગુલાબી રંગથી રંગાઈ જાય છે, તેથી તેને 'ફ્લેમિંગો સિટી' કહેવામાં આવે છે. આ પક્ષીઓ અહીં જ માળા બનાવે છે અને પોતાના બચ્ચાઓને મોટા કરે છે. કચ્છના લોકો તેમને 'લાખાજીના જાનૈયા' કહે છે. હવે લાખાજીના આ જાનૈયા કચ્છમાં પર્યાવરણ સંરક્ષણના ખૂબ સુંદર પ્રતીકો બની ગયા છે.

**વિન્ડ એનર્જીમાં ભારત ઝડપથી આગળ વધી રહ્યું છે:** આજે પવન-શક્તિ ભારતના વિકાસની નવી કહાની લખી રહી છે. ભારતે હાલમાં પવન-ઊર્જા એટલે કે વિન્ડ એનર્જીમાં મોટી સિદ્ધિ મેળવી છે. હવે ભારતની વિન્ડ એનર્જી જનરેશન કેપેસિટી 56 ગીગાવોટથી વધુ થઈ ગઈ છે. છેલ્લા એક વર્ષમાં જ લગભગ 6 ગીગાવોટ નવી ક્ષમતા જોડાઈ છે. વિન્ડ એનર્જીમાં ભારત ઝડપથી આગળ વધી રહ્યું છે અને દુનિયા પણ આપણી તરફ જોઈ રહી છે.

**ભારતના વિકાસ માટે પવન ઊર્જા જરૂરી:** ગુજરાત, તમિલનાડુ, મહારાષ્ટ્ર, રાજસ્થાન જેવા દેશના અનેક રાજ્યો આ ક્ષેત્રમાં પોતાનો ઝંડો લહેરાવી રહ્યા છે. ગુજરાતના કચ્છ, પાટણ, બનાસકાંઠા જેવા વિસ્તારો જ્યાં પહેલા માત્ર રણ દેખાતું હતું. આજે ત્યાં મોટા રિન્યુએબલ એનર્જી પાર્ક બની રહ્યા છે. આનો લાભ યુવાનોને મળી રહ્યો છે, નવી તકો ઊભી થઈ રહી છે, નવી સ્કિલ્સ વિકસિત થઈ રહી છે, રોજગારના નવા રસ્તાઓ ખુલી રહ્યા છે. સાથીઓ, ભારતના વિકાસ માટે સૌર અને પવન ઊર્જા જરૂરી છે.

**સમગ્ર નોર્થઈસ્ટમાં વાંસ સેક્ટર વિકસી રહ્યું છે:** અંગ્રેજો દ્વારા બનાવેલા કાયદા મુજબ વાંસને વૃક્ષ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવ્યો હતો અને તેનાથી સંબંધિત નિયમો ખૂબ કડક હતા. ક્યાંય પણ વાંસને લઈ જવું ખૂબ મુશ્કેલ હતું. આવી સ્થિતિમાં અહીંના લોકો વાંસ સંબંધિત કામધંધાથી દૂર થતા ગયા. સાથીઓ, વર્ષ 2017માં કાયદામાં ફેરફાર કરીને અમે વાંસને વૃક્ષની શ્રેણીમાંથી બહાર કર્યો. જેના પરિણામો બધાની સામે છે. આજે સમગ્ર નોર્થઈસ્ટમાં વાંસ સેક્ટર વિકસી રહ્યું છે.

## યુપીનું બાંદા દેશમાં સૌથી ગરમ, પારો 47.4°C પહોંચ્યો

# રાજસ્થાન-મહારાષ્ટ્ર સહિત 4 રાજ્યોમાં પારો 45°C ને પાર, 10 રાજ્યોમાં હીટવેવનું એલર્ટ



ભોપાલ : દેશમાં ભીષણ ગરમીની અસર તેજ બની ગઈ છે. ગરમી વધવાની સાથે દેશમાં વીજળીની માગ 252.07 ગીગાવોટ સુધી પહોંચી ગઈ, જે અત્યાર સુધીની સૌથી વધુ છે. આ પહેલા મે 2024માં 250 GWનો રેકોર્ડ બન્યો હતો. હવામાન વિભાગે ઉત્તર-પશ્ચિમ ભારતના 10 રાજ્યોમાં હીટવેવ અને વોર્મ નાઈટનું એલર્ટ જાહેર કર્યું છે.

ઉત્તર પ્રદેશનું બાંદા શનિવારે દેશનું સૌથી ગરમ શહેર રહ્યું. અહીં તાપમાન 47.4 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું. પ્રયાગરાજમાં તાપમાન 45.5C, વારાણસીમાં 45C અને ઝાંસીમાં 44.8C રહ્યું.

જ્યારે દિલ્હીમાં આ સિઝનનું સૌથી વધુ તાપમાન 42.8C નોંધાયું. મધ્ય પ્રદેશના ઈન્દોર અને ગ્વાલિયર જિલ્લામાં આંગણવાડી કેન્દ્રો અને 8મા ધોરણ સુધીની તમામ શાળાઓ 27 થી 30 એપ્રિલ સુધી બંધ રહેશે.

રાજસ્થાનના બાડમેરમાં 45.7C તાપમાન નોંધાયું. જ્યારે પંજાબના ફરીદકોટમાં 45.2C અને હરિયાણાના રોહતકમાં 44.6C તાપમાન રેકોર્ડ કરવામાં આવ્યું. મહારાષ્ટ્રના અકોલા, અમરાવતીમાં તાપમાન 45.6C અને વર્ધામાં 45.5C નોંધાયું.

હિમાચલ પ્રદેશના ઉનામાં તાપમાન 42.2C રહ્યું, જોકે 27 એપ્રિલથી વરસાદનું અનુમાન છે. કેરળ અને આંધ્ર પ્રદેશમાં પણ તાપમાન 40C ની આસપાસ જળવાઈ રહ્યું છે અને હીટવેવ જેવી સ્થિતિ પ્રવર્તી રહી છે.

## NFR RPF એ ₹29 લાખથી વધુ કિંમતનો ગાંજો જપ્ત કર્યો તસ્કરી પર કડક કાર્યવાહી વધુ તીવ્ર



માલીગાંવ : રેલ્વે દ્વારા પ્રતિબંધિત પદાર્થોના પરિવહન સામે સતત ઝુંબેશ ચાલુ રાખતા, નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વે (NFR) ના રેલ્વે પ્રોટેક્શન ફોર્સ (RPF) એ તેના અધિકારક્ષેત્રમાં ગાંજાની દાણચોરીને રોકવામાં નોંધપાત્ર સફળતા મેળવી છે. 20 એપ્રિલથી 22 એપ્રિલ, 2026 દરમિયાન હાથ ધરવામાં આવેલી સઘન તપાસ અને કામગીરી દરમિયાન, RPF ટીમોએ NFR ઝોનના વિવિધ રેલ્વે સ્ટેશનો પરથી આશરે 60 કિલોગ્રામ ગાંજો જપ્ત કર્યો, જેની કિંમત 29 લાખથી વધુ છે. વધુમાં, ગાંજાના ગેરકાયદેસર પરિવહનમાં સામેલ ત્રણ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી હતી અને વધુ જરૂરી કાર્યવાહી માટે સંબંધિત GRP ચોકીઓને સોંપવામાં આવી હતી.20 એપ્રિલ, 2026 ના રોજ, ન્યૂ જલપાઈગુડી રેલ્વે સ્ટેશન પર RPF કર્મચારીઓએ નિયમિત શોધ અને કામગીરી દરમિયાન બે અલગ અલગ ઘટનાઓમાં મોટી માત્રામાં બિનદાવાપાત્ર ગાંજો જપ્ત કર્યો હતો. પ્રથમ કિસ્સામાં, આશરે 18 કિલોગ્રામ ગાંજો - જેની કિંમત લગભગ 9 લાખ છે - જપ્ત કરવામાં આવી હતી; જ્યારે બીજા કિસ્સામાં, આશરે 13.80 કિલોગ્રામ ગાંજો - જેની અંદાજિત કિંમત 6.90 લાખ છે - જપ્ત કરવામાં આવી હતી. બંને કિસ્સાઓમાં, જપ્ત કરાયેલા માદક દ્રવ્યો જપ્ત કરવામાં આવ્યા હતા અને આગળની કાર્યવાહી માટે GRP આઉટપોસ્ટ, ન્યુ જલપાઈગુડીને સોંપવામાં આવ્યા હતા.21 એપ્રિલ, 2026 ના રોજ હાથ ધરવામાં આવેલા અન્ય એક મોટા ઓપરેશનમાં, GRP સાથે સંકલનમાં કામ કરતી અગરતલા ખાતેની RPF ટીમે અગરતલા રેલ્વે સ્ટેશન પર બે વ્યક્તિઓને પકડી પાડ્યા હતા અને તેમના કબજામાંથી આશરે 21.48 કિલોગ્રામ ગાંજો જપ્ત કર્યો હતો, જેની અંદાજિત કિંમત 10.74 લાખ છે. પકડાયેલા વ્યક્તિઓ, જપ્ત કરાયેલા ગાંજો સાથે, વધુ જરૂરી કાનૂની કાર્યવાહી માટે GRP/અગરતલા આઉટપોસ્ટને સોંપવામાં આવ્યા હતા.

# બંગાળમાં ભાજપના રોડ-શોમાં TMC કાર્યકરો ઘૂસ્યા, ઝપાઝપી

## કોલકાતામાં બીજા તબક્કાના મતદાન પહેલાં સુરક્ષા દળોનું ફ્લેગ માર્ચ



કોલકાતા : પશ્ચિમ બંગાળમાં બીજા તબક્કાનું મતદાન 29 એપ્રિલે થશે. તે પહેલા કોલકાતામાં સુરક્ષા દળોએ ફ્લેગમાર્ચ કરી હતી. બીજી તરફ રવિવારે ભાજપના સાંસદ રવિ કિશને હાવડામાં ભાજપના ઉમેદવાર ઉમેશ રાયના સમર્થનમાં રોડ શો કર્યો. આ દરમિયાન કેટલાક ટીએમસી સમર્થકો રોડ શોમાં ઘૂસી ગયા. ભાજપના સમર્થકો સાથે બોલાચાલી થઈ, જોકે રવિ કિશને ગાડીમાંથી જાહેરાત કરી કે કોઈ લડાઈ નહીં કરે. બધા લોકો આગળ વધે. પીએમ મોદી આજે બનગાંવ અને આરામબાગમાં જનસભા કરશે. તે પછી સાંજે 5:30 વાગ્યે કોલકાતામાં તેમનો રોડ શો છે. પીએમ મતુઆ સમુદાય સાથે જોડાયેલા મંદિરની પણ મુલાકાત લેશે. આ મંદિર સંપ્રદાયના સ્થાપકો- હરિચંદ અને ગુરુચંદ ઠાકુરનું પવિત્ર સ્થળ છે. પીએમ મોદી રવિવારે પશ્ચિમ બંગાળના બનગાંવ અને આરામબાગમાં જનસભા કરશે. ત્યારબાદ સાંજે 5:30 વાગ્યે કોલકાતામાં તેમનો રોડ શો છે. હૂગલીમાં શનિવારે મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું કે ભાજપ મારા ચૂંટણી ક્ષેત્રમાં બસોમાં બહારના લોકોને લઈને આવી. મેં તેમને મીઠાઈ ખવડાવી. વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ શનિવારે હૂગલીમાં રેલી કરી. તેમણે કહ્યું- મારા પર 36 કેસ છે કારણ કે હું ભાજપ સામે લડતો રહું છું. પરંતુ મમતાજી સાથે આવું કેમ ન થયું? કારણ કે મમતા બંગાળમાં ભાજપનો રસ્તો ખોલી રહ્યા છે. હાવડામાં જનસભા દરમિયાન અમિત શાહે કહ્યું કે બંગાળની જનતા જાણે છે કે 4 લગ્ન કોણ કરે છે. 4 મેના રોજ અમારી સરકાર બનશે અને ત્યારબાદ અમે UCC લાવીશું. જ્યારે, આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાએ કોલકાતામાં પ્રેસ કોન્ફરન્સ કરીને કહ્યું કે અમે બંગાળમાં ડબલ સેન્ચુરી બનાવીશું.

# દિલ્હી-ઈન્દોર એર ઈન્ડિયાની ફ્લાઈટમાં ટેકનિકલ ખામી

નવી દિલ્હી : દિલ્હીથી ઈન્દોર જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ AI-2515 ને ટેકનિકલ ખામીના કારણે રનવે પરથી પાછી ટર્મિનલ પર લાવવી પડી. રનવે પર ઉભેલી ફ્લાઈટની અંદર એર કન્ડિશનિંગ (AC) બંધ કરી દેવામાં આવ્યું. ભીષણ ગરમી અને બંધ કેબિનમાં કલાકો સુધી ફસાયેલા રહેવાથી મુસાફરોની તબિયત બગડવા લાગી. મુસાફરો રિફંડની માગને લઈને દિલ્હી એરપોર્ટ પર સૂત્રોચ્ચાર કરી રહ્યા છે. ફ્લાઈટ દરરોજ બપોરે 12:10 વાગ્યે દિલ્હીથી ઉડાન ભરે છે. 1:45 વાગ્યે ઈન્દોર પહોંચે છે. ટેકનિકલ સમસ્યાના કારણે વિલંબ થયો. તેના સાંજે 5 વાગ્યા સુધીમાં ઈન્દોર પહોંચવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી હતી, પરંતુ એર ઈન્ડિયાએ ફ્લાઈટ રદ કરી દીધી છે.

ઘટનાક્રમની શરૂઆત દિલ્હી એરપોર્ટ પર ગેટ બદલવાથી થઈ. બોર્ડિંગ પહેલાં બે વાર ગેટ બદલવામાં આવ્યો, જેના કારણે અફરાતફરી રહી. વિમાનમાં બેસાડ્યા પછી ટેકનિકલ ક્લિયરન્સ ન મળવાને કારણે ફ્લાઈટને લાંબા સમય સુધી રનવે પર ઉભી રાખવામાં આવી.

મુસાફરોનું કહેવું છે કે વિલંબ અંગે કોઈ સ્પષ્ટ માહિતી આપવામાં આવી ન હતી અને ક્રૂ તરફથી પણ સંતોષકારક જવાબો મળ્યા ન હતા. સ્થિતિ લાંબા સમય સુધી યથાવત રહી, ત્યારબાદ વિમાનને પાછું ટર્મિનલ પર લાવવામાં આવ્યું.

એરપોર્ટ પર ઉતરતા જ મુસાફરોએ એર ઈન્ડિયા વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા અને વિરોધ પ્રદર્શન કર્યું. મુસાફરોએ એરલાઈન પર સુરક્ષા સાથે ચેડા કરવા અને બેજવાબદાર વર્તનનો આરોપ લગાવ્યો. ઘણા મુસાફરો વૈકલ્પિક વ્યવસ્થા અથવા રિફંડની માગ સાથે એરપોર્ટ પર અડગ છે.

શાલિન જૈન નામના મુસાફરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એર ઈન્ડિયાને ટેગ કરીને લખ્યું- એર ઈન્ડિયાની બેદરકારી દિવસેને દિવસે નવી ઊંચાઈઓ પર પહોંચી રહી છે. AI-2516 ઈન્દોર-દિલ્હી ફ્લાઈટ, જે બપોરે 2:15 વાગ્યે નિર્ધારિત હતી, દર 30 મિનિટે સમય બદલતા હવે સાંજે 6 વાગ્યે જણાવવામાં આવી રહી છે. શું આ ફ્લાઈટ આજે રવાના થશે? @astro_moon_6 નામના યુઝરે @airindia ને ટેગ કરીને લખ્યું કે ફ્લાઈટ 2 કલાક મોડી પડી અને હવે રદ કરવામાં આવી છે.

# ભારત-ન્યુઝીલેન્ડ FTA: ખેડૂતો, યુવાનો, નોકરીઓ અને વિકાસ માટે મહિલાઓના નેતૃત્વમાં એક સીમાચિહ્નરૂપ કરાર

સોમવારે હસ્તાક્ષર થનારા ભારત-ન્યુઝીલેન્ડ મુક્ત વેપાર કરાર (FTA) એ વિકસિત વિશ્વ સાથે ભારતના જોડાણમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. તે ખેડૂતો, મહિલાઓ, યુવાનો અને રોજગાર સર્જન કરતા ઉદ્યોગો માટે વૈશ્વિક આર્થિક ભાગીદારીને મૂર્ત લાભોમાં પરિવર્તિત કરવાના વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનમાં નિર્ણાયક પ્રગતિને પ્રતિબિંબિત કરે છે.આ FTA યુનાઈટેડ કિંગડમ અને યુરોપિયન યુનિયન સહિત મુખ્ય વિકસિત અર્થતંત્રો સાથે અનેક સીમાચિહ્નરૂપ વેપાર કરારોને અનુસરે છે. આ કરારો વૈશ્વિક બજારોમાં ભારતની સ્થિતિને મજબૂત બનાવે છે અને વર્તમાન વૈશ્વિક અનિશ્ચિતતા અને ઉથલપાથલ વચ્ચે પણ વિશ્વના કેટલાક સૌથી નફાકારક અર્થતંત્રોમાં નિકાસકારોને સ્પર્ધાત્મક બઢત પ્રદાન કરે છે. નિકાસ અને રોજગારમાં મજબૂત વધારો : આ પરસ્પર ફાયદાકારક કરારના કેન્દ્રમાં ન્યુઝીલેન્ડની તમામ ભારતીય ઉત્પાદનો પરના ટેરિફ તાત્કાલિક દૂર કરવાની પ્રતિબદ્ધતા છે, જે બજારમાં એક મહત્વપૂર્ણ અવરોધ દૂર કરે છે જ્યાં આપણી મુખ્ય નિકાસ હાલમાં 10% ડ્યુટીનો સામનો કરે છે.

આ કાપડ, કાર્પેટ, યાર્ન, કપડાં, ફૂટવેર, બેગ, બેલ્ટ, ઓટો પાર્ટ્સ, મશીનરી, સાધનો, રત્નો અને ઘરેણાં અને હસ્તકલા જેવા શ્રમ-સઘન ક્ષેત્રોને મોટો પ્રોત્સાહન આપે છે. આ રોજગાર ઉત્પન્ન કરતા ઉદ્યોગો ભારતના MSME ઈકોસિસ્ટમની કરોડરજ્જુ બનાવે છે અને ભાવ સ્પર્ધાત્મકતા અને બજાર ઍક્સેસથી લાભ મેળવશે. આ નિકાસને વેગ આપશે અને ઉત્પાદન કેન્દ્રો, કારીગર સમુદાયો અને નાના ઉદ્યોગોમાં મોટા પાયે રોજગાર સર્જનને વેગ આપશે. આ કરાર 2014માં મોદી સરકારની રચના પછી ભારતની વેપાર નીતિને માર્ગદર્શન આપતી વ્યાપક ફિલસૂફીને પ્રતિબિંબિત કરે છે. તે સમાવેશ, સશક્તિકરણ અને સહિયારી સમૃદ્ધિમાં મૂળ ધરાવે છે. વેપારને રાષ્ટ્રીય પરિવર્તન માટેના સાધન તરીકે જોવામાં આવે છે, જેનાથી ખેડૂતો, કામદારો, મહિલાઓ, યુવાનો અને વંચિત સમુદાયોને ફાયદો થાય છે.નારી શક્તિ : આ કરારની મુખ્ય વિશેષતા એ છે કે તે ભારતનો પ્રથમ મહિલા-નેતૃત્વ હેઠળનો FTA છે. વાટાઘાટ ટીમના લગભગ તમામ સભ્યો મહિલાઓ હતા, જેમાં મુખ્ય વાટાઘાટકાર, નાયબ મુખ્ય વાટાઘાટકાર, પ્રાદેશિક વડા અને ન્યુઝીલેન્ડમાં ભારતના રાજદૂતનો સમાવેશ થાય છે. આ સિદ્ધિ મોદી સરકારમાં મહિલાઓના વધતા મહત્વને પ્રતિબિંબિત કરે છે. તે વિવિધ ક્ષેત્રોમાં શાસન, નેતૃત્વ અને નિર્ણય લેવામાં મહિલાઓની ભાગીદારી વધારવાના વ્યાપક પ્રયાસો સાથે સુસંગત છે અને રાષ્ટ્રીય વિકાસના ચાલક તરીકે મહિલા શક્તિના વિચારને મજબૂત બનાવે છે.ખેડૂત પ્રથમ : FTAનું માળખું કૃષિ ઉત્પાદકતા વધારવા માટે કાળજીપૂર્વક ડિઝાઈન કરવામાં આવ્યું છે. ન્યુઝીલેન્ડ કિવિ, સફરજન અને મધ માટે કૃષિ ઉત્પાદકતા કાર્ય યોજનાઓને સમર્થન આપશે. આ પહેલોમાં સુધારેલ બીજ સામગ્રી, સંશોધન સહયોગ, ખેડૂતો માટે ક્ષમતા નિર્માણ, બાગાયતી વ્યવસ્થાપન પદ્ધતિઓ, લણણી પછીના સુધારાઓ, ખાદ્ય સુરક્ષા પ્રણાલીઓ અને શ્રેષ્ઠતા કેન્દ્રોની સ્થાપનાનો સમાવેશ થાય છે. સફરજન ઉગાડનારાઓ માટેના પ્રોજેક્ટ્સ અને ટકાઉ મધમાખી ઉછેર પદ્ધતિઓ ઉત્પાદન અને ગુણવત્તાના ધોરણોને વધારશે, જેનાથી કૃષિ સમૃદ્ધિમાં વધારો થશે.આ સાથે જ ભારતે તેના



\- પીયૂષ ગોયલ
વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી, કેન્દ્ર સરકાર

મુખ્ય કૃષિ હિતોનું મજબૂત રીતે રક્ષણ કર્યું છે. ડેરી ઉત્પાદનો (જેમ કે દૂધ, ક્રીમ, છાશ, દહીં અને ચીઝ); ડુંગળી, ચણા, વટાણા, મકાઈ, બદામ, ખાંડ અને ખાસ તેલ અને વસા જેવી સંવેદનશીલ ચીજવસ્તુઓને ડ્યુટી મુક્તિમાંથી બાકાત રાખવામાં આવી છે. કરાર ખાતરી કરે છે કે સ્થાનિક ખેડૂતો હાનિકારક આયાત સ્પર્ધાથી સુરક્ષિત રહે છે. તમામ વેપાર વાટાઘાટોમાં ખેડૂતો અને માછીમારોના હિતોનું રક્ષણ ભારતના અભિગમનું કેન્દ્ર રહ્યું છે.યુવાનો અને વ્યાવસાયિકો : આ કરારનો મુખ્ય આધારસ્તંભ વિદ્યાર્થીઓ અને કુશળ વ્યાવસાયિકો માટે ગતિશીલતામાં વધારો છે, જે ભારતના યુવાનો માટે નવા વૈશ્વિક માર્ગો બનાવે છે. કોઈ પણ દ્વિપક્ષીય વેપાર કરારમાં પ્રથમ વખત, ન્યુઝીલેન્ડે ભારતીય વિદ્યાર્થીઓની ગતિશીલતા અને અભ્યાસ પછીની કાર્ય તકો માટે એક સુચારુ માળખું રજૂ કર્યું છે. ભારતીય વિદ્યાર્થીઓ પર કોઈ સંખ્યાત્મક મર્યાદા નથી. વિદ્યાર્થીઓને તેમના અભ્યાસ દરમિયાન અઠવાડિયામાં ઓછામાં ઓછા 20 કલાક કામ કરવાની મંજૂરી આપવામાં આવશે, જ્યારે અભ્યાસ પછીના કાર્ય અધિકારો - STEM સ્નાતકો માટે ત્રણ વર્ષ સુધી અને ડોક્ટરલ ડિગ્રી વિદ્વાનો માટે ચાર વર્ષ સુધી લંબાવવામાં આવ્યા છે. આ કરાર 5,000 ભારતીય વ્યાવસાયિકો માટે કોઈપણ સમયે અસ્થાયી રોજગાર પ્રવેશ વિઝા માર્ગ રજૂ કરે છે, જે IT, એન્જિનિયરિંગ, સ્વાસ્થ્ય સેવા, શિક્ષણ, બાંધકામ અને યોગ, આયુર્વેદ, ભારતીય ભોજન અને સંગીત શિક્ષણ જેવા પસંદગીના પરંપરાગત ક્ષેત્રોમાં ત્રણ વર્ષ સુધી રહેવાની મંજૂરી આપે છે. આ ઉપરાંત, વર્કિંગ હોલિડે વિઝા યોજના 1,000 યુવા ભારતીયોને દર વર્ષે 12 મહિના સુધી ન્યુઝીલેન્ડમાં રહેવા અને કામ કરવાની મંજૂરી આપશે, જે સાંસ્કૃતિક વિનિમય અને વૈશ્વિક અનુભવને મજબૂત બનાવશે. રોકાણ અને નવીનતા : ન્યુઝીલેન્ડ ભારતમાં 20 અબજ ડોલરનું રોકાણ કરવા માટે પ્રતિબદ્ધ છે. આનાથી ઉત્પાદન, માળખાગત સુવિધાઓ, નવીનીકરણીય ઉર્જા, ડિજિટલ સેવાઓ, નવીનતા ઈકોસિસ્ટમ અને રોજગાર સર્જનને ટેકો મળશે તેવી અપેક્ષા છે. જવાબદારી સુનિશ્ચિત કરવા માટે, 'પુનઃસંતુલન કલમ'નો સમાવેશ કરવામાં આવ્યો છે, જે ભારતને રોકાણ પ્રતિબદ્ધતાઓ પૂર્ણ ન થાય તો સુધારાત્મક પગલાં લેવાનો અધિકાર આપે છે. આ કરાર સંશોધન, ટેકનોલોજી ટ્રાન્સફર, કૌશલ્ય વિકાસ અને નવીનતા-આધારિત ક્ષેત્રોમાં સહયોગને પણ પ્રોત્સાહન આપે છે, જે સુનિશ્ચિત કરે છે કે વેપાર લાંબા ગાળાની વિકાસ ભાગીદારીમાં પૂરક ભૂમિકા ભજવે છે. વેપાર વ્યૂહરચના : ભારત-ન્યુઝીલેન્ડ FTA વિકસિત અર્થતંત્રો સાથે ભાગીદારી માટે સ્પષ્ટ અને વિશ્વસનીય વેપાર વ્યૂહરચના દર્શાવે છે જે ભારતના શ્રમ-સઘન ક્ષેત્રો માટે અર્થપૂર્ણ બજાર ઍક્સેસને સરળ બનાવે છે અને સ્થાનિક સંવેદનશીલતાઓનો આદર કરે છે. આજે, ભારત મજબૂતાઈ અને વિશ્વસનીયતાની સ્થિતિથી વાટાઘાટો કરે છે. તેનાથી વિપરીત, અગાઉના દાયકાઓમાં, સંવેદનશીલ ક્ષેત્રો માટે પૂરતા રક્ષણ વિના વેપાર કરારોને ઘણીવાર અંતિમ સ્વરૂપ આપવામાં આવતું હતું. વર્તમાન વાટાઘાટો ખાતરી કરે છે કે કૃષિ, ડેરી અને અન્ય સંવેદનશીલ ક્ષેત્રો સંપૂર્ણપણે સુરક્ષિત છે. જેમ જેમ ભારત વિકસિત અર્થતંત્રો સાથે તેના જોડાણને વધુ ગાઢ બનાવી રહ્યું છે, તેમ તેમ વિકસિત વિશ્વ સાથેના વેપાર કરારો એક શક્તિશાળી ઉદાહરણ પૂરું પાડે છે કે કેવી રીતે વેપાર નીતિને રાષ્ટ્રીય વિકાસ લક્ષ્યો સાથે સંરેખિત કરી શકાય છે, જેમાં સમાવેશી વિકાસ અને વિકસિત ભારત 2047ના વિઝનને પ્રાપ્ત કરવા માટે લાંબા ગાળાની આર્થિક સ્થિતિસ્થાપકતા સુનિશ્ચિત કરી શકાય છે.

# 4 દિવસમાં 1.24 લાખ શ્રદ્ધાળુઓએ કેદારનાથના દર્શન કર્યાં

## ભૈરવનાથના કપાટ ખુલ્યા બાદ ધામમાં સાંજની આરતી શરૂ; બદ્રીનાથમાં 37,884 ભક્તો પહોંચ્યાં

રુદ્રપ્રયાગ : કેદારનાથ ધામના કપાટ ખુલવાની સાથે જ ચારધામ યાત્રાએ ગતિ પકડી લીધી છે. ધામમાં શ્રદ્ધાળુઓની ભારે ભીડ ઉમટી રહી છે. અત્યાર સુધીમાં લગભગ 1 લાખ 24 હજાર 782 શ્રદ્ધાળુઓ બાબા કેદારના દર્શન કરી ચૂક્યા છે, જેનાથી યાત્રાને લઈને ઉત્સાહ સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. યાત્રીઓની સુવિધા અને સુરક્ષા માટે પ્રશાસન દ્વારા વ્યાપક વ્યવસ્થા કરવામાં આવી છે. દર્શનને સુચારુ બનાવવા માટે ટોકન વ્યવસ્થા લાગુ કરવામાં આવી છે, જેનાથી શ્રદ્ધાળુઓને લાંબી રાહ જોયા વિના સરળતાથી દર્શન થઈ રહ્યા છે. ધામમાં રહેવા, ભોજન અને અન્ય આવશ્યક સુવિધાઓની ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી છે. સાથે જ, પ્રસાશને શ્રદ્ધાળુઓને સોશિયલ મીડિયા પર ફેલાઈ રહેલી ભ્રામક ખબરો પર ધ્યાન ન આપવા અપીલ કરી છે. કેદારનાથ ધામમાં સાંયકાલીન આરતીનો શુભારંભ રુદ્રપ્રયાગ જિલ્લા કલેક્ટર વિશાલ મિશ્રાએ કહ્યું કે, 'છેલ્લા 4 દિવસથી યાત્રા સફળતાપૂર્વક ચાલી રહી છે અને તમામ વ્યવસ્થા સંપૂર્ણપણે સુવ્યવસ્થિત છે. શ્રદ્ધાળુઓને કોઈપણ પ્રકારની અસુવિધા ન થાય તે માટે તમામ ટીમો તત્પરતાથી કાર્ય કરી રહી છે. આ સાથે જ ભૈરવનાથજીના કપાટ ખુલવાની સાથે જ આજથી કેદારનાથ ધામમાં સાંયકાલીન આરતીનો શુભારંભ થઈ ગયો છે. જેનાથી શ્રદ્ધાળુઓને એક વધુ આધ્યાત્મિક અનુભવ પ્રાપ્ત થશે.' 'ધામને બદનામ કરવું અત્યંત નિંદનીય' કેદાર સભાના અધ્યક્ષ રાજકુમાર તિવારીએ કહ્યું કે, 'કેદારનાથના કપાટ ખુલ્યાને આજે ચોથો દિવસ છે અને આજે ભગવાન ભૈરવનાથના કપાટ પણ ખુલી ગયા છે. વર્તમાન સમયમાં કેદારનાથ ધામમાં વ્યવસ્થા બિલકુલ ઠીક છે. દરેક શ્રદ્ધાળુને દર્શનનો લાભ મળી રહ્યો છે. કેટલાક અરાજક તત્વો દ્વારા ધામને બદનામ કરવું અત્યંત નિંદનીય છે.' યાત્રીઓ માટે ટોકન વ્યવસ્થા કેદાર સભાના વરિષ્ઠ સભ્ય ઉમેશ ચંદ્ર પોસ્તીએ કહ્યું કે, 'બીકેટીસી અને જિલ્લા પ્રશાસનના નેતૃત્વમાં અત્યાર સુધીમાં લગભગ 1 લાખ 24 હજાર 782 લોકોએ બાબા કેદારના દર્શન કરી લીધા છે.

# મણિપુરમાં પ્રદર્શનકારીઓની પોલીસ સાથે અથડામણ

મણિપુર : મણિપુરમાં કાયમી શાંતિની માગ કરી રહેલા હજારો લોકોની શનિવારે પોલીસ સાથે અથડામણ થઈ હતી. આ બધા CM આવાસ તરફ કૂચ કરવા નીકળ્યા હતા પરંતુ પોલીસે તેમને રોક્યા હતા. પ્રદર્શનકારીઓએ પોલીસ દ્વારા લગાવવામાં આવેલા બેરિકેડ્સ તોડવાનો પ્રયાસ કર્યો હતો. સુરક્ષા દળોએ પ્રદર્શનકારીઓને વિખેરવા માટે આંસુ ગેસના અનેક ગોળા છોડ્યા હતા. પ્રદર્શનકારીઓએ સૂત્રોચ્ચાર કર્યા.

બિષ્ણુપુર જિલ્લામાં તાજેતરમાં થયેલા બોમ્બ વિસ્ફોટમાં માર્યા ગયેલા બે બાળકો માટે ન્યાય અને વંશીય સંઘર્ષથી પ્રભાવિત આંતરિક રીતે વિસ્થાપિત લોકોના પુનર્વસનની માગ કરી. બાદમાં પ્રદર્શનકારીઓના એક જૂથને CM વાય. ખેમચંદ સિંહને મળવાની મંજૂરી આપવામાં આવી. તેમણે આ મામલે એક મેમોરેન્ડમ સુપરત કર્યું. પ્રદર્શનકારીઓએ, મેઈતેઈ સંગઠન COCOMI (કોઓર્ડિનેટિંગ કમિટી ઓન મણિપુર ઈન્ટિગ્રિટી)ના બેનર હેઠળ ચાર અલગ-અલગ રેલીઓ કાઢી હતી, જેને અલગ-અલગ જગ્યાએ રોકવામાં આવી હતી. તેઓ બાબુપાડા વિસ્તારમાં CMના બંગલા તરફ આગળ વધી રહ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું કે CMના આવાસ તરફ જતી ચારેય દિશાઓમાં વધારાના સુરક્ષા દળો તૈનાત કરવામાં આવ્યા અને બેરિકેડ લગાવવામાં આવ્યા. ઈમ્ફાલ પૂર્વ જિલ્લામાં ખુરાઈ લામલોંગમાં CMના બંગલાથી લગભગ 2 કિલોમીટર દૂર પ્રદર્શનકારીઓએ પોલીસ બેરિકેડ તોડવાનો પ્રયાસ કર્યો.

## એરપોર્ટ પર મોંઘીદાટ બ્રાન્ડની પેનનો જથ્થો ઝડપાયો

અમદાવાદ | અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર કસ્ટમ્સ એર ઈન્ટેલિજન્સ યુનિટ (AIU) દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. 26મી એપ્રિલ 2026ના રોજ જાપાનથી આવેલા એક મુસાફર પાસેથી ઉચ્ચ ગુણવત્તાની 61 ડિઝાઈનર ઈંક પેન જપ્ત કરવામાં આવી છે. મુસાફરે આ કિંમતી પેન જાહેર કર્યા વગર કસ્ટમ્સ ડ્યુટી ચૂકવ્યા વિના લઈ જવાનો પ્રયાસ કર્યો હતો. કસ્ટમ્સ વિભાગના જણાવ્યા અનુસાર, પકડાયેલી પેનોની ચોક્કસ કિંમતનું મૂલ્યાંકન હજુ ચાલી રહ્યું છે, પરંતુ પ્રાથમિક અંદાજ મુજબ આ પેનોની કુલ કિંમત આશરે 30 લાખ રૂપિયા હોઈ શકે છે.


# સિટી એક્સપ્રેસ

MONDAY 27 APRIL-2026

AHMEDABAD


## ખેડબ્રહ્મા તાલુકાના સંગ્રામપુરા ગામમાં ત્રિપલ મર્ડરની ઘટના

સાબરકાંઠા | સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના સંગ્રામપુરા ગામમાં ત્રિપલ મર્ડરની ઘટના સામે આવી છે. અહીં એક જ પરિવારના ત્રણ સભ્યોની હત્યા કરવામાં આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. પરિવારના મોભીએ જ કોઈ અગમ્ય કારણોસર પોતાની સગી જનેતા, પત્ની અને માત્ર બે વર્ષના નિર્દોષ પુત્ર પર કુહાડી વડે હુમલો કરી તેમને મોતને ઘાટ ઉતારી દીધા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, સંગ્રામપુરામાં રહેતા એક શખ્સે ઘરમાં રહેલી કુહાડી વડે પોતાની માતા, પત્ની અને પુત્રના માથાના ભાગે જીવલેણ ઘા ઝીંક્યા હતા.

